વર્ષ 2 અંક 07

1-15 ઓક્ટોબર, 2021

નિઃશુલ્ક વિતરણ

# ન્યૂ ઇન્ડિયા સમાચાર



# અર્થતંત્રની અમૃતયાત્રા

ચાલુ નાણાંકીય વર્ષના પ્રથમ ક્વાર્ટરમાં 20 ટકાથી વધુ વૃદ્ધિ સાથે દેશનું અર્થતંત્ર કોવિડકાળનાં ગ્રહણમાંથી બહાર આવી રહ્યું છે

FIT INDIA



# ફિટનેસનો ડોઝ અડધો કલાક રોજ

દરરોજ ફિટ રહેવું ખૂબ સરળ છે, મફત છે અને આજની ભાગતી-દોડતી જીંદગીની સૌથી મહત્વની જરૂરિયાત પણ. આવામાં તમારી પાસે એક વિશ્વાસુ સાથી હોય જે તમને ભોજન, પાણીના ગ્લાસની સંખ્યા, તમારું વજન અને ઊંઘ જેવી મહત્વની જરુરિયાતોનું સારી રીતે મોનિટરીંગ કરી આપે તો તેનાથી ઉત્તમ બીજું શું હોઈ શકે? આ માટે સરકારે ફિટ ઇન્ડિયા એપ લોંચ કરી છે. કેન્દ્રીય રમતગમત અને યુવા બાબતોના મંત્રી અનુરાગ સિંહ ઠાકુરે મેજર ધ્યાનચંદના જન્મદિવસ 29 ઓગસ્ટનાં રોજ આ એપ લોંચ કરી હતી. આ એપ ફિટનેસ અંગે નાગરિકોને જાગૃત કરતી ફિટ ઇન્ડિયા મુવમેન્ટનો હિસ્સો છે, જેની શરૂઆત વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 'ફિટનેસ કા ડોઝ, આધા ઘંટા રોજ' મૂળમંત્ર સાથે કરી હતી.



ફિટ ઇન્ડિયા એપ લોન્ચનો સંપૂર્ણ વિડિયો જોવા માટે ક્યુઆર કોડ સ્કેન કરો




## આવી રીતે ડાઉનલોડ કરો

ખાસિયતો

ફિટ ઇન્ડિયા મોબાઇલ એપ મોબાઇલ દ્વારા ફિટનેસ સ્તરનું મોનિટરીંગ કરવાની સુવિધા આપે છે. તેમાં ફિટનેસ લેવલનો સ્કોર જોઈ શકાય છે, તમે કેટલાં ડગલાં ચાલ્યા, કેટલું ઊંઘ્યા, કેલરીની માત્રા વગેરેને ટ્રેક કરી શકાય છે અને યોગ્ય ભોજન લેવાની પણ સૂચના હોય છે. તેમાં એનિમેટેડ વિડિયો અને વ્યક્તિગત વિશિષ્ટ જરૂરિયાતો પૂરી કરનારી 'માય પ્લાન' જેવી અનોખી વિશેષતાઓ છે. યાદ રાખવા માટે પ્રતિ કલાકના હિસાબે સેટિંગ કરી શકાય છે અને સમયની સાથે ફિટનેસ સ્કોર અને દૈનિક પ્રવૃત્તિમાં થયેલી પ્રગતિની માહિતી પણ મેળવી શકાય છે. લોકો પોતાની ફિટનેસ અને પ્રવૃત્તિઓનો ડેટા બીજી વ્યક્તિઓ સાથે શેર કરી શકે છે, જેથી બીજાંઓને પણ ફિટનેસ માટે અને જીવનશૈલીમાં પરિવર્તન માટે પ્રેરિત કરી શકાય. આ એપ વ્યક્તિઓ, સમૂહો, શાળાઓ અને સંગઠનોના ફિટ ઇન્ડિયા કાર્યક્રમો, સર્ટિફિકેટ પ્રોગ્રામ વગેરેમાં ભાગ લેવા માટેની તક પણ પૂરી પાડે છે. લોકો આ પ્લેટફોર્મનો ઉપયોગ કરીને પોતાની ફિટનેસ-સફળતાની કહાનીઓ શેર કરવા માટે પણ કરી શકે છે.

" ફિટ ઇન્ડિયા મુવમેન્ટે કોરાનાકાળમાં તેની અસર અને પ્રાસંગિકતા સાબિત કરી બતાવી છે. ફિટ રહેવું એટલું મુશ્કેલ કામ નથી, જેટલું કેટલાંક લોકોને લાગે છે. થોડા નિયમોનું પાલન અને મહેનતથી તમે હંમેશા સ્વસ્થ રહી શકો છો. 'ફિટનેસ કા ડોઝ આધા ઘંટા રોઝ' મંત્રમાં તમામનું સ્વાસ્થ્ય છુપાયેલું છે.- નરેન્દ્ર મોદી, વડાપ્રધાન "

ફિટ ઇન્ડિયા એપ ડાઉનલોડ કરવા માટે ક્યુઆર કોડ સ્કેન કરો

વધુ માહિતી માટે https://fitindia.gov.in/ પર ક્લિક કરો

ન્યૂ ઈન્ડિયા
# સમાચાર

વર્ષ: 2 ,અંકઃ 07 | 1-15 ઓક્ટોબર, 2021

સંપાદક
**જયદીપ ભટનાગર,**
મુખ્ય મહાનિદેશક,
પ્રેસ ઈન્ફોર્મેશન બ્યુરો,નવી દિલ્હી

પરામર્શ સંપાદક
**સંતોષકુમાર**

ટીમ
**વિભોર શર્મા, ચંદન કુમાર ચૌધરી, સુમીત કુમાર (અંગ્રેજી), અનિલ પટેલ (ગુજરાતી), કોટેરુ શ્રાવણી (તેલુગુ), નદીમ અહેમદ (ઉર્દુ), સોનિત કુમાર ગોસ્વામી (આસામીઝ), વિનયા પીએસ (મલયાલમ)**

ડિઝાઈન ટીમ
**શ્યામ શંકર તિવારી, રવિન્દ્રકુમાર શર્મા, દિવ્યા તલવાર, અભય ગુપ્તા**

પ્રકાશક અને મુદ્રક
**સત્યેન્દ્ર પ્રકાશ,**
**મુખ્ય મહાનિદેશક, બીઓસી (બ્યૂરો ઓફ આઉટરીચ એન્ડ કમ્યુનિકેશન વતી)**

મુદ્રણઃ **અરાવલિ પ્રિન્ટર્સ એન્ડ પબ્લિશર્સ પ્રાઈવેટ લિમિટેડ, W-30 ઓખલા ઈન્ડસ્ટ્રીયલ એરિયા, ફેઝ-ટુ, નવી દિલ્હી-110020**



**સંદેશાવ્યવહારનું સરનામું અને ઈમેલ**
રૂમ નંબર-278, બ્યૂરો ઓફ આઉટરીચ એન્ડ કમ્યુનિકેશન, સૂચના ભવન, બીજો માળ, નવી દિલ્હી-110003

ઈમેલઃ response-nis@pib.gov.in



RNI No. :
DELGUJ/2020/78810


## અંદરના પાને...

# અર્થતંત્રની અમૃતયાત્રા




**કવર સ્ટોરી** | નાણાંકીય વર્ષ 2021-22નાં પ્રથમ ક્વાર્ટરમાં જીડીપી વિકાસદરના ઐતિહાસિક આંકડા સંકેત આપે છે કે આગામી સમયમાં અર્થતંત્ર વેગ પકડશે પેજ 16-26



**ગાંધીજીના સિધ્ધાંતો માનવતાની રક્ષા માટે માર્ગદર્શક તરીકે કાર્ય કરે છે**
રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની 152મી જન્મજયંતીએ વાંચો વડાપ્રધાને ગાંધીજી અંગે કરેલું સંબોધન પેજ 06-07

**સંરક્ષણ નિકાસના કેન્દ્ર તરીકે ઓળખ બનાવતું ભારત**



ઉત્તરપ્રદેશમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ડિફેન્સ કોરિડોર અને રાજા મહેન્દ્ર પ્રતાપ સિંહ યુનિવર્સિટીની ભેટ પેજ 13-14

**સમાચાર સાર** પેજ 4-5

**સમાજવાદના ઘડવૈયા**
લોકનાયક જેપી અને ડો. રામ મનોહર લોહિયા | પેજ 8-9

**હવે સ્વચ્છતા મિશનમાં આત્મનિર્ભરતા તરફ**
ફ્લેગશીપ યોજના રાષ્ટ્રીય સ્વચ્છતા મિશનના સાત વર્ષ | પેજ 10-12

**સરદાર ધામઃ વિદ્યાર્થીઓનાં શૈક્ષણિક અને વિકાસનો પાયો**
અમદાવાદમાં સરદાર ધામનું ઉદઘાટન | પેજ 15

**હરેકૃષ્ણની જેમ 'મેક ઈન ઈન્ડિયા' પ્રોડક્ટ્સને અપનાવવા આહવાન**
સ્વામી શ્રીલ પ્રભુપાદની 125મી જન્મજયંતીએ વડાપ્રધાનનું સંબોધન | પેજ 27

**સંરક્ષણ, કૃષિ અને ટેક્સટાઈલ ક્ષેત્રમાં આત્મનિર્ભરતા માટે નિર્ણયો**
કેબિનેટના મહત્વના નિર્ણયો | પેજ 28-29

**'સ્પોર્ટ્સ કલ્ચર'ના નવા હીરો**
પેરાલિમ્પિકમાં ભારતીય એથ્લીટ્સની સફળતા દેશ માટે પ્રેરણા | પેજ 30-31

**સ્પોર્ટ્સમાં ભવિષ્ય માટે તૈયાર થઈ રહ્યું છે ભારત**
સ્પોર્ટ્સ કલ્ચર અંગે કેન્દ્રીય રમગમત મંત્રી અનુરાગ ઠાકુરનો લેખ | પેજ 32-33

**રસીકરણ તમારા પરિવારનું સુરક્ષા કવચ**
કોરોના સામેની લડાઈમાં ભારત અગ્રેસર | પેજ 34-36

**BRICS બન્યો અસરકારક અવાજ**
વિશ્વ સંમેલનમાં વડાપ્રધાન મોદીનું સંબોધન | પેજ 37

**સર્વગ્રાહી શિક્ષણ પ્રણાલિ ક્રાંતિકારી પરિવર્તનનું માધ્યમ**
પ્રથમ શિક્ષક પર્વ પર પાંચ નવી શરૂઆત | પેજ 42-44



**આધુનિક ભારતના નિર્માણનું સપનું જોનારા સેનાનીઓ**
આઝાદીના અમૃત મહોત્સવમાં આ વખતે લાલ બહાદુર શાસ્ત્રી, વીરચંદ્ર સિંહ ગઢવાલી, ડો. એની બેસન્ટ અને ઉત્કલ મણિ ગોપબંધુ દાસની ગાથા પેજ 38-41

# સંપાદકની કલમે..

**સાદર નમસ્કાર**

કોવિડની વૈશ્વિક મહામારી દરમિયાન 130 કરોડ ભારતીયોએ આત્મનિર્ભર બનવાનો સંકલ્પ લીધો. આજે આત્મનિર્ભર ભારત દરેક ભારતીયના મન-મસ્તિષ્કમાં છવાયેલું છે. આપણે બધાં આ સપનાને સંકલ્પના સ્વરૂપમાં પરિવર્તિત થતાં જોઈ રહ્યા છીએ. આજે આત્મનિર્ભર ભારત માત્ર શબ્દ નહીં, દેશની વિકાસયાત્રાનો મંત્ર બની ગયો છે.


દેશવાસીઓની આ ઊર્જા અને શક્તિ જાળવી રાખવા માટે કેન્દ્ર સરકારના દરેક સ્તરે સતત કામ ચાલી રહ્યું છે, કારણ કે આત્મનિર્ભર ભારતનો અર્થ માત્ર આયાત ઓછી કરવાનો નહીં, દેશની યુવા ક્ષમતા, રચનાત્મકતા અને કૌશલ્યને વધારવાનો પણ છે. આ દ્રષ્ટિકોણથી કેન્દ્ર સરકારે કોવિડની આપત્તિને અવસરમાં બદલી. એ જ રીતે 'જાન ભી જહાન ભી'નો મંત્ર અને જાન-માલની સલામતીની સાથે સાથે અર્થતંત્રને પણ આગળ વધાર્યું છે. આ પ્રયાસોના પરિણામે જ અર્થતંત્રમાં પણ સકારાત્મકતા દેખાઈ રહી છે. કોવિડ હોવા છતાં કેન્દ્ર સરકારના મજબૂત આર્થિક મેનેજમેન્ટને કારણે એક વર્ષમાં ભારતની જીડીપી નવી ઊંચાઈઓ પર પહોંચી. અર્થતંત્રની આ સફળ યાત્રા આ અંકની કવર સ્ટોરી બની છે.

અહીં એ મહત્વપૂર્ણ છે કે ઝડપી ગતિથી રસીકરણને કારણે આ શક્ય બન્યું છે. ભારત દરરોજ નવા રેકોર્ડ સ્થાપીને વિશ્વમાં સૌથી વધુ ઝડપથી રસીકરણ કરનાર દેશ બની ગયો છે. સમાજને સાથે લઈને ચાલનારી સરકારની નીતિ, નિર્ણાયક સાબિત થઈ રહી છે. સમાજવાદના જનક કહેવાતા જયપ્રકાશ નારાયણ (જેપી)-રામ મનોહર લોહિયાના વ્યક્તિત્વની કહાની, ફિટ ઇન્ડિયા તથા રમતગમતની દુનિયામાં ભારતના નવા રેકોર્ડ અંગેના લેખ પણ આ અંકમાં સામેલ છે.


શિક્ષણ હોય કે પછી સ્વચ્છતા મિશન, ભારત દરરોજ નવી પટકથા લખી રહ્યું છે. શિક્ષણમાં નવા રિસર્ચ થઈ રહ્યા છે, તો સ્વચ્છતાનું આંદોલન હવે શૌચાલયના નિર્માણ પૂરતું મર્યાદિત ન રહેતાં નવા સ્ટાર્ટ-અપને જન્મ આપી રહ્યું છે. દેશ બાપુની 152મી જન્મજયંતિ મનાવી રહ્યું છે, ત્યારે ગાંધીજીના વિચારોનું મહત્વ અને પ્રાસંગિકતા અંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અગાઉ કરેલું સંબોધન આ અંકની વિશિષ્ટતા છે. અમૃત મહોત્સવની શ્રેણીમાં લાલ બહાદુર શાસ્રી, વીરચંદ્ર સિંહ ગઢવાલી, એની બેસન્ટ અને ઉત્કલ મણિ ગોપબંધુ દાસની પ્રેરક જીવનગાથા ભારતના સંકલ્પને વધુ મજબૂત કરે છે.

કોવિડ પ્રોટોકોલનું પાલન કરતા સલામત રહો અને તમારા સૂચન અમને મોકલતા રહો.

**સરનામું: રૂમ નંબર-278,**
**બીજો માળ, બ્યૂરો ઓફ આઉટરીચ**
**એન્ડ કમ્યુનિકેશન,**
**સૂચના ભવન, નવી દિલ્હી-110003**
**ઈમેલઃ response-nis@pib.gov.in**



**(જયદીપ ભટનાગર)**




# પ્રતિભાવ

ન્યૂ ઈન્ડિયા સમાચારના તમામ અંકો નિયમિત રીતે મળતા રહે છે. 'ગાગરમાં સાગર' ભરતા તમામ અંક ભારત સરકારના કાર્યોની લેટેસ્ટ માહિતી આપે છે, જેનાથી જ્ઞાનમાં વૃદ્ધિની સાથે સાથે એ પણ ખબર પડે છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'સબકા સાથ-સબકા વિકાસ-સબકા વિશ્વાસ અને સબકા પ્રયાસ'ના મંત્રને કારણે દેશ નવી ઊંચાઈઓને સ્પર્શી રહ્યો છે. સપ્ટેમ્બર મહિનાના અંકમાં ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણન અને કર્ણાટકના ભાગીરથ વિશ્વેશ્વરૈયાના જીવન અંગે મહત્વપૂર્ણ પ્રેરક માહિતી મળી.

**girishchpande@gmail.com**

ન્યૂ ઈન્ડિયા સમાચારનો સપ્ટેમ્બર મહિનાનો પ્રથમ અંક મળ્યો. અમૃત મહોત્સવ અંતર્ગત વિવિધ કાર્યક્રમો પર આધારિત અંક માહિતીપૂર્ણ હતો અને બદલતા ભારતના સ્વરૂપને સુંદર રીતે રજૂ કરવામાં આવ્યું છે. દૂરદર્શન પર પણ સારી વાચન સામગ્રી વાંચવા મળી. સ્વતંત્રતા સંગ્રામમાં ભાગ લેનારા અનેક સ્વતંત્રતા સેનાનીઓને આ અંકમાં વિશેષ મહત્વ આપવા માટે આભાર. સંતુલિત અને માહિતીપ્રદ સામગ્રીને કારણે આ અંક ઉપયોગી અને સંગ્રહણીય છે.

**જગદીશ શર્મા**
**jagdishpushpa@gmail.com**

ન્યૂ ઈન્ડિયા સમાચારમાં મહત્વપૂર્ણ નિષ્કર્ષ આપતી માહિતી પ્રાપ્ત થઈ રહી છે. 1-15 જુલાઈના અંકમાં કોવિડ, ફ્લેગશીપ યોજના, ખેડૂત હિત, જીએસટીની જોગવાઈ સહિતના તમામ વિષય પ્રેરક અને પ્રશંસનીય છે. આપના તમામ અંકના વિષયોની માહિતી જનમાનસ સુધી પહોંચાડવાનો મહત્વનો દસ્તાવેજ છે. આવા સરસ પ્રકાશન માટે સંપાદક અને તેમની ટીમનો હાર્દિક આભાર.

**અરવિંદ યાદવ**
**yadavarvind1965@gmail.com**

ન્યૂ ઈન્ડિયા સમાચાર સરસ મેગેઝીન છે. હું એક ડોકટર છું. તમને તમારી સમગ્ર ટીમને ખૂબ ખૂબ શુભેચ્છાઓ અને આભાર.

**ડો, પ્રિયેન્દુ સુમન**
**priyendusuman@gmail.com**

મને ન્યૂ ઈન્ડિયા સમાચાર મેગેઝીન વાંચવા મળ્યું. આ એક માહિતીપ્રદ મેગેઝીન છે કારણ કે મને તેમાં દેશની પ્રગતિ અંગે સાચી માહિતી જાણવા મળે છે. મેગેઝીનના આગામી અંકોની રાહ જોઉં છું.

**-ગોડમે કાજોલુંગ, મણિપુર**

## તમારા સૂચનો અમને મોકલો

**સંદેશાવ્યવહારનું સરનામું અને ઈમેલ**

રૂમ નંબર-278, બ્યૂરો ઓફ આઉટરીચ
એન્ડ કમ્યુનિકેશન,
સૂચના ભવન, બીજો માળ,
નવી દિલ્હી-110003

**ઈમેલઃ response-nis@pib.gov.in**

# 'બુઝુર્ગો કી બાત-દેશ કે સાથ'માં યુવાનોને વડીલોનું માર્ગદર્શન આપવામાં આવશે

ભારતના યુવાનોમાં દેશ માટે કંઈક કરવાનો જુસ્સો છે અને પોતાના સપનાઓને નવી ઊડાન આપવા માટેની મહત્વાકાંક્ષા પણ છે. આ મહત્વાકાંક્ષા સાકાર કરવા તેમને સાચું માર્ગદર્શન મળે અને વડીલોના અનુભવનો લાભ મળે તેવા વિચાર સાથે કેન્દ્ર સરકારે 'બુઝુર્ગો કી બાત-દેશ કે સાથ' નામના અનોખા કાર્યક્રમની શરૂઆત કરી છે. તેનો હેતુ વડીલો અને યુવાનો વચ્ચે સંવાદ વધારવાનો છે, જેથી યુવાનોની ઊર્જા અને વડીલોનો અનુભવ દેશને આગળ લઈ જવામાં સહાયક બને. આઝાદીના અમૃત મહોત્સવમાં વડીલોને સામેલ કરવાની આ અનોખી રીત છે. આ એવો અનોખો કાર્યક્રમ છે, જેમાં દેશની યુવા પેઢી પોતાની જૂની પેઢી એટલે કે 95 વર્ષથી ઉપરની વયના વડીલો સાથે સમય પસાર કરશે અને તેમની સાથે વાતચીત કરશે. આ વાતચીતનો 60 સેકન્ડનો વિડિયો www.rashtragaan.in પર અપલોડ શકાય છે. યુવાનો હંમેશા પોતાના વડીલો પાસેથી શીખવા




તૈયાર રહે છે એ ભારતીય પરંપરાની ઓળખ છે. ગુરુ-શિષ્ય પરંપરા હોય, પરિવાર કે ઓફિસમાં વડીલોની ભૂમિકા હોય, યુવાનો હંમેશા પોતાનાથી મોટાંઓ પાસેથી શીખ્યા છે, સમજ્યા છે. આ અનોખા પ્રયાસથી આગામી 25 વર્ષમાં ભારતને શક્તિશાળી બનાવવાના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સંકલ્પને નવી દિશા મળશે.

## લડાખમાં વિશ્વનો સૌથી ઊંચો રોડ; ડ્રાઈવિંગ કરી શકાશે

વિશ્વના સૌથી ઊંચા રોડ પર ગાડી ચલાવવાની ઈચ્છા હોય તો તમે લેહ જઈ શકો છો. લેહથી પેંગોંગ સરોવર સુધી 18,600 ફુટની ઊંચાઈ પર આવેલા કેલા શીર્ષને પાર કરતાં એક નવો રોડ સામાન્ય લોકો માટો ખુલ્લો મૂકવામાં આવ્યો છે. સામાન્ય જનતા માટે વાહન ચલાવવા યોગ્ય વિશ્વનો આ સૌથી ઊંચો રોડ છે. આ રોડ સરહદ સલામતીની સાથે સાથે પૂર્વ લડાખમાં પર્યટનને પ્રોત્સાહન આપવામાં મહત્વની ભૂમિકા ભજવશે અને તેનાથી સ્થાનિક લોકોનો સામાજિક અને આર્થિક વિકાસ પણ થશે. વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ આ રોડનું ઉદઘાટન લડાખમાં કરવામાં આવ્યું છે. ભારતીય સેનાની 58 એન્જિનિયર રેજીમેન્ટ દ્વારા બનાવવામાં આવેલો આ રોડ લેહ (જીગ રાલથી તાંગત્સે)થી કેલા પાસને પાર કરીને પેંગોંગ સરોવર સુધીના 41 કિલોમીટર સુધીનાં પ્રવાસને ઘટાડશે. આ માર્ગનું નિર્માણ દર્શાવે છે કે કેન્દ્ર સરકાર સરહદી વિસ્તારોમાં માળખાકીય સુવિધા, ખાસ કરીને રસ્તા અને પુલોનાં નિર્માણ માટે કેટલી ગંભીર છે.



## હવે ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેન્કમાંથી પણ હોમ લોન મળશે




'ઘરનું ઘર' એ દરેક સામાન્ય નાગરિકનું સપનું હોય છે. પણ આ સપનાને પૂરું કરવા માટે પોતાના ગામ કે ઘરની પાસેની પોસ્ટ ઓફિસમાંથી જ લોન મળી જાય તો કેટલું સારું. પણ કેન્દ્ર સરકારે પોસ્ટ ઓફિસ દ્વારા જ સામાન્ય લોકોને તેમનાં ઘર સુધી બેન્ક પહોંચાડી દીધી છે. અને હવે પોસ્ટ વિભાગે તેની સેવાનાં વિસ્તરણનાં ભાગ રૂપે નવી પહેલ કરી છે, જેનાં અંતર્ગત લોકો ટપાલ વિભાગની ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેન્ક (IPBB)માંથી ઘર ખરીદવા માટે લોન પણ લઈ શકે છે. આ માટે IPBB અને દેશની અગ્રણી હાઉસિંગ ફાઈનાન્સ કંપની-એલઆઈસી હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ (LICHFL)એ તાજેતરમાં જ એક કરાર કર્યો છે, જે અંતર્ગત IPBBના 4.5 કરોડથી વધુ ગ્રાહકોને મકાન માટેની લોનની સુવિધા મળશે.

# ભારત સિરીઝમાં વાહનોનું રજીસ્ટ્રેશન: એક ભારત-શ્રેષ્ઠ ભારતની નવી ઓળખ

જો તમારી ટ્રાન્સફર બીજા રાજ્યમાં થઈ હોય અને ત્યાં જઈને નવેસરથી રજીસ્ટ્રેશન કરાવવાની ચિંતા હોય તો નિશ્ચિંત થઈ જાવ. સુવિધાઓનાં કેન્દ્રીયકરણ દ્વારા લોકોને સુવિધા પૂરી પાડતી કેન્દ્ર સરકારે 'ભારત સીરિઝ- BH' ની શરૂઆત કરી છે, જેથી વાહનોનું સરળતાથી રજીસ્ટ્રેશન થઈ શકે અને પરિવહન સરળ બને. અમૃત મહોત્સવના વર્ષમાં 'એક ભારત-શ્રેષ્ઠ ભારત'ની ભાવનાને મજબૂત કરતાં સરકારે સંરક્ષણ કર્મચારીઓ, કેન્દ્ર-રાજ્ય સરકારના કર્મચારીઓ, જાહેર સાહસો, ખાનગી ક્ષેત્ર, જેમની ઓફિસ ચાર કે તેનાથી વધુ રાજ્ય-કેન્દ્રશાસિત પ્રદેશોમાં હોય, તેમાં કામ કરતા કર્મચારીઓને મોટી રાહત આપી છે. હવે તેઓ પોતાના નવા વાહનનું રજીસ્ટ્રેશન 'ભારત સીરીઝ- BH'માં કરાવી શકે છે, જેથી એક રાજ્યમાંથી બીજા રાજ્યમાં ટ્રાન્સફર બાદ નવેસરથી રજીસ્ટ્રેશન કરાવવાની




જરૂર ન પડે. આ સુવિધા હાલમાં સ્વૈચ્છિક ધોરણે ઉપલબ્ધ રહેશે. પણ આ અંગેનું જાહેરનામું બહાર પડ્યા બાદ નવી 'BH' સીરિઝના વાહનોએ રજીસ્ટ્રેશન ટ્રાન્સફ કરવાની જરૂર નહી પડે અને તે સમગ્ર દેશમાં માન્ય ગણાશે. અત્યાર સુધી એવું હતું કે અન્ય રાજ્યમાં જઈને લોકો એક વર્ષ માટે જ જૂના રજીસ્ટ્રેશનને આધારે વાહન ચલાવી શકતા હતા અને માલિકે નિશ્ચિત સમયમર્યાદાની અંદર નવા રાજ્યના આરટીઓમાંથી નવેસરથી રજીસ્ટ્રેશન કરાવવું પડતું હતું.

## દિકરીઓ હવે એક ડગલું આગળ, એનડીએમાં ભરતી થઈ શકશે



દેશની મહિલા શક્તિની મજબૂતી વગર નવા ભારતનું સપનું અધૂરું છે. છેલ્લાં સાત વર્ષમાં કેન્દ્ર સરકારના કાર્યક્રમો અને યોજનાઓમાં મહિલાઓ કેન્દ્રસ્થાને રહી છે. સશસ્ત્ર દળોમાં કાયમી કમિશનની દિશામાં પગલું લેતાં દેશની દિકરીઓને વધુ એક આઝાદી મળી છે. હવે તેઓ નેશનલ ડિફેન્સ એકેડેમી (NDA) અને નેવલ એકેડેમીમાં એડમિશન લઈ શકે છે. તેમને એનડીએ અને નેવલ એકેડેમીમાં તાલીમ બાદ કાયમી કમિશન અધિકારી તરીકે નિયુક્ત કરી શકાશે. ઉલ્લેખનીય છે કે અત્યાર સુધી તેમાં માત્ર પુરુષો જ પ્રવેશ મેળવી શકતા હતા. મહિલાઓને માત્ર 10 બિન-લડાકુ દળોમાં જ ભર્તી કરવામાં આવતી હતી, પણ સરકારે આ બંને સંસ્થાઓમાં પ્રવેશ આપવાનો નિર્ણય કર્યો છે. હાલમાં એડમિશન પ્રક્રિયાને અંતિમ રૂપ આપવામાં આવી રહ્યું છે. આ વર્ષે 14 નવેમ્બરનાં રોજ યોજાનારી એનડીએની પરીક્ષામાં પણ મહિલાઓને સામેલ કરવામા આવશે. કેન્દ્ર સરકારના આ નિર્ણયથી દેશની અડધી વસતિને તેમનો હક મળ્યો છે.


## સગર્ભા મહિલાઓને પૌષ્ટિક લાડુ આપવામાં આવ્યા

ભારતને કુપોષણમાંથી મુક્ત કરવાના સંકલ્પને સાકાર કરવા માટે કેન્દ્ર સરકાર યોજનાઓને પાયાના સ્તરે અમલી કરી રહી છે, ત્યારે કેટલીક સંસ્થાઓ અનોખી પહેલ કરી રહી છે જે લોકોમાં જાગૃતિ ફેલાવવાની સાથે સાથે સ્વસ્થ



માતૃત્વ માટે પણ કામ કરી રહી છે. સપ્ટેમ્બર મહિનામાં યોજવામાં આવતા પોષણ માસમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના સંસદીય વિસ્તાર ગાંધીનગરમાં 'પૌષ્ટિક લાડુ વિતરણ યોજના' શરૂ કરવામાં આવી છે. આ યોજના અંતર્ગત ગાંધીનગર વિસ્તારમાં આશરે 7,000 ગર્ભવતી મહિલાઓને બાળકના જન્મ સુધી કુપોષણ સામે લડવા માટે દર મહિને 15 પૌષ્ટિક લાડુ મફત આપવામાં આવશે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે તેની શરૂઆત કરાવી હતી અને બિનસરકારી સંસ્થાઓએ તેની જવાબદારી ઉઠાવી છે. મહિલાઓને ગર્ભાવસ્થા દરમિયાન સૌથી વધુ જરૂર પોષણની હોય છે અને તેને ધ્યાનમા રાખતા એવા લાડુ તૈયાર કરીને વહેંચવામાં આવી રહ્યા છે, જેમાં પ્રોટીન, ઘી, વિટામીન જેવા પોષક તત્વો હોય છે. આ લાડુ એક મહિના સુધી બગડતા નથી.






# “ગાંધીજીના સિધ્ધાંતો માનવતાના રક્ષણ માટે માર્ગદર્શક તરીકે કાર્ય કરે છે”

■ નરેન્દ્ર મોદી, વડાપ્રધાન

**ગાંધીજી કહેતા હતા કે સમાજના અંતિમ હરોળમાં ઊભેલી વ્યક્તિ સુધી લાભ પહોંચાડે તે જ સાચો નિર્ણય અને સાચી યોજનાઓ. ગાંધીજીની આ મૂળ ભાવનાને ચરિતાર્થ કરવા માટે વર્તમાન કેન્દ્ર સરકારે ભરપૂર પ્રયાસ કર્યા છે. વડાપ્રધાન મોદીના શબ્દોમાં, “આપણે ત્યાં ‘લાસ્ટ માઇલ ડિલિવરી’ કહેવામાં આવતું હતું, પણ આજે દેશનો સામાન્ય માણસ ‘લાસ્ટ માઇલ ડિલિવરી’નો સાક્ષાત અનુભવ કરી રહ્યો છે. દેશના દરેક ગરીબની પાસે એકાઉન્ટ હોય, દેશના દરેક ગરીબની પાસે પાકી છત હોય, દેશનાં દરેક ગરીબને શૌચાલયની સુવિધા મળે, દરેક રસોડામાં ગેસનું જોડાણ હોય, દરેક ઘરમાં વીજળી હોય, દરેક ગરીબને સારવારની સુવિધા હોય, દરેક ગામમાં ઓપ્ટીકલ ફાઇબર હોય, આવી અનેક સુવિધાઓ સમાજના અંતિમ માણસ કે દેશના અંતિમ વિસ્તારમાં પૂરી પાડવા અમારી સરકારે દિવસ-રાત મહેનત કરી છે, પોતાનાં લક્ષ્યોને હાંસલ કરી બતાવ્યા છે. એવામાં જ્યારે કૃતજ્ઞ રાષ્ટ્ર બાપુની 152મી જન્મજયંતિ મનાવી રહ્યું છે ત્યારે તેમનાં વિચારો કઈ રીતે આજે પણ માર્ગદર્શક તરીકે કામ કરી રહ્યા છે તે અંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભૂતકાળમાં સંયુક્ત રાષ્ટ્રના વૈશ્વિક મંચ પરથી કરેલું સંબોધન રજૂ કરીએ છીએ.”**

ઇતિહાસમાં એવું ક્યારેય બન્યું નથી જ્યારે કોઇ વ્યક્તિનો વહીવટ સાથે દૂર-દૂર સુધી સંબંધ ન હોય અને તે સત્ય અને અહિંસાની તાકાતના જોરે સદી જૂના સામ્રાજ્યને હચમચાવી મૂકે, એટલું જ નહીં પણ દેશભક્તોમાં આઝાદીની ભાવના જગાવે. મહાત્મા ગાંધી આવી જ વ્યક્તિ હતા અને સત્તાથી આટલી દૂર રહેવા છતાં આજે પણ કરોડો લોકોના હૃદયમાં રાજ કરી રહ્યા છે. તમે કલ્પના કરી શકો છો કે જેમને ગાંધીજી ક્યારેય નહોતા મળ્યા તેઓ પણ તેમનાં જીવનથી પ્રભાવિત થયા હતા. માર્ટીન લ્યુથર કિંગ જુનિયર હોય કે નેલ્સન મંડેલા, તેમનાં વિચારોનો આધાર મહાત્મા ગાંધી અને તેમનું વિઝન હતું. આજે લોકશાહીની વ્યાખ્યાનો મર્યાદિત અર્થ રહી ગયો છે કે જનતા પોતાની પસંદગીની સરકાર ચૂંટે અને સરકાર જનતાની અપેક્ષા પ્રમાણે કામ કરે. પણ મહાત્મા ગાંધીએ લોકશાહીની અસલી તાકાત પર ભાર મૂક્યો. તેમણે લોકોને સરકાર પર આધાર રાખવાને બદલે સ્વાવલંબી બનવાની દિશા દર્શાવી. ગાંધીજી આઝાદીની લડાઈ લડ્યા એ વાત મહત્વની છે પણ ગાંધીજીનાં કાર્યો આઝાદી પૂરતા મર્યાદિત નહોતાં. ગાંધીજીએ એવી સમાજ વ્યવસ્થાનું બીડું ઝડપ્યું, જે સરકાર પર આધારિત ન હોય. મહાત્મા ગાંધી પરિવર્તન લાવ્યા, એ સર્વવિદિત છે, પણ એ કહેવું તદ્દન યોગ્ય ગણાશે કે તેમણે લોકોની આંતરિક શક્તિને જગાવીને પરિવર્તન લાવવા માટે તૈયાર

**“મહાત્મા ગાંધી, ભારતની આઝાદીની લડાઈમાં કેન્દ્રસ્થાને હતા, પણ એક ક્ષણ માટે આપણે એ પણ વિચારવું જોઇએ કે ગાંધીજી આઝાદ ભારતમાં જન્મ્યા હોત તો તેઓ શું કરત ?”**




**સિધ્ધાંતો માટેની પ્રતિબધ્ધતાએ ગાંધીજીનું ધ્યાન એવી સાત વિકૃત્તિઓ તરફ ખેંચ્યું જેનાં પ્રત્યે બધાંએ જાગૃત રહેવું જોઈએ. આ છેઃ**

- **Wealth Without Work**
  **કામ વગરનું ધન**
- **Pleasure Without Conscience**
  **અંતઃકરણ વગરનો આનંદ**
- **Knowledge Without Character**
  **ચરિત્ર વગરનું જ્ઞાન**
- **Business Without Ethics**
  **નૈતિકતા વગરનો વેપાર**
- **Science Without Humanity**
  **માનવતા વગરનું વિજ્ઞાન**
- **Religion Without Sacrifice**
  **બલિદાન વગરનો ધર્મ**
- **Politics Without Principle**
  **સિધ્ધાંત વગરની રાજનીતિ**

કર્યા. આઝાદીના સંઘર્ષની જવાબદાર ગાંધીજી પર ન હોત તો પણ તેઓ સ્વરાજ અને સ્વદેશીના મૂળ મુદ્દાને લઈને આગળ વધ્યા હોત. ગાંધીજીનું આ વિઝન આજે ભારત સમક્ષ મોટાં પડકારોનાં સમાધાન માટે મહત્વનું પુરવાર થઈ રહ્યું છે. વીતેલા વર્ષોમાં અમે જનભાગીદારીને પ્રાથમિકતા આપી છે. સ્વચ્છ ભારત અભિયાન, ડિજિટલ ઈન્ડિયા જેવા અભિયાનોનું નેતૃત્વ ખુદ જનતા કરી રહી છે. ગાંધીજી કહેતા હતા કે 'મારું જીવન એ જ મારો સંદેશ છે.' ગાંધીજીએ ક્યારેય પોતાના જીવનથી બીજાઓમાં પ્રભાવ પાડવાનો પ્રયાસ નહોતો કર્યો, છતાં આજે પણ તેમનું જીવન જ પ્રેરણાનો સ્ત્રોત બન્યું છે. આજે આપણે એવા યુગમાં જીવીએ છીએ જેમાં લોકો બીજાઓ પર પ્રભાવ પાડવાનો પ્રયાસ કરી રહ્યા છે, પણ ગાંધીજીનું વિઝન હતું બીજાને કઈ રીતે પ્રેરણા આપવી. લોકશાહીમાં ગાંધીજીની નિષ્ઠાની કેટલી તાકાત હતી તેની સાથે સંકળાયેલી એક ઘટના હું તમને સંભળાવવા માગું છું. કેટલાંક વર્ષો પહેલાં હું બ્રિટનનાં મહારાણી એલિઝાબેથને મળ્યો ત્યારે તેમણે મને ભાવુક થઈને એક રૂમાલ બતાવ્યો, જે ખાદીમાંથી બનેલો હતો. આ રૂમાલ ગાંધીજીએ તેમને મહારાણીને લગ્ન વખતે ભેટમાં આપ્યો હતો. વિચાર કરો, જેમની સાથે સિધ્ધાંતોની લડાઈ હતી, તેમની સાથેના સંબંધો અંગે તેઓ કેટલાં બધાં સંવેદનશીલ હતા. જે તેમનાં વિરોધી હતા, જેમની સામે તેઓ આઝાદીની લડાઇ લડી રહ્યા હતાં તેમનું પણ તેઓ સારું ઈચ્છતા હતા અને તેમનું સન્માન કરતા હતા. ક્લાઈમેટ ચેન્જ હોય કે પછી આતંકવાદ કે ભ્રષ્ટાચાર. માનવતાનું રક્ષણ કરવા માટે ગાંધીજીના આ સિધ્ધાંતો આપણને માર્ગદર્શકની જેમ કામમાં આવે છે. મને વિશ્વાસ છે કે ગાંધીજીએ દર્શાવેલો આ માર્ગ સારા વિશ્વના નિર્માણ માટે પ્રેરક સાબિત થશે. હું માનું છું કે જ્યાં સુધી માનવતાની સાથે ગાંધીજીના વિચારોનો પ્રવાહ વહેતો રહેશે ત્યાં સુધી આપણી વચ્ચે ગાંધીજીની પ્રેરણા અને પ્રાસંગિકતા જળવાઈ રહેશે. ●

મહાત્મા ગાંધીના વિચારો પર વડાપ્રધાનનું સંબોધન સાંભળવા માટે ક્યુઆર કોડ સ્કેન કરો

# સમાજવાદના ઘડવૈયા

**ભારતની ભૂમિએ એવા મહાન પુરુષો આ વિશ્વને આપ્યા છે, જેઓ એક આદર્શ વ્યક્તિત્વ બનીને ઊભર્યા છે, જેમણે સ્વતંત્રતા સંગ્રામસેનાનીઓ તરીકે દેશની આઝાદી માટે સંઘર્ષ કર્યો, પણ આઝાદી મળ્યા પછી સત્તાનો મોહ છોડીને દેશની નવી લોકશાહી વ્યવસ્થાની ખામીઓ પૂરો કરવાનો પ્રયત્ન કર્યો.. આવાં બે વ્યક્તિત્વ હતા લોકનાયક જયપ્રકાશ નારાયણ અને ડો. રામ મનોહર લોહિયા. 'સિંહાસન ખાલી કરો'ના હુંકાર સાથે જેપીએ કટોકટીકાળમાં સંપૂર્ણ ક્રાંતિનું આહવાન કર્યું, તો લોહિયાએ વડાપ્રધાન નહેરુને પણ પોતાના સવાલો દ્વારા નિરુત્તર કરી દીધા...**



**જયપ્રકાશ નારાયણ**
જન્મ: **11 ઓક્ટોબર, 1902**
મૃત્યુ: **8 ઓક્ટોબર, 1979**

જયપ્રકાશ નારાયણનું નામ જ્યારે પણ યાદ આવે છે ત્યારે નજર સમક્ષ દિલ્હીના રામલીલા મેદાનની એ તસવીર પણ ઊભરી આવે છે, જ્યારે તેમણે બંને હાથ ઉઠાવીને 'સંપૂર્ણ ક્રાંતિ'નું આહવાન કર્યું હતું. જનતામાં લોકનાયક અને જેપીના નામથી જાણીતું એક એવું વ્યક્તિત્વ જેમનાં ઉલ્લેખ વગર ભારતીય સ્વતંત્રતા સંગ્રામની યશગાથા અધૂરી ગણાય. સ્વતંત્રતા પછી આવેલાં પડકારો વચ્ચે ભારતીય લોકશાહીનું પુનઃસ્થાપન કરવામાં તેમની મહત્વની ભૂમિકા હતી.

જેપીનો જન્મ 11 ઓક્ટોબર, 1902નાં રોજ બિહારના સારણના સિતાદિયારા ગામમાં થયો હતો. પિતાનું નામ હતું, દેવકી બાબુ અને માતાનું નામ ફુલરાની દેવી. 1920માં પ્રભા નામની યુવતી સાથે તેમનાં લગ્ન થયાં. ખરો સંઘર્ષ શરૂ થયો 1923માં, જ્યારે તેઓ ભણવા માટે કેલિફોર્નિયા ગયા. ખિસ્સામાં પૈસા નહોતા એટલે વેઈટર તરીકે કામ કર્યું. કેલિફોર્નિયામાં વિદેશી વિદ્યાર્થીઓ માટે ફી બમણી હોવાથી તેઓ અયોવા જતા રહ્યા, જ્યાં ફી ઓછી હતી. સાત વર્ષ અમેરિકામાં ભણ્યા. આ દરમિયાન ખર્ચ કાઢવા માટે સડેલા ફળો અલગ કરવાનું કામ કર્યું, કતલખાનામાં કામ કર્યું અને ઘેર ઘેર ફરીને ક્રીમ અને શેમ્પુ પણ વેચ્યાં. 1929માં સ્વદેશ પાછા ફરીને સ્વતંત્રતા આંદોલનમાં સક્રિય બન્યાં. સપ્ટેમ્બર 1932માં મદ્રાસમાં પ્રથમ વાર અંગ્રેજ સરકારે તેમની ધરપકડ કરી તો મુંબઈના અંગ્રેજી અખબાર 'ફ્રી પ્રેસ જર્નલ'એ લખ્યું કે 'કોંગ્રેસ બ્રેઈન એરેસ્ટેડ.' તેમણે આચાર્ય નરેન્દ્ર દેવ, ડો. રામ મનોહર લોહિયા, અચ્યુત પટવર્ધન, યુસુફ મહેરઅલી, મીનુ મસાણી, એસએમ જોષી સહિતના અનેક નેતાઓ સાથે મળીને 1934માં પટણામાં કોંગ્રેસ સોશિયલિસ્ટ પાર્ટીની રચના કરી. 8 નવેમ્બર, 1942નાં રોજ દિવાળીના દિવસે પોતાના સાથીઓ શાલીગ્રામ સિંહ, યોગેન્દ્ર શુક્લ, સૂર્યનારાયણ સિંહ, રામનંદન મિશ્ર અને ગુલાબચંદ્ર ગુપ્ત ઉર્ફે ગુલાલી સોનાર સાથે જેલમાંથી ભાગી ગયા. આ તમામ કેદીઓ પર સરકારે ઈનામ જાહેર કર્યું. 18 સપ્ટેમ્બર, 1943નાં રોજ જેપીની ધરપકડ કરીને લાહોર જેલમાં તેમનાં પર ત્રાસ વર્તાવવામાં આવ્યો અને ત્યાંથી આગ્રા જેલમાં પૂરવામાં આવ્યા. અંગ્રેજ સરકારે ભારતની આઝાદીની મહાત્મા ગાંધીની માગણી પર ચર્ચા કરવાનો પ્રસ્તાવ મૂક્યો તે પછી જૂન 1945માં તમામ ક્રાંતિકારીઓને જેલમાંથી મુક્ત કરવામાં આવ્યા. પણ અંગ્રેજો જેપી અને લોહિયાને જેલમાંથી છોડવા તૈયાર નહોતા. ગાંધીજીએ અંગ્રેજ સરકારને કહી દીધું કે જ્યાં સુધી જયપ્રકાશ નારાયણ અને રામ મનોહર લોહિયાજીને મુક્ત નહીં કરવામાં આવે ત્યાં સુધી અમે આઝાદીના મુદ્દે કોઈ મંત્રણા નહીં કરીએ. જેપીને 31 મહિના પછી 11 એપ્રિલ, 1946નાં રોજ મુક્ત કરવામાં આવ્યા. 1953ની વાત છે. પંડિત જવાહર લાલ નહેરુએ જેપીને કેન્દ્રીય મંત્રીમંડળમાં જોડાવા કહ્યું, પણ તેમણે ઈનકાર કરી દીધો. 1954માં સક્રિય રાજકારણ છોડીને તેઓ આચાર્ય વિનોબા ભાવેની ભૂદાન ચળવળમાં જોડાઈ ગયા. કહેવાય છે કે નહેરુના અવસાન પછી જેપીને વડાપ્રધાન બનવાની ઓફર કરવામાં આવી, પણ તેમણે ફરીથી ઈનકાર કરી દીધો. 1967માં ડો. લોહિયા અને મીનુ મસાણીએ રાષ્ટ્રપતિપદ માટે જેપીનું નામ સૂચવ્યું, પણ જેપીએ ઈનકાર કરીને ડો. ઝાકીર હૂસૈનને પોતાનું સમર્થન આપ્યું. 1974માં વિદ્યાર્થીઓ પર લાઠીચાર્જ બાદ જેપી બિહાર આંદોલનનું નેતૃત્વ કરીને ફરીથી સક્રિય રાજકારણમાં પાછા ફર્યા. તત્કાલીન વડાપ્રધાન ઈન્દિરા ગાંધી સાથે તેમના વૈચારિક મતભેદો વધી ગયા. અલ્હાબાદ હાઈકોર્ટે રાયબરેલી બેઠકની ચૂંટણીમાં અનિયમિતતા બદલ ઈન્દિરા ગાંધીના વિજયની જાહેરાતને રદ કર્યા બાદ દિલ્હીના રામલીલા મેદાનમાં 25 જૂન, 1975નાં રોજ જેપીના નેતૃત્વમાં વિશાળ રેલીનું આયોજન કરવામાં આવ્યું. જેપીની છબી એવી હતી કે તમામ વિપક્ષી દળો જેપીના નેતૃત્વમાં એક મંચ પર આવી ગયા. આ રેલીમાં જેપીએ 'સંપૂર્ણ ક્રાંતિ' અને 'સિંહાસન ખાલી કરો કી જનતા આતી

> **"જ્યારે આપણી લોકશાહી વ્યવસ્થા પર હૂમલો થયો ત્યારે તેને બચાવવા માટે લોકનાયક જયપ્રકાશ નારાયણે એક મજબૂત આંદોલન ઊભું કર્યું, તો ડો. રામ મનોહર લોહિયાએ પોતાના પ્રખર અને પ્રગતિશીલ વિચારો દ્વારા દેશને નવી દિશા આપવાનું કાર્ય કર્યું. તેમનાં માટે રાષ્ટ્રીય હિત અને લોકોના કલ્યાણથી ઉપર કંઇ નહોતું.**
>
> **-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન"**

# યુગ પુરુષ: ડૉ. રામ મનોહર લોહિયા



જન્મ: **23 માર્ચ, 1910**
મૃત્યુ: **12 ઓક્ટોબર, 1967**


1930ની વાત છે. જીનિવામાં 'લીગ ઓફ નેશન્સ' ની બેઠક ચાલી રહી હતી, ભારતની અંગ્રેજ સરકારે બિકાનેરના મહારાજાને આ બેઠકમાં ભાગ લેવા મોકલ્યા હતા. મહારાજા બોલવા માટે ઊભા થયા ત્યારે, દર્શકોમાંથી એક યુવકે જોરથી સિટી વગાડી. બધાંએ તેની સામે જોયું, પેલા યુવકે કહ્યું, મહારાજા ભારતની જનતાના હિતેચ્છુ બનવાને બદલે અંગ્રેજોના મિત્ર બની બેઠા છે. બેઠકના અધ્યક્ષે તે યુવાનને હોલમાંથી બહાર કઢાવ્યો. આ યુવાન હતા ડૉ. રામ મનોહર લોહિયા. જીનિવાની ઘટનાએ તેમને ભારતમાં રાતોરાત પ્રસિદ્ધિ અપાવી.

ઉત્તરપ્રદેશના ફૈઝાબાદ જિલ્લાના અકબરપરમાં 23 માર્ચ, 1910નાં રોજ જન્મેલા રામ મનોહર લોહિયાના પિતા હીરાલાલ મહાત્મા ગાંધીજીના ચુસ્ત અનુયાયી હતા. 23 માર્ચે જ ભગતસિંહને ફાંસી થઈ હતી તેથી લોહિયાએ ક્યારેય પોતાનો જન્મદિવસ મનાવ્યો નહોતો. તેમનો પરિવાર અનેક પેઢીઓથી લોખંડ (લોહ)નો વેપાર કરતો હોવાથી 'લોહિયા' ઉપનામ પડ્યું હતું. અકબરપરમાં પ્રારંભિક શિક્ષણ અને પછી મુંબઈમાં મેટ્રીક સુધી ભણ્યા. 1932માં અર્થશાસ્ત્રમાં પીએચડી કરવા તેઓ બર્લિન ગયા. અહીં તેમણે પ્રોફેસર બર્નર ઝોમ્બાર્ટને પોતાના ગાઇડ તરીકે પસંદ કર્યા, પણ હજુ પ્રોફેસર સામે ઈન્ટરવ્યુ આપવાનો બાકી હતો. લોહિયા પ્રોફેસર સમક્ષ ફાંકડુ અંગ્રેજી બોલવા લાગ્યા. પ્રોફેસરે હસતાં હસતાં કહ્યું કે મને અંગ્રેજી નથી આવડતી. પ્રોફેસર ઝોમ્બાર્ટનો માતૃભાષા પ્રત્યેનો પ્રેમ જોઈને લોહિયાને પણ માતૃભાષા પ્રત્યે પ્રેમ થયો અને તેઓ આજીવન માતૃભાષાના હિમાયતી રહ્યા. તેમણે પ્રોફેસર ઝોમ્બાર્ટ પાસેથી ત્રણ મહિના પછી ફરીથી આવવાની મંજૂરી લીધી અને ત્રણ મહિનામાં જર્મન ભાષા શીખી અને પાછા જઈને પ્રો. ઝોમ્બાર્ટના માર્ગદર્શનમાં પીએચડી પૂરુ કર્યું. રિસર્ચ પૂરી કરીને તેઓ દરિયાઈ માર્ગે મદ્રાસ પાછા આવતા હતા ત્યારે રસ્તામાં જ તેમનો સામાન જપ્ત કરી લેવામાં આવ્યો. મદ્રાસ ઉતરીને તેઓ હિન્દુ અખબારની ઓફિસે ગયા, ત્યાં બે લેખ લખીને 25 રૂપિયા કમાઈને કલકત્તા ગયા. કલકત્તાથી બનારસ જઈને માલવીયજીને મળ્યા, જેમણે તેમની મુલાકાત રામેશ્વર દાસ બિરલા સાથે કરાવી. બિરલાએ તેમને નોકરીની ઓફર કરી. બે સપ્તાહ તેમની સાથે રહ્યા પછી લોહિયાએ અંગત સચિવ બનવાનો ઇનકાર કર્યો. તેમના પિતાના મિત્ર જમનાલાલ બજાજ લોહિયાને ગાંધીજી પાસે લઈ ગયા અને કહ્યું કે આ છોકરો રાજનીતિ કરવા માગે છે. 1934માં જેપી સાથે મળીને તેમણે કોંગ્રેસની અંદર જ કોંગ્રેસ સોશિયલિસ્ટ પાર્ટીની રચના કરી. 1936માં તેમને કોંગ્રેસના વિદેશ વિભાગના સચિવ બનાવવામાં આવ્યા ત્યારે ભારતની વિદેશ નીતિનો આધાર બનાવવામાં તેમણે મહત્વની ભૂમિકા ભજવી. આ હોદ્દા પર રહીને તેમણે વિશ્વના અન્ય દેશોમાં ચાલી રહેલા સ્વતંત્રતા આંદોલનો સાથે નજીકનો સંપર્ક સ્થાપ્યો. 1939માં પ્રથમ વાર લોહિયાને સરકાર વિરોધી ભાષણ કરવા બદલ જેલમાં પૂરવામાં આવ્યા. 1942ના ભારત છોડો આંદોલન દરમિયાન જ્યારે મોટા ભાગના નેતાઓની ધરપકડ કરવામાં આવી ત્યારે લોહિયા અને જેપીને ભૂગર્ભમાં રહીને આંદોલનને વેગ આપ્યો. લોહિયાએ ભૂગર્ભ રેડિયો પણ શરૂ કર્યો. 15 જૂન, 1946નાં રોજ તેમણે ગોવા મુક્તિ આંદોલનની શરૂઆત કરી. વિવિધ આંદોલનમાં ભાગ લેવા બદલ આઝાદી પહેલાં લગભગ 25 વાર લોહિયાની ધરપકડ કરવામાં આવી, તો આઝાદી પછી પણ તેમને ધરપકડ વ્હોરવી પડી. આઝાદી પછી જવાહરલાલ નહેરુ સાથે મતભેદ થતાં 1948માં તેમણે પોતાની સોશિયલિસ્ટ પાર્ટીને કોંગ્રેસથી અલગ કરી લીધી. 1995માં તેમણે નવી સોશિયલિસ્ટ પાર્ટી ઓફ ઇન્ડિયાની રચના કરી. નહેરુ સાથે તેમના વૈચારિક મતભેદ જગજાહેર હતા. 1962માં લોકસભા ચૂંટણીમાં જવાહરલાલ નહેરુની પરંપરાગત સીટ ફુલપુર પર લોહિયાએ તેમને પડકાર ફેંક્યો, પણ હારી ગયા. 1963માં ફર્રુખાબાદની પેટાચૂંટણીમાં જીતીને લોહિયા પ્રથમ વાર સંસદ પહોંચ્યા અને ત્યાં આપેલાં ઐતિહાસિક ભાષણને આજે પણ યાદ કરવામાં આવે છે. 21 ઓગસ્ટ, 1963નાં રોજ લોકસભામાં આપેલા ભાષણમાં તેમણે નાગરિકોની સ્થિતિ અંગે કહ્યું કે યોજના પંચના આંકડા પ્રમાણે દેશના 60 ટકા લોકો એટલે કે 27 કરોડ લોકો દિવસના ત્રણ આનામાં જીવનનિર્વાહ કરી રહ્યા છે. ખેત મજૂર દિવસમાં 12 આના અને શિક્ષક બે રૂપિયા કમાય છે, જ્યારે વડાપ્રધાન નહેરુના કુર્તા પર દરરોજ ત્રણ રૂપિયાનો ખર્ચ થાય છે. ખુદ વડાપ્રધાન પર રોજનાં 25થી 30,000નો ખર્ચ થાય છે. 30 સપ્ટેમ્બર, 1967નાં રોજ લોહિયાને વિલિંગ્ડન હોસ્પિટલ (હવે રામ મનોહર લોહિયા હોસ્પિટલ) એક ઓપરેશન માટે દાખલ કરવામાં આવ્યા હતા, જ્યાં 12 ઓક્ટોબર, 1967નાં રોજ 57 વર્ષની વયે તેમનું અવસાન થયું.

હૈ'ના સૂત્રો આપ્યા. પરિણામે, ઇન્દિરા ગાંધી સરકારે અડધી રાત્રે દેશમાં કટોકટી લાદી દીધી. સૌ પહેલાં જે નેતાઓની ધરપકડ કરવામાં આવી, તેમાં જેપી પણ સામેલ હતા. અંતે, 1977માં સામાન્ય ચૂંટણી થઈ અને જેપી ફરી એક વાર હીરો બનીને ઊભરી આવ્યા. દેશમાં પ્રથમ બિનકોંગ્રેસી સરકાર બની તો જેપીએ મોરારજી દેસાઈને વડાપ્રધાન બનાવ્યા. જેપીના સમાજવાદના જ્ઞાન અંગે ગાંધીજીએ લખ્યું હતું, "જયપ્રકાશ કોઈ સાધારણ કાર્યકર્તા નથી. તેઓ સમાજવાદના આધાર છે અને ભારતમાં સમાજવાદ અંગે તેમનાથી વધારે કોઈ જાણતું નથી." જયપ્રકાશ નારાયણનું વ્યક્તિત્વ એટલા માટે પ્રેરણાદાયક છે કે તેઓ સતત સંઘર્ષ કરીને પણ સત્તાથી દૂર રહ્યા અને માનવીય સ્વતંત્રતાના સમાજવાદી મૂલ્યો પર આધારિત નવા સમાજની રચના કરી. 8 ઓક્ટોબર, 1979નાં રોજ કિડનીની બિમારીને કારણે તેમનું અવસાન થયું. જેપીના યોગદાનની કદર કરવા માટે અટલબિહારી વાજપેયી સરકારે 1998માં તેમને ભારત રત્નથી સન્માનિત કરવામાં આવ્યા.●

# હવે સ્વચ્છતા મિશનમાં આત્મનિર્ભરતા તરફ

**લાલ કિલ્લા પરથી પોતાના પ્રથમ સંબોધનમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શૌચાલય નિર્માણની સાથે સાથે દેશને સ્વચ્છ બનાવવાનો સંકલ્પ દેશ સમક્ષ રજૂ કર્યો ત્યારે કોઈએ કલ્પના પણ નહોતી કરી કે કોઈ વડાપ્રધાન આવા મંચ પરથી 'શૌચાલય' શબ્દનો ઉપયોગ કરી શકે. જો કે, આ તો દેશમાં નવા જન સંકલ્પની શરૂઆત હતી, જે જન આંદોલનના રૂપમાં આગળ વધ્યું અને 2019માં મહાત્મા ગાંધીની 150મી જન્મજયંતીએ સ્વચ્છ ભારતનું સ્વપ્ન સાકાર થયું. જો કે અહીં આ મિશન પૂરું નથી થયું, અહીંથી આગામી સફર શરૂ થઈ ગઈ છે. વેસ્ટ મેનેજમેન્ટ દ્વારા વીજ ઉત્પાદન, સ્ટાર્ટઅપ જેવી નવી પહેલ દ્વારા સ્વચ્છતામાં આત્મનિર્ભરતા તરફ આપણે આગળ વધી રહ્યા છીએ..**



મધ્યપ્રદેશના ઈન્દોર શહેરને ત્યાંના લોકો ઘણી વાર 'મિની મુંબઈ' તરીકે ઓળખે છે. જો કે દેશમાં હવે ઈન્દોરની નવી ઓળખ બની છે અને તે છે સ્વચ્છ શહેર તરીકે. આ શહેર સતત ચાર વર્ષથી દેશના સૌથી સ્વચ્છ શહેરોમાં પ્રથમ નંબરે આવે છે. ઈન્દોર માત્ર નંબર વન સ્વચ્છ શહેર પર અટકી ના ગયું. શહેરનાં લોકોએ વોટર પ્લસ સિટી બનવાની વધુ એક પહેલ કરી. એટલે એવું શહેર જ્યાં કોઈ પણ ગટરનું પાણી ટ્રીટમેન્ટ કર્યા વગર જાહેર જળ સ્ત્રોતમાં નથી નાખવામાં આવતું. અહીંના નાગરિકોએ જાતે સામે આવીને પોતાની ગટરોને સુએઝ લાઇન સાથે જોડી છે. તેમણે સ્વચ્છતા અભિયાન પણ ચલાવ્યું છે અને તેનાં કારણે જ સરસ્વતી અને કાન્હા નદીઓમાં ગંદા પાણીનું પ્રમાણ ઘટ્યું છે અને સુધારો દેખાઈ રહ્યો છે.

બિહારના મધુબનીમાં ડોક્ટર રાજેન્દ્રપ્રસાદ કૃષિ યુનિવર્સિટી અને ત્યાંના સ્થાનિક કૃષિ વિજ્ઞાન કેન્દ્રએ પણ સાથે મળીને સારો પ્રયાસ કર્યો છે. આનાથી સ્વચ્છ ભારત અભિયાનને નવી તાકાત મળી રહી છે. યુનિવર્સિટીની આ પહેલનું નામ છે 'સુખેત મોડલ'. સુખેત મોડલનો હેતુ ગામડાંમાં પ્રદૂષણ ઘટાડવાનો છે. આ મોડલ અંતર્ગત ગામના ખેડૂતો પાસેથી છાણ તથા ખેતર-ઘરોમાંથી નીકળતો અન્ય કચરો એકઠો કરવામાં આવે છે અને તેનાં બદલામાં ગ્રામજનોને રાંધણ ગેસના સિલિન્ડર માટે પૈસા આપવામાં આવે છે. ગામમાંથી જે કચરો એકત્ર કરવામાં આવે છે તેનાં નિકાલ માટે વર્મી કમ્પોસ્ટ બનાવવાનું પણ કામ કરવામાં આવે છે. સુખેત મોડલના આ ચાર લાભ સીધા દેખાઈ આવે છે.

એક, ગામને પ્રદૂષણમાંથી મુક્તિ, બે, ગંદકીમાંથી મુક્તિ, ત્રણ, ગ્રામજનોને રાંધણ ગેસના સિલિન્ડર માટે પૈસા અને ચાર, ખેડૂતોને જૈવિક ખાતર.

તામિલનાડુના શિવગંગાની કાંજીરગાલ પંચાયતે પણ નોંધપાત્ર કામગીરી કરી છે. ગ્રામ પંચાયતે સ્થાનિક લોકો સાથે મળીને ગામમાં કચરામાંથી વીજળી બનાવવાનો સ્થાનિક પ્રોજેક્ટ સ્થાપ્યો છે. આખા ગામમાંથી કચરો એકત્ર કરવામાં આવે છે, જેમાંથી વીજળી બનાવવામાં આવે છે અને બચેલા ઉત્પાદનોને જંતુનાશક તરીકે વેચી દેવામાં આવે છે. ગામના આ પાવર પ્લાન્ટની ક્ષમતા દૈનિક બે ટન કચરાના પ્રોસેસિંગની છે. તેમાંથી ઉત્પાદિત થતી વીજળી ગામડાંની સ્ટ્રીટ લાઇટ અને બાકીની જરૂરિયાત પૂરી કરવા ઉપયોગમાં લેવાય છે. આનાથી પંચાયતના પૈસા બચે છે અને તે પૈસા વિકાસનાં કામોમાં ઉપયોગમાં લેવાઈ રહ્યા છે. વળી, વેસ્ટ મેનેજમેન્ટ અને તેનાં નિકાલ સાથે સંકળાયેલા સ્ટાર્ટઅપ્સની સંખ્યામાં છેલ્લાં કેટલાંક સમયમાં ઝડપથી વધારો થયો છે. તેનાંથી હજારો લોકોને રોજગારી મળી રહી છે, સાથે સાથે સ્વચ્છતાના ક્ષેત્રોમાં નવા ઇનોવેશનનો માર્ગ પણ મોકળો થયો છે.

### સાત દાયકાનું અંતર સાત વર્ષમાં કાપ્યું

ભારતની આઝાદીના સાત દાયકા બાદ વિશ્વમાં મહિલાઓ ચાંદ પર જવા લાગી, દરેક ક્ષેત્રમાં સફળતાઓ મળતી હતી, પણ ભારતની આશરે 61 ટકા વસતિ પાસે શૌચાલયની સુવિધા પણ નહોતી. જીવનની મુળભૂત જરૂરિયાતોમાં સામેલ શૌચાલયને ભારતના ગામડાંઓમાં અત્યાર સુધી એક લક્ઝરી તરીકે માનવામાં આવતી હતી અને આપણી મા-દિકરીઓ ખુલ્લામાં શૌચ માટે જવા માટે મજબૂર હતી. પણ, સ્વચ્છ ભારત મિશનને કારણે આજે દેશમાં 100 ટકા સ્વચ્છતા કવરેજ હાંસલ થયું છે. સાત વર્ષમાં જ 10.71 કરોડથી વધુ શૌચાલયનું નિર્માણ એ વાતની સાબિતી છે કે કઈ રીતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આહવાનથી સ્વચ્છ ભારત મિશન એક જનઆંદોલન તરીકે સફળ રહ્યું છે. જર્મન વર્લ્ડ ડેવલપમેન્ટમાં પ્રકાશિત એક અભ્યાસ પ્રમાણે 2015માં દેશના 59 ટકા ગ્રામીણ અને 12 ટકા શહેરી ઘરોમાં શૌચાલય નહોતા અને દેશમાં 52.2 કરોડ લોકો ખુલ્લામાં શૌચ કરતા

## સફળતાની કહાની આંકડા બોલે છે

સ્વચ્છ ભારત મિશન અંતર્ગત દરેક નાગરિકને તેનાં ઘરમાં અથવા ઘર પાસે શૌચાલય બનાવવા માટે સબસિડી આપવામાં આવી હતી. શહેરી વિસ્તારોમાં શૌચાલય બનાવવા 75 ટકા સબસિડી અને ગ્રામીણ વિસ્તારોમાં રૂ. 12,000 આપવામાં આવે છે.

**10.71**
કરોડ શૌચાલય બની ચૂક્યા છે અત્યાર સુધી. તમામ 35 રાજ્યો / કેન્દ્રશાસિત પ્રદેશો હવે ખુલ્લામાં શૌચથી મુકત

**100%**
રેલવે કોચમાં હવે બાયો ટોયલેટ લગાવવામાં આવી ચૂક્યા છે

### ઘરોમાં બનાવવામાં આવ્યા શૌચાલય

લક્ષ્ય હતો...
**58,99,637**
બનાવવામાં આવ્યા
**62,60,606**
નિર્ધારિત લક્ષ્ય કરતાં 106% વધુ

### જાહેર શૌચાલય

લક્ષ્ય- 5,07,587| બનાવવામાં આવ્યા 6,15,864
એટલ નિર્ધારિત લક્ષ્ય કરતાં 121% વધુ

### વેસ્ટ મેનેજમેન્ટ

દરરોજ નીકળતો ઘન કચરો
**1,32,686** ટન
દરરોજ પ્રોસેસ થતો કચરો
**93,139** ટન
100% ડોર ટુ ડોર કચરાનું કલેક્શન
**85,209** વોર્ડ

- કુલ શહેર 4520
- ખુલ્લામાં શૌચ મુક્ત
- જાહેર (ODF)- 4,369
- ખુલ્લામાં શૌચમુક્ત વેરિફાઇડ-4,316
- ODF પ્લસ શહેર- 3,305

### ખુલ્લામાં શૌચથી મુક્ત (ODF) શહેર

ODFમાં ખુલ્લામાં શૌચથી મુક્તની તપાસ થાય છે. ODF પ્લસમાં શહેરના લાકો જાહેર શૌચાલયનો ઉપયોગ કરે છે તેની પુષ્ટિ કરવામાં આવે છે. ODF પ્લસ પ્લસમાં શહેરમાંથી નીકળતા મળના નિકાલની શી વ્યવસ્થા છે તે જોવામાં આવે છે.

- ODF પ્લસ પ્લસ શહેર- 958
- કુલ ODF જાહેર જિલ્લા-711
- ODF ગ્રામ પંચાયતો- 2,62,769
- ODF ગામ- 6,03,004

(નોંધ- આંકડા 13 સપ્ટેમ્બર 2021 સુધીનાં), સ્ત્રોતઃ **http://swachhbharaturban.gov.in** અને **https://sbm.gov.in** )

# શહેરો બાદ હવે ગામડાંમાં પણ સ્વચ્છતા રેન્કિંગ



દર વર્ષે સ્વચ્છતા સર્વેક્ષણ દ્વારા શહેરોમાં સફાઈ વ્યવસ્થાની સ્થિતિ જાણવા માટે કેન્દ્રીય શહેરી વિકાસ મંત્રાલય દ્વારા રેન્કિંગ જારી કરવામાં આવે છે. શહેરોની જેમ તમારા ગામમાં સફાઈની શી સ્થિતિ છે? સ્વચ્છતાની બાબતમાં તમારું ગામ કેટલે છે? આ જાણવા માટે કેન્દ્રીય જળશક્તિ મંત્રાલયે સ્વચ્છ ભારત મિશન-ગ્રામીણના બીજા તબક્કા અંતર્ગત સ્વચ્છ સર્વેક્ષણ ગ્રામીણ (SSG)-2021 લોંચ કર્યું છે. SSG-2021 ની રેન્કિંગમાં તમારા ગામમાં પાણી ભરાવાની સમસ્યા, ઘન અને પ્રવાહી કચરા સહિત પ્લાસ્ટિક કચરાનાં મેનેજમેન્ટની ચકાસણી કરવામાં આવશે. સમૂહ બેઠકો, 17475 ગામનાં આશરે 1.75 લાખ પરિવારો પાસેથી અને મોબાઈલ એપ પર મળનારા ફીડબેક પરથી ગામડાંની સ્વચ્છતાનું રેન્કિંગ નક્કી કરવામાં આવશે. 25 ઓક્ટોબરથી 23 ડિસેમ્બર સુધી ફિલ્ડ સર્વે હાથ ધરવામાં આવશે. સર્વેક્ષણમાં ગામડાં, જિલ્લા અને રાજ્યોને કેટલાંક નિર્ધારિત માપદંડોના આધારે રેન્કિંગ આપવામાં આવશે. આ સર્વેક્ષણ અંતર્ગત દેશભરના 698 જિલ્લાના 17,475 ગામડાંને આવરી લેવામાં આવશે. આ 17,475 ગામડાં, જિલ્લા અને રાજ્યોના રેન્કિંગના સર્વેક્ષણ માટે 87,250 જાહેર સ્થળો (શાળાઓ, આંગણવાડી, જાહેર આરોગ્ય કેન્દ્રો, બજાર, ધાર્મિક સ્થળો વગેરે)ની મુલાકાત લેવામાં આવશે. સ્વચ્છતા સર્વેક્ષણમાં વધુને વધુ લોકોની ભાગીદારી રહે તે માટે ઓનલાઈન એપ્લિકેશન બનાવવામાં આવી છે. લોકોને એપ દ્વારા સ્વચ્છતા અંગેના મુદ્દાઓ પર ફીડબેક આપવા પ્રેરિત કરવામાં આવશે.

હતા. વિશ્વના સૌથી મોટા સ્વચ્છતા અભિયાનના સહારે હવે છ લાખથી વધુ ગામડાં ખુલ્લામાં શૌચથી મુક્ત થઈ ચૂક્યા છે. સ્વચ્છ ભારત મિશનને કારણે દરેક ઘરને એક વર્ષમાં રૂ. 53,536 (727 ડોલર)નો ફાયદો થયો છે. આમાંથી 55 ટકા લાભ બિમારીનું પ્રમાણ ઘટવાથી આરોગ્ય લાભના સ્વરૂપમાં થયો છે. રિસર્ચ પ્રમાણે, આ મિશનને કારણે ગરીબ લોકોને તેની પાછળના ખર્ચનો 2.6 ગણો ફાયદો થયો છે, તો સમાજને 5.7 ગણો ફાયદો થયો છે. વિશ્વ આરોગ્ય સંગઠન અને યુનિસેફ દ્વારા પ્રસિધ્ધ કરવામાં આવેલા "પ્રોગ્રેસ ઓન હાઉસહોલ્ડ ડ્રિન્કિંગ વોટર, સેનિટેશન એન્ડ હાઈજીન 2000-2020' અહેવાલ પ્રમાણે વિશ્વભરમાં 2015થી 2020 દરમિયાન ખુલ્લામાં શૌચ મુક્તિની દિશામાં સૌથી મોટું યોગદાન ભારતનું જ છે. સ્વચ્છ ભારત મિશને લોકોને વ્યક્તિગત લાભ પહોંચાડ્યો છે એટલું જ નહીં, સમાજમાં કુરીતિ બની ચૂકેલી ખુલ્લામાં શૌચની પ્રથાનો પણ અંત આવ્યો છે. તે આરોગ્યની દ્રષ્ટિએ લાભદાયક છે એટલું જ નહીં, સ્વચ્છતાના આ નવા અભિગામથી મહિલાઓનું સન્માન પણ વધ્યું છે.

## હવે સ્વચ્છ ભારત 2.0 દ્વારા કચરો અને જળ સંચાલન

સ્વચ્છ ભારત મિશનમાં સફળતા બાદ કેન્દ્ર સરકારે વર્ષ 2021-2016 માટે સ્વચ્છ ભારત 2.0ની શરૂઆત કરી છે. આ વર્ષે રજૂ કરવામાં આવેલા સામાન્ય બજેટમાં નાણાંમંત્રી નિર્મલા સીતારામને તેની જાહેરાત કરી હતી. સ્વચ્છ ભારત મિશન અંતર્ગત ખુલ્લામાં શૌચમુક્ત ભારતનું લક્ષ્ય પૂરું કરવામાં આવ્યું હતું, જ્યારે સ્વચ્છ ભારત 2.0માં ગંદા પાણીનો નિકાલ / મેનેજમેન્ટ, વેસ્ટ મેનેજમેન્ટ, શહેરી નિર્માણમાંથી નીકળતા વેસ્ટ મેનેજમેન્ટ પર ફોકસ છે. સ્વચ્છ ભારત મિશનની સફળતાનો અંદાજ તેનાં પરથી પણ લગાવી શકાય કે તેનાં અંતર્ગત જે લક્ષ્ય નક્કી કરવામાં આવ્યું હતું, તેનાં 100 ટકાથી વધુ શૌચાલયનું નિર્માણ અત્યાર સુધી થઈ ચૂક્યું છે. ગયા વર્ષે લાલ કિલ્લા પરથી કરેલા ભાષણમાં વડાપ્રધાન મોદીએ કહ્યું હતું, "વિચારો, કોરોના જેવી કટોકટી 2014 પહેલાં આવી હોત તો શૌચાલયના અભાવે શું આપણે સંક્રમણની ગતિ રોકી શકત?" સ્વચ્છતાના આ આંદોલનની સમગ્ર વિશ્વએ પ્રશંસા કરી હતી. ●

# સંરક્ષણ નિકાસના કેન્દ્ર તરીકે ઊભરી રહેલું ભારત

**સંરક્ષણ, શિક્ષણ અને સામાજિક કલ્યાણ સહિતના દરેક ક્ષેત્રમાં સર્વગ્રાહી વિકાસ માટે અનેક પગલાં લેવામાં આવ્યા હોવાથી ભારત ઝડપથી મહત્વનું વૈશ્વિક કેન્દ્ર બની રહ્યું છે. પોતાના પ્રયાસને વધુ આગળ ધપાવતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 14 સપ્ટેમ્બરે ઉત્તરપ્રદેશના અલીગઢના વિકાસમાં નવું પ્રકરણ ઉમેર્યું. અલીગઢની મુલાકાત દરમિયાન તેમણે ડિફેન્સ કોરિડોરની પ્રગતિની સમીક્ષા કરી અને દંતકથા સમાન સ્વતંત્રતા સેનાની રાજા મહેન્દ્ર પ્રતાપ સિંહના નામે યુનિવર્સિટીનું શિલારોપણ કર્યું. આ પ્રસંગે તેમણે કહ્યું, ઉત્તરપ્રદેશમાં હાલમાં ચાલી રહેલા હજારો કરોડ રૂપિયાના પ્રોજેક્ટ્સ આગામી વર્ષોમાં ભારતમાં પ્રગતિના મહત્વના સ્તંભ બનશે.**




રાષ્ટ્રના ઉજ્જવળ ભાવિની મહત્વપૂર્ણ સીડી છે-શિક્ષણ અને દેશની સલામતીમાં આત્મનિર્ભરતા. આ બંનેનું મિલન ઉત્તરપ્રદેશમાં 14 સપ્ટેમ્બરનાં રોજ જોવા મળ્યું. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ડિફેન્સ કોરિડોરની પ્રગતિ સમીક્ષા કરી, તો રાજા મહેન્દ્ર પ્રતાપ સિંહ સ્ટેટ યુનિવર્સિટીનું ભૂમિપુજન કરીને અલીગઢના વિકાસમાં નવાં પ્રકરણ જોડ્યાં. ભારતના વીર જવાન દેશનું ગૌરવ અને હિન્દુસ્તાનની શાન છે. ભૂમિદળ, વાયુદળ, નૌકાદળ અને અર્ધસૈનિક દળોના જવાનોની વીરતા અને ભારતની સંરક્ષણ તાકાતને મજબૂતી પ્રદાન કરવા માટે 2018માં ઉત્તરપ્રદેશમાં ડિફેન્સ કોરિડોરની જાહેરાત કરવામાં આવી હતી. ડિફેન્સ કોરિડોરમાં છ નોડ-અલીગઢ, આગ્રા, કાનપુર, ઝાંસી અને લખનોને સમાવવામાં આવ્યા છે. અલીગઢ નોડ માટેની જમીન સંપાદન પ્રક્રિયા પૂરી કરી લેવામાં આવી છે. આ પ્રસંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું, "ભારત વિશ્વમાં સૌથી મોટા સંરક્ષણ આયાતકારની છબીમાંથી બહાર નીકળીને વિશ્વના ટોચના સંરક્ષણ નિકાસકાર તરીકેની ઓળખ બનાવવાના સંકલ્પ સાથે આગળ વધી રહ્યું છે."

### આવું હશે યુપીનું ડિફેન્સ કોરિડોર

ઉત્તરપ્રદેશમાં સ્થપાઈ રહેલું ડિફેન્સ કોરિડોર મેક ઇન ઈન્ડિયા અને આત્મનિર્ભર ભારતના લક્ષ્યાંકને પૂરો કરવા માટે સીમાચિહ્ન સાબિત થશે. L આકારનો આ કોરિડોર વિવિધ પ્રકારની સંભાવનાઓ પ્રદાન કરે છે, જે રાજ્યના મહત્વનાં શહેરો જેવા કે અલીગઢ, આગ્રા, લખનૌ, કાનપુર, ઝાંસી અને ચિત્રકુટને જોડશે. વર્ષ 2022 સુધીમાં 1428 હેક્ટર જમીન પર બનનારા આ કોરિડોરમાં રૂ. 10,000 કરોડ સુધીનું રોકાણ થશે. આને કારણે આગામી સમયમાં ઉત્તરપ્રદેશ ભારતને સંરક્ષણ ઉત્પાદનમાં આત્મનિર્ભર બનાવવામાં મહત્વનું પ્રદાન કરશે.

# રાજા મહેન્દ્ર પ્રતાપ સિંહ સ્ટેટ યુનિવર્સિટી અલીગઢને શિક્ષણનુ કેન્દ્ર બનાવશે

અલીગઢ હંમેશા શિક્ષણનું મહત્વનું કેન્દ્ર રહ્યું છે. અહીં દેશ-વિદેશના લાખો વિદ્યાર્થીઓ રિસર્ચ, આર્ટ અને કારકીર્દીલક્ષી કોર્સનો અભ્યાસ કરવા આવે છે. અલીગઢને શિક્ષણનાં ક્ષેત્રમાં જે ઓળખ મળી છે, તેમાં મહાન સ્વંતંત્રતા સેનાની, સમાજ સુધારક અને દાનવીર રાજા મહેન્દ્ર પ્રતાપ સિંહનું મહત્વપૂર્ણ પ્રદાન છે. તેમણે વૃંદાવનમાં ગુરુકુળ અને મહાવિદ્યાલય તથા અલીગઢમાં યુનિવર્સિટીની સ્થાપના માટે જમીન દાનમાં આપી હતી. તેઓ કાબુલમાં ભારતની કામચલાઉ સરકારના અધ્યક્ષ હતા અને અફઘાનિસ્તાનમાં આઝાદ હિન્દ ફોજની રચના કરી હતી. આઝાદીના 75મા વર્ષમાં પ્રવેશ દ્વારા આજે સમગ્ર દેશ આઝાદીનો અમૃત મહોત્સવ મનાવી રહ્યો છે. આ અનુસંધાનમાં મહાન શિક્ષણવિદ મહેન્દ્ર પ્રતાપ સિંહના ઉલ્લેખનીય પ્રદાનને દેશ યાદ કરી રહ્યો છે. રાજા મહેન્દ્ર પ્રતાપ સિંહ સ્ટેટ યુનિવર્સિટી આ દિશામાં મહત્વપૂર્ણ પગલું છે. અહીં આધુનિક પ્રયોગશાળાઓ, ઈન્ક્યુબેટર્સ, ઈ-લર્નિંગ પાર્ક સ્થાપવામાં આવશે. વિદ્યાર્થીઓને કૌશલ્ય વિકાસ, ડેરી ટેકનોલોજી, વિવિધ ભાષાઓ, આધ્યાત્મ વિજ્ઞાન, યોગ, સમાજ વિજ્ઞાન અને સંરક્ષણ ક્ષેત્રમાં અભ્યાસ કરવાની તક મળશે. આશરે 92 એકર વિસ્તારમાં રૂ. 101 કરોડનાં ખર્ચે બનનારી આ યુનિવર્સિટી સાથે અલીગઢ ડિવિઝનની 395 કોલેજોનું જોડાણ કરવામાં આવશે. કેન્દ્ર સરકાર ઇચ્છે છે કે વિદ્યાર્થીઓને આધુનિક અને સાંસ્કૃતિક મૂલ્યોનું શિક્ષણ મળે જેથી ભારત સર્વોત્તમ રાષ્ટ્ર બને. યુવાનોના ઉજ્જવળ ભવિષ્ય માટે બનાવવામાં આવેલી નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં ઈનોવેશનને પ્રોત્સાહન આપવા માટે ઉચ્ચ શિક્ષણ સ્ટાર્ટ-અપ નીતિ લાગુ કરવામાં આવી. રાજ્ય સ્તરીય બેન્ક ઓફ એકેડેમિક ક્રેડિટ બનાવવામાં આવી છે. દેશનાં ભવિષ્યના યુવાનો માટે નવી શિક્ષણ નીતિ મજબૂત આધાર તૈયાર કરશે. આ યુનિવર્સિટીના મહત્વ અંગે વડાપ્રધાને કહ્યું, આ યુનિવર્સિટી આધુનિક શિક્ષણનું મોટું કેન્દ્ર બનશે, સાથે સાથે સંરક્ષણ ક્ષેત્ર સાથે સંકળાયેલો અભ્યાસ, સંરક્ષણ ટેકનોલોજી સંલગ્ન ઉત્પાદન અને મેન પાવર તૈયાર કરનાર સેન્ટર પણ બનશે.




**અલીગઢઃ** ધાતુ ઉદ્યોગ માટે વિશ્વ પ્રસિધ્ધ અલીગઢ ખાતે ડિફેન્સ ઈન્ડસ્ટ્રીયલ કોરિડોરમાં રૂ. 1245 કરોડનાં ખર્ચે અનેક સંરક્ષણ સાધનોનું ઉત્પાદન કરીને ભારતની સંરક્ષણ શક્તિ વધારવામાં આવશે. 143 એકરનાં 20 પ્લોટ અગ્રણી કંપનીઓને ફાળવવામાં આવ્યા છે. અહીં શસ્ત્ર સામગ્રી, ડ્રોન, એરોસ્પેસ, મેટલ કોમ્પોનન્ટ્સ, એન્ટી ડ્રોન સિસ્ટમ સહિતનાં જરૂરી નાના શસ્ત્રોનું ઉત્પાદન થશે. તેનાથી દેશની સંરક્ષણ શક્તિ વધવાની સાથે સાથે હજારો લોકો માટે રોજગારની તકો પણ સર્જાશે.

**લખનઉઃ** આધુનિક માળખાકીય સુવિધાઓ ધરાવતું લખનઉ પણ ભવિષ્યના એરોસ્પેસ નોડ તરીકે ઊભરશે. આ માટે વિશ્વસ્તરીય સુપરસોનિક મિસાઇલ નિર્માતા બ્રહ્મોસ એરોસ્પેસ લિમિટેડ અગાઉથી જ મોટા પાયે રોકાણની દરખાસ્ત કરી ચૂકી છે.

**ઝાંસીઃ** રિપેરિંગ અને ઓવરહોલિંગ ઉદ્યોગ માટે જાણીતા આ વિસ્તારમાં મિસાઇલ સિસ્ટમ્સના ઉત્પાદન માટે ભારત ડાયનેમિક્સ લિમિટેડ તરફથી રોકાણની દરખાસ્ત કરવામાં આવી છે.

**કાનપુરઃ** ચામડું, કપડાં અને સંરક્ષણ ઉત્પાદનના એકમો માટે વૈશ્વિક સ્તરે જાણીતા કાનપુરમાં બુલેટપ્રુફ જેકેટ, બોર્ડી આર્મર, વિસ્ફોટકો અને વિશેષ કપડાંના ક્ષેત્રમાં રોકાણની દરખાસ્તો મળી છે.

**ચિત્રકુટઃ** બુંદેલખંડમાં ચિત્રકુટ કાષ્ટ શિલ્પ ઉદ્યોગ અને ફુડ પ્રોસેસિંગની સાથે સાથે વિસ્ફોટકો સહિતનાં સંરક્ષણ ઉત્પાદકોનું ઉત્પાદન કરશે.

**આગ્રાઃ** ભારતમાં ચામડાંના સૌથી મોટા ક્લસ્ટર તરીકે ઓળખાતું આગ્રા ઝીરો ડિસ્ચાર્જ ડિફેન્સ ઇલેક્ટ્રોનિક હબ તરીકે નવા નોડ તરીકે સામે આવશે. ●

**અલીગઢમાં આયોજિત સમારોહમાં વડાપ્રધાનનું સંબોધન સાંભળવા માટે ક્યુઆર કોડ સ્કેન કરો**

# સરદાર ધામઃ વિદ્યાર્થીઓના શૈક્ષણિક વિકાસનો પાયો

**અમદાવાદમાં બનેલું સરદાર ધામ સમાજના નબળાં વર્ગના વિદ્યાર્થીઓના શૈક્ષણિક અને સામાજિક વિકાસ માટે સતત કામ કરતું રહ્યું છે. અહીં વિદ્યાર્થીઓને આધુનિક અને ઉત્તમ સેવાઓ પૂરી પાડવામાં આવે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 11 સપ્ટેમ્બરનાં રોજ સરદાર ધામ ભવનનું વર્ચ્યુઅલ લોકાર્પણ અને સરદાર ધામ કન્યા છાત્રાલયનું ભૂમિપૂજન પ્રસંગે પાટીદાર સમાજના કાર્યોની પ્રશંસા કરી હતી.**



"પાટીદાર સમાજ માત્ર ભારતમાં જ નહીં, વિદેશમાં પણ જ્યાં જાય ત્યાં પોતાની ઓળખ પ્રસ્થાપિત કરે છે. તમારી એ વિશિષ્ટતાથી હવે ગુજરાત અને દેશમાં જ નહીં, સમગ્ર દુનિયા પરિચીત થવા માંડી છે. પાટીદાર સમાજની એક મોટી ખૂબી એ પણ છે કે તેઓ ગમે ત્યાં રહે, ભારતનું હિત તમારા માટે સર્વોપરી હોય છે. તમે દેશની આર્થિક પ્રગતિમાં જે પ્રદાન કર્યું છે તે અદભૂત અને પ્રેરણાદાયી છે." વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સરદાર ધામનું લોકાર્પણ કરતા આમ જણાવ્યું ત્યારે તેમનો સંદેશ એ હતો કે સમાજની આવી જાગૃતિ કોઈ પણ દેશની પ્રગતિનો આધાર હોય છે. તેમનું કહેવું હતું કે, સરદાર ધામ ટ્રસ્ટ દેશના યુવાનોને વૈશ્વિક વેપાર સાથે જોડવા માટે અનેક પ્રયાસો કરી રહ્યું છે અને જે વાઈબ્રન્ટ સમિટની શરૂઆત વર્ષો પહેલાં ગુજરાતે કરી હતી તેનાં લક્ષ્યાંકોને ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ આગળ વધારશે. સરદાર ધામ ટ્રસ્ટની પ્રશંસા કરતા વડાપ્રધાને કહ્યું, "પાટીદાર સમાજ યુવાનોની સાથે સાથે ગરીબો, ખાસ કરીને મહિલાઓનાં સશક્તિકરણ પર ભાર મૂકે છે, જે ખરેખર પ્રશંસનીય છે. હોસ્ટેલની સુવિધા પણ અનેક દિકરીઓને આગળ આવવામાં મદદ કરશે." વડાપ્રધાન સ્પષ્ટપણે માને છે કે 21મી સદીમાં ભારત પાસે તકોની કોઈ કમી નથી. વડાપ્રધાને જે સરદાર ધામનું લોકાર્પણ કર્યું તેની ખાસિયતો અને વડાપ્રધાને કરેલી અન્ય જાહેરાતો પર ઉડતી નજરઃ

- સરદાર ધામમાં વિદ્યાર્થીઓ માટે અત્યાધુનિક સુવિધાઓ હશે. 1000થી વધુ વિદ્યાર્થીઓ રહી શકે તેવી હોસ્ટેલ-ભોજનની વ્યવસ્થા
- રૂ. 200 કરોડનાં ખર્ચે સરદાર ધામનું નિર્માણઃ 900 વિદ્યાર્થીઓની ક્ષમતા ધરાવતી ઈ-લાઇબ્રેરી અને જીમની સુવિધા
- ચાર ઝોનમાં રૂ. 1,000 કરોડનાં ખર્ચે તમામ સુવિધાઓ સાથે સંસ્થાનું નિર્માણ કરવામાં આવશે,
- સરદાર ધામમાં યુપીએસસી-જીપીએસસી જેવી સ્પર્ધાત્મક પરીક્ષાની તાલીમ અપાશેઃ ભુજ અને દિલ્હીમાં પણ આવી સંસ્થા બનાવાશે
- સરદાર ધામ દર બે વર્ષે વૈશ્વિક પાટીદાર બિઝનેસ સમિટનું આયોજન કરે છે. આગામી શિખર સંમેલન 2022, 2024 અને 2026માં યોજાશે.
- વૈશ્વિક પાટીદાર બિઝનેસ ઓર્ગેનાઇઝેશન (GPBO) 10,000 ઉદ્યોગપતિઓનું સંગઠન છે.
- બનારસ હિન્દુ યુનિવર્સિટીની આર્ટ ફેકલ્ટીમાં તમિલ ભાષાના અભ્યાસ માટે સુબ્રમણ્યમ ભારતી ચેર સ્થાપવામાં આવશે. ●

# અર્થતંત્રની અમૃતયાત્રા


**ભારત ઝડપથી મજબૂત અર્થતંત્ર બનવાની દિશામાં આગળ વધી રહ્યું છે. એક બાજુ કન્સ્ટ્રક્શન સેક્ટરમાં સકારાત્મકતાનો માહોલ છે, તો મેન્યુફેક્ચરિંગ સેક્ટરમાં નોંધપાત્ર વૃધ્ધિ દેશના આર્થિક પાયાને મજબૂત બનાવી રહી છે. વર્ષ 2021-22નાં પ્રથમ ક્વાર્ટરમાં જીડીપીમાં 20 ટકાથી વધુ વૃધ્ધિ આર્થિક ક્ષેત્રમાં સરકારની મોટી સફળતા છે. કોવિડની નકારાત્મક અસરમાંથી બહાર આવી રહેલું અર્થતંત્ર વી-શેપ રિકવરી નોંધાવશે એવું અનુમાન પણ સાચું સાબિત થઈ રહ્યું છે. મજબૂત નીતિવિષયક નિર્ણયોને કારણે કુલ સ્થાનિક ઉત્પાદન (જીડીપી)માં વધારો થઈ રહ્યો છે. આ ઊંચી છલાંગ સાથે ફરી એક વાર દેશ આર્થિક મોરચે ઝડપથી સ્થિરતા તરફ આગળ વધી રહ્યો છે...**




સરકારની દૂરદર્શિતાને કારણે ભારતીય અર્થતંત્ર મહામારીની અસરમાંથી બહાર આવી રહ્યું છે. સરકારનાં નક્કર પગલાં અને કડક નીતિવિષયક નિર્ણયોથી જ કોઇ પણ દેશનો આર્થિક પાયો મજબૂત બને છે અને અર્થતંત્ર વિક્સે છે. કોવિડ મહામારીએ સમગ્ર વિશ્વને અસર કરી તો ભારત પણ તેનાથી અસ્પૃશ્ય નહોતું. મહામારીથી દેશને બચાવવા માટે સરકારે આયોજનો કર્યા અને અઘરાં નિર્ણયો લઈને 'જાન ભી જહાન ભી'ના મંત્ર દ્વારા લોકોના જીવ બચાવવાને પ્રાથમિકતા આપી. સાથે સાથે, દેશના અર્થતંત્રને પણ ઉપર લાવવા માટે એવા નિર્ણયો લીધાં કે મહામારીના કપરા સમયમાં પણ અર્થતંત્રએ મોટી છલાંગ લગાવી અને નકારાત્મક થયેલી જીડીપીમાં અત્યાર સુધીનો વિક્રમ વધારો નોંધાયો.

જૂન ક્વાર્ટરમાં ભારતની જીડીપી 20.1 ટકા હતી. નાણાંકીય વર્ષ 2021-22ના પ્રથમ ત્રિમાસિક સમયગાળામાં જીડીપી 32.38 લાખ કરોડે પહોંચી હતી, જે ગયા વર્ષના સમાન ત્રિમાસિક ગાળામાં રૂ. 26.95 લાખ કરોડ પર હતી. આ આંકડા સંકેત આપે છે કે મહામારીથી પ્રભાવિત ભારતીય અર્થતંત્રએ જોરદાર પુનરાગમન કર્યું છે. જીડીપીના લેટેસ્ટ આંકડા આવ્યા બાદ ભારતીય કોર્પોરેટ જગતનું માનવું છે કે મહામારીનો ભોગ બનેલા અર્થતંત્રએ પ્રગતિ

> **અંગ્રેજીમાં કહેવત છે કે, size of the cake matters. એટલે કે જેટલી મોટી કેક હશે તેટલો મોટો ટૂકડો લોકોને મળશે. તેથી અમે ભારતના અર્થતંત્રને પાંચ ટ્રિલિયન ડોલરનું અર્થતંત્ર બનાવવાનું લક્ષ્ય નક્કી કર્યું છે. અર્થતંત્રનુ કદ જેટલું મોટું હશે, સ્વાભાવિક છે કે દેશની સમૃધ્ધિ એટલી વધુ હશે. આ સમૃધ્ધિ દરેક પરિવાર, દરેક વ્યક્તિની આવક અને જીવનસ્તરમાં પણ પરિવર્તન લાવે છે.**
>
> **નરેન્દ્ર મોદી, વડાપ્રધાન**



## સૌથી મોટા સાત અર્થતંત્રમાં ભારતની વૃદ્ધિ સૌથી ઝડપી





### ઇતિહાસમાં એવું પ્રથમ વાર બન્યું છે કે કોઈ ત્રિમાસિક સમયગાળામાં જીડીપી વૃદ્ધિ દર 20 ટકાથી વધુ હોય

કરી છે. સીઆઇઆઇનું પણ કહેવું છે કે, કોવિડની બીજી લહેરની આર્થિક પ્રવૃત્તિઓ પર પડેલી પ્રતિકુળ અસર છતાં જીડીપી વૃદ્ધિદરમાં વધારો સકારાત્મક સંકેત છે. દેશના મુખ્ય આર્થિક સલાહકાર કે વી સુબ્રમણિયન પણ માને છે કે ભારતના મેક્રોઇકોનમિક ફન્ડામેન્ટલ મજબૂત છે. દેશ માળખાકીય સુધારા, સરકાર દ્વારા મૂડી ખર્ચ, ઝડપી રસીકરણના જોરે મજબૂત વિકાસ માટે તૈયાર છે. તેમનાં કહેવા પ્રમાણે પ્રથમ ત્રિમાસિક ગાળાના જીડીપી આંકડા ગયા વર્ષે સરકારે વી-શેપ રિકવરીની કરેલી આગાહીને સાચી સાબિત કરે છે.

વૈશ્વિક એજન્સીઓ પણ ભારતીય અર્થતંત્રના સારા દેખાવ અને તીવ્ર ઉછાળાની આશા રાખતી હતી કારણ કે વિશ્વના અન્ય દેશોની સરખામણીમાં કોવિડ સામે ભારતનું મેનેજમેન્ટ સારું રહ્યું છે. મૂડી'ઝ ઇન્વેસ્ટર સર્વિસિસે તાજેતરમાં જ કહ્યું છે કે કોવિડ પ્રતિબંધોમાં છૂટછાટ આપવાની સાથે સાથે ભારતમાં ધીમે ધીમે આર્થિક પ્રવૃત્તિઓ વધી રહી છે. વિશ્વભરના અર્થતંત્રો ફરીથી ખુલી રહ્યા છે ત્યારે ભારતના વિકાસમાં પણ તેજી આવશે. 'ગ્લોબલ મેક્રોઆઉટલુક 2021-22'એ ઓગસ્ટ મહિનાના અપડેટમાં 2021ના કેલેન્ડર વર્ષ માટે ભારતમાં જીડીપી વૃદ્ધિ દર 9.6 ટકા અને 2022માં સાત ટકા રહેવાનો અંદાજ વ્યક્ત કર્યો છે. એકંદરે, અર્થતંત્રમાં વી-શેપ રિકવરી સ્પષ્ટ દેખાઈ રહી છે. દેશના મેક્રો ઇકોનોમિકલ ફન્ડામેન્ટલ્સ પણ મજબૂત હોવાનું સ્પષ્ટ જણાઈ રહ્યું છે. પીએમઆઈ ઇન્ડેક્સમાં પણ નોંધપાત્ર સુધારો એ વાતનો સંકેત છે કે ઉદ્યોગ અને સર્વિસ સેક્ટરમાં ભારતીય અર્થતંત્ર અંગે સકારાત્મક વાતાવરણ છે. મેન્યુફેક્ચરિંગ અને કન્સ્ટ્રક્શન સેક્ટરે અર્થતંત્રને વેગ આપ્યો છે તો દેશના ખેડૂતો પણ પોતાનું પ્રદાન આપવામાં પાછળ નથી. કૃષિ ક્ષેત્રમાં પ્રથમ ત્રિમાસિક સમયગાળામાં ચાર ટકાની નોંધપાત્ર વૃદ્ધિ થઈ છે. ઔદ્યોગિક

## ત્રિમાસિક ધોરણે જીડીપીની ચાલ પર એક નજર




## નાણાંકીય વર્ષ 2021-22ના પ્રથમ ક્વાર્ટરમાં દેશની જીડીપી 30.48 લાખ કરોડની હોવાનો અંદાજ

ઉત્પાદન માપવાના ઈન્ડેક્સ આઈઆઈપીમાં કોર સેક્ટરનો હિસ્સો 38 ટકા છે. જૂનમાં કોર સેક્ટરના ઉત્પાદનમાં આઠ ટકા વૃદ્ધિથી જણાય છે કે દેશના અર્થતંત્રનો પાયો મજબૂત થઈ રહ્યો છે. જુલાઈમાં કોલસા અને વીજળી ક્ષેત્રનું ઉત્પાદન ગયા વર્ષનાં જુલાઈની સરખામણીમાં વધ્યું છે.

સ્થાનિક બજાર ઉપરાંત નિકાસમાં પણ ભારતની કામગીરી સારી રહી છે. જુલાઈમાં દેશની નિકાસ 47 ટકા વધીને 35 અબજ ડોલર થઈ છે, જે જુલાઈ 2019 કરતાં પણ વધુ છે અને ત્યારે તો ભારત સહિત વિશ્વમાં કોવિડ જેવી કોઈ સમસ્યા નહોતી. એટલું જ નહીં, વિદેશી રોકાણકારોએ પણ કોવિડકાળમાં ભારતીય અર્થતંત્ર પર વિશ્વાસ વ્યક્ત કર્યો છે. ઓગસ્ટ 2020 અને ઓગસ્ટ 2021ના આંકડા જોઈએ તો મર્કેન્ડાઈઝ નિકાસમાં 45 ટકાનો વધારો થયો છે. એફડીઆઈ નીતિમાં સુધારા અને ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ જેવાં પગલાંને કારણે  વિદેશી રોકાણકારોએ ચાલુ નાણાંકીય વર્ષનાં પ્રથમ ચાર મહિનામાં 27.37 અબજ ડોલરનું રોકાણ કર્યું છે, જે અગાઉના નાણાંકીય વર્ષના સમાન ગાળા કરતાં 62 ટકા વધુ છે. ઈ-વે બિલ અને ઓટો વેચાણમાં વધારો તથા ઊર્જા વપરાશથી એ સ્પષ્ટ છે કે ભારતીય અર્થતંત્ર પાટા પર આવી રહ્યું છે. વેન્ચર કેપિટલ ફર્મ્સ દ્વારા જાન્યુઆરીથી જુલાઈ 2021 દરમિયાન ભારતીય સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમમાં કુલ 17.2 અબજ ડોલરનું રોકાણ કરવામાં આવ્યું, જે 2020માં કરવામાં આવેલા 11 અબજ ડોલર અને 2019માં કરવામાં આવેલા 13 અબજ ડોલરના રોકાણથી ઘણું વધુ છે.

'વન નેશન-વન ટેક્સ' દ્વારા અર્થતંત્રમાં ક્રાંતિ સર્જનાર જીએસટી દ્વારા ઓગસ્ટ મહિનામાં કુલ રૂ. 1.12 લાખ કરોડની વસૂલાત થઈ હતી, જે સ્પષ્ટપણે સૂચવે છે કે દેશના વેપારમાં તેજી આવી છે. દેશના અર્થતંત્રને મજબૂત કરવા માટે દેશનાં નેતૃત્વ અને તમામ નાગરિકોની મજબૂત ભાગીદારી



## બાંધકામ અને ઉત્પાદન ક્ષેત્રમાં સૌથી વધુ વૃધ્ધિ નોંધાઈ

| સેક્ટર | એપ્રિલ-જૂન (2021-22) | એપ્રિલ-જૂન (2020-21) |
|---|---|---|
| કૃષિ | 4.52 | 8.21 |
| ઉત્પાદન | 49.63 | -4.18 |
| વીજળી/ગેસ/પાણી પુરવઠો | 14.26 | 3 |
| બાંધકામ | 68.3 | -14.9 |
| વેપાર/હોટલ/પરિવહન | 34.32 | -30.22 |
| ફાઈનાન્સિયલ/રિયલ એસ્ટેટ/ પ્રોફેશનલ સર્વિસિસ | 3.7 | -5.0 |
| જીડીપી | 20.1 | -9.21 |

(આંકડા ટકામાં)

## કોવિડકાળમાં બીજી લહેર દરમિયાન પણ કન્સ્ટ્રક્શન અને મેન્યુફેક્ચરિંગ જેવા મહત્વના સેક્ટરમાં તીવ્ર વૃધ્ધિ

મહત્વની છે. કેન્દ્ર સરકારે તેને પોતાની નીતિઓને મહત્વનો આધારસ્તંભ બનાવ્યો છે. અર્થતંત્રમાં આવેલા ઉછાળાએ ભારતની દીર્ઘદ્રષ્ટિએ પણ નિર્ણાયક ભૂમિકા ભજવી છે. વિશ્વન બજારોમાં હવે ભારતીય અર્થતંત્ર અસરકારક સાબિત થઈ રહ્યું છે.


**ભારતીય કૃષિ અને ખેડૂતોની પહોંચ વિશ્વબજાર સુધી**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વડપણમાં કૃષિ ક્ષેત્રમાં કરવામાં આવેલા સુધારાઓની અસર દેખાવા લાગી છે. કૃષિ ક્ષેત્ર તરફથી દેશ માટે સારા સમાચાર મળી રહ્યા છે. 2020-21 દરમિયાન દેશની કૃષિ નિકાસમાં 17.34 ટકાનો નોંધપાત્ર વધારો થયો હતો. મહામારી છતાં કૃષિ નિકાસમાં તીવ્ર વધારો દેશના અન્નદાતાને આભારી છે. 2020-21માં કૃષિ અને કૃષિ સંલગ્ન ઉત્પાદનોની નિકાસ 17.34 ટકા વધીને 41.25 અબજ ડોલર સુધી પહોંચી છે. સાથે સાથે, દેશની ઓર્ગેનિક નિકાસમાં પણ આશરે 51 ટકાનો નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. દેશનાં ખેડૂતોની આ નોંધપાત્ર ઉપલબ્ધિને સમજવા માટે છેલ્લાં ત્રણ વર્ષોની નિકાસના આંકડા પર નજર નાખવી જરૂરી છે. 2017-18માં કૃષિ ઉત્પાદનોની નિકાસ 38.43 અબજ ડોલર હતી, જે 2018-19માં વધીને 38.74 અબજ ડોલર થઈ, તો 2019-20માં થોડી ઘટીને 35.16 અબજ ડોલર થઈ. જ્યારે કોવિડ જેવી વિપરીત પરિસ્થિતિ છતાં 2020-21માં 41.25 અબજ ડોલરનાં અત્યાર સુધીનાં સર્વોચ્ચ સ્તર પર પહોંચી છે.

વડાપ્રધાન મોદીની યોજના એક જિલ્લા-એક ઉત્પાદને કૃષિ નિકાસમાં મહત્વપૂર્ણ પ્રદાન આપ્યું છે. દેશમાં પ્રથમ વાર ઘણાં ક્લસ્ટર્સમાંથી નિકાસ થઈ છે. જેમ કે વારાણસીથી તાજાં શાકભાજી અને ચંદૌલીથી કાળા ચોખાની પ્રથમ વાર નિકાસ થઈ છે. આને કારણે તે જિલ્લાઓના ખેડૂતોને સીધો લાભ થયો છે. આ ઉપરાંત, દેશના અન્ય ક્લસ્ટર જેમ કે નાગપુરથી સંતરા, અનંતપુરથી કેળા, લખનઉથી કેરી વગેરેની પણ નિકાસ થઈ છે. ભારતીય કૃષિ ઉત્પાદનોની આ સફળતામાં પ્રથમ વાર નિકાસ કરવામાં આવતા ઉત્પાદનોએ મહત્વપૂર્ણ

## મેન્યુફેક્ચરિંગ સેક્ટરમાં આ પ્રકારની ગતિ રહી

ઓગસ્ટમાં મેન્યુફેક્ચરિંગ પરચેઝિંગ ઈન્ડેક્સ (પીએમઆઇ) 52.3 પોઈન્ટ થઈ ગયો હતો. જુલાઈમાં આ અંક 55.3 હતો. પીએમઆઈમાં 50થી ઉપરનો આંક વૃધ્ધિ અને તેનાની નીચેનો આંક સંકોચન દર્શાવે છે. જુલાઈની સરખામણીમાં ઓગસ્ટમાં તેમાં ઘટાડો નોંધાયો હતો, તેમ છતાં મેન્યુફેક્ચરિંગમાં તેમાં મજબૂતાઈ રહી છે.






## જીડીપી વૃધ્ધિમાં વિક્રમ ઉપરાંત, એવું પ્રથમ વાર બન્યું છે કે એક ત્રિમાસિક ગાળામાં ભારતે 95 અબજ ડોલરથી વધુની નિકાસ કરી હોય

ભૂમિકા નિભાવી છે. આ એવા ઉત્પાદન છે જેને પ્રથમ વાર દેશની બહાર વેચવામાં આવ્યા અને પોતાની ગુણવત્તાને કારણે તેણે વિદેશી બજારમાં ધૂમ મચાવી દીધી છે. કૃષિ ઉત્પાદનોની નિકાસમાં તીવ્ર વૃધ્ધિનું એક મોટું કારણ એ પણ છે કે મહામારી છતાં મલ્ટીમોડલ મોડ, માર્કેટ લિન્કે માટે પ્રયાસ, પાક લીધા પછી વેલ્યુ ચેઈનનો વિકાસ અને ખેડૂત ઉત્પાદક સંઘ (FPO) જેવી પહેલથી પૂર્વોત્તર રાજ્યો સુધીના ખેડૂતો પણ પોતાના ઉત્પાદનને વિદેશી બજાર સુધી પહોંચાડવામાં સફળ રહ્યા છે.


પ્રથમ વાર મે, 2021માં 4,000 કિલો ઓર્ગેનિક સાંવા ચોખા અને જવની ડેન્માર્કમાં નિકાસ કરવામાં આવી. આ વર્ષે આસામથી પ્રથમવાર અમેરિકામાં 40 મેટ્રિક ટન લાલ ચોખાની નિકાસ કરવામાં આવી. આ રીતે પૂર્વોત્તર રાજ્યોમાંથી બર્મી દ્રાક્ષ અને ત્રિપુરાથી બે ખેપો દ્વારા (મે મહિનામાં 1.2 મેટ્રિક ટન અને જુલાઈમાં 1.6 મેટ્રિક ટન) જેકફ્રુટની લંડનમાં નિકાસ કરવામાં આવી. આ જ રીતે, નાગાલેન્ડથી 200 કિલો ફ્રેશ કિંગ ચિલી લંડન મોકલવામાં આવ્યા. કાનપુરના જાંબુએ પ્રથમ વાર વિદેશોમાં ધૂમ મચાવી. જુન-જુલાઈ 2021માં જાંબુના 10 કન્સાઈન્ટમેન્ટ બ્રિટન, ઓમાન અને સંયુક્ત આરબ અમિરાતમાં નિકાસ કરવામાં આવ્યા. કાનપુરના જાંબુ હવે પાકિસ્તાનની મોનોપોલી તોડી રહ્યા છે. આ જ રીતે, ભાગલપુરના જરદાળુ કેરીની પણ પ્રથમ વાર લંડનમાં નિકાસ કરવામાં આવી. પ્રથમવાર કાશ્મીરની મિશ્રી ચેરીને દુબઈનું અને હિમાચલ પ્રદેશના સફરજનને બહેરીનનું બજાર મળ્યું છે. 11 ઓગસ્ટનાં રોજ છત્તીસગઢથી 9 મેટ્રિક ટન સુકાયેલો મહુઆ પ્રથમવાર ફ્રાંસ મોકલવામાં આવ્યો હતો. આ નવા પ્રારંભને એક પ્રયોગ તરીકે જૂઓ તો કહી શકાય કે ભારતના ખેડૂતો હવે માત્ર દેશ જ નહીં, વિશ્વનું પેટ ભરી રહ્યા છે.

### વી-શેપ રિકવરી સાથે ઊંચી છલાંગ

કોવિડ મહામારીની બે લહેરનો સામનો કરી ચૂકેલા ભારતીય અર્થતંત્રની ગાડી પાટા પર આવી રહી છે કારણ કે જૂન મહિનાથી

# જીએસટી વસૂલાતમાં વિક્રમ ગતિ

**જૂન 2021ના આંકડાને બાકાત રાખીએ તો છેલ્લાં 11 મહિનાથી જીએસટી વસૂલાતનો આંક રૂ. એક લાખ કરોડને વટાવી ગયો છે. કર વસૂલાતમાં વધારો અર્થતંત્રમાં ઝડપી રિકવરીનું પ્રમાણ છે.**




આર્થિક પ્રવૃત્તિઓ શરૂ થઈ ગઈ છે. વૈશ્વિક મહામારીને કારણે દેશની જીડીપી માઇનસ 24 સુધી નીચે ઉતરી ગઈ હતી. પણ હવે 20.1 ટકાનો વધારો એ સાબિત કરે છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય નાણાં મંત્રાલયે સમજી વિચારીને અને સ્પષ્ટ દ્રષ્ટિકોણ અપનાવીને પડકારોનો સામનો કરતા આ સફળતા પ્રાપ્ત કરી છે, જે વિશ્વના અન્ય અર્થતંત્રો માટે એક બોધપાઠ છે. કૃષિ ક્ષેત્રથી માંડીને રિયલ એસ્ટેટ, ઓટોમોબાઇલ જેવા ક્ષેત્રોમાં તેજી આવી રહી છે.

અર્થતંત્રમાં આવેલા ઉછાળાની અસરને કારણે ઔદ્યોગિક વિકાસમાં તેજી આવી છે. નાણાંકીય વર્ષ 2021-22ના પ્રથમ ત્રિમાસિક સમયગાળામાં 46.1 ટકાની જીવીએ (ગ્રોસ વેલ્યુ એડેડ) વૃધ્ધિ નોંધવામાં આવી, જે કોવિડને કારણે અગાઉના નાણાંકીય વર્ષનાં પ્રથમ ત્રિમાસિક ગાળામાં માઇનસ 35.8 ટકા હતી. જીવીએ દ્વારા કોઇ પણ અર્થતંત્રમાં કુલ ઉત્પાદન અને આવકનો તાગ મળે છે. તે દર્શાવે છે કે એક નિશ્ચિત મુદતમાં ઈનપુટ કોસ્ટ અને કાચા માલનો ખર્ચ બાદ કરીને કેટલાં રૂપિયાની વસ્તુ અને સેવાઓનું ઉત્પાદન થયું. તેનાંથી એ પણ સમજાય છે કે કોઈ ખાસ ક્ષેત્ર કે ઉદ્યોગમાં કેટલું ઉત્પાદન થયું છે. ઉદ્યોગોને પ્રોત્સાહન આપીને અને તેમને સાથે લઈને ચાલતી કેન્દ્ર સરકારની નીતિએ ઉદ્યોગજગતમાં વિશ્વાસનો

> **વિકાસના માર્ગ પર આગળ વધતાં ભારતે ઉત્પાદન અને નિકાસ બંનેમાં વધારો કરવાનો છે. કોવિડ બાદ સર્જાયેલી નવી આર્થિક પરિસ્થિતિઓમાં મેક ઇન ઇન્ડિયાને સ્થાપિત કરવા માટે સરકારે પ્રોડક્શન લિન્ક્ડ ઇન્સેન્ટિવ્સ (PLI)ની પણ જાહેરાત કરી છે. આ યોજનાથી આવેલા પરિવર્તનનું ઉદાહરણ ઇલેક્ટ્રોનિક ઉત્પાદનમાં જોઈ શકાય છે. સાત વર્ષ પહેલાં આપણે આઠ અબજ ડોલરના મોબાઇલ ફોનની આયાત કરતા હતા. હવે આયાતમાં નોંધપાત્ર ઘટાડો થઇ ગયો છે. આજે આપણે ત્રણ અબજ ડોલરના મોબાઇલ ફોનની નિકાસ કરીએ છીએ.**
>
> **-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન**

સંચાર કર્યો છે અને તેનું સકારાત્મક પરિણામ અર્થતંત્રમાં જોવા મળી રહ્યું છે.

લોકડાઉન અને સતત કોવિડના ઓછાયાને કારણે સર્વિસ



## ઓટોમોબાઇલ સેક્ટરથી અર્થતંત્રની ઝડપ વધી

- ગયા વર્ષમાં બહુ ઓછાં વેચાણને કારણે દેશના ઓટોમોબાઇલ સેક્ટર પર વિપરીત અસર પડી હતી. તેનું કારણ કોવિડકાળમાં કડક લોકડાઉન અને લોકોની ખર્ચ કરવાની ક્ષમતામાં ઘટાડો છે.
- ભારતનું ઓટોમોબાઇલ સેક્ટર વિશ્વમાં ચોથા ક્રમે છે અને તે લોકોને મોટી સંખ્યામાં રોજગારી પૂરી પાડે છે.
- એટલાં માટે આ આંકડા ચિંતાજનક હોઈ શકે છે. પણ ગયા નાણાંકીય વર્ષનાં ત્રીજા ત્રિમાસિક ગાળામાં આ સેક્ટરમાં થયેલો સુધારો એપ્રિલ-જૂન 2021 સુધી ચાલુ રહ્યો છે.
- ગયા વર્ષે જૂન ક્વાર્ટરમાં કોમર્શિયલ વાહનોનાં વેચાણમાં 84.8 ટકાનો ઘટાડો થયો હતો, જ્યારે આ વર્ષે પ્રથમ ક્વાર્ટરમાં તેમાં 234.4 ટકાનો વધારો થયો છે.
- ખાનગી વાહનોનું વેચાણ વીતેલા વર્ષના પ્રથમ ત્રિમાસિક ગાળામાં 74.7 ટકા ઘટ્યું હતું, જેણે 110.6 ટકાના વધારા સાથે નવો વિક્રમ સર્જ્યો હતો.



## વીજ વપરાશ, ઇ-વે બિલ, ડિજિટિલ લેવડદેવડ અને મજબૂત જીએસટી વસૂલાતને કારણે પણ સુધારાનો સંકેત

સેક્ટરમાં પણ મંદી જોવા મળી હતી, પણ સરકારે જનકલ્યાણ નીતિઓને સર્વોચ્ચ પ્રાથમિકતા આપી જેથી લોકો સારી રીતે જીવનનિર્વાહ કરી શકે. તેનાં પરિણામે હવે સર્વિસ સેક્ટરમાં પણ નોંધપાત્ર રિકવરી જોવા મળી રહી છે. ચાલુ નાણાંકીય વર્ષનાં પ્રથમ ત્રિમાસિક સમયગાળામાં 11.4 ટકાની જીવીએ વૃદ્ધિ નોંધવામાં આવી હતી. આટલું જ નહીં, જાહેર બેન્કોનો ચોખ્ખો નફો વધીને રૂ. 31,816 કરોડ થયો હતો. એનપીએ ઘટાડવા માટે સરકારે લીધેલાં પગલાંના પરિણામે માર્ચ 2018માં કુલ એનપીએ 11 ટકાથી ઘટીને માર્ચ 2021માં સાત ટકા પર આવી ગઈ હતી. આ રીતે નેટ એનપીએ 2018માં 5.90 ટકાથી ઘટીને લગભગ બે ટકાએ આવી ગઈ છે. બેન્કિંગ સિસ્ટમને સુધારવા માટે સરકારે સમયસર કરેલી કામગીરીનું આ પરિણામ છે.

રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયા પ્રમાણે 27 ઓગસ્ટે પૂરા થયેલા સપ્તાહમાં ભારતનું વિદેશી હૂંડિયામણ 16.663 અબજ ડોલર વધીને 633.558 અબજ ડોલરના વિક્રમ સ્તરે પહોંચ્યું છે. વિદેશી હૂંડિયામણમાં આ વધારા પાછળનું મુખ્ય કારણ એસડીઆર હોલ્ડિંગમાં વધારો છે. સોનાની અનામતો 192 મિલિયન ડોલર વધીને 37410 મિલિયન ડોલર થઈ હતી. અમેરિકા અને ચીન બાદ ભારત વિશ્વનું ત્રીજા ક્રમનું મોટું સ્ટાર્ટઅપ ઇકો સિસ્ટમ બની ગયું છે. હુરુન ઇન્ડિયાના અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, ભારત વિશ્વની ત્રીજી મોટી યુનિકોર્ન ઇકો સિસ્ટમ છે અને ભારતે ગયા વર્ષે દર મહિને સરેરાશ ત્રણ યુનિકોર્ન ઉમેર્યા છે. આ અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે ઓગસ્ટ 2021 સુધી માત્ર આઠ મહિનામાં જ યુનિકોર્નની સંખ્યા આશરે બમણી થઈને 51 થઈ ગઈ છે. રસીકરણમાં ઝડપ અને ગ્રાહકોના દ્રષ્ટિકોણમાં પરિવર્તનને કારણે ઓગસ્ટમાં સર્વિસ પીએમઆઇ 18 મહિનાની ટોચે પહોંચ્યો હતો. કામકાજ અને માગમાં વધારાને કારણે આમ થયું છે. ઔદ્યોગિક એકમો ફરીથી ખુલવાથી અને ગ્રાહકોની સંખ્યામાં વધારો થવાથી વેચાણમાં વધારો થયો છે. તેનાં કારણે 'ઇન્ડિયા સર્વિસિસ બિઝનેસ એક્ટિવિટી ઇન્ડેક્સ'



# આર્થિક મોરચે સારા સમાચાર: કોર સેક્ટરની વૃધ્ધિમાં 9.4 ટકા વધારો

કોલસો, ક્રુડ ઓઇલ જેવા આઠ સેક્ટર્સને અર્થતંત્રનો પાયો માનવામાં આવે છે. આ આઠ સેક્ટરને કોર સેક્ટર કહેવામાં આવે છે. તેના વિકાસ દરમાં ઘટાડો કે વધારો દર્શાવે છે કે દેશના અર્થતંત્રનો પાયો કેટલો મજબૂત છે. કોર સેક્ટરના આઠ ઉદ્યોગોનાં ઉત્પાદનમાં જુલાઈમાં 9.4 ટકા વધારો થયો છે.

| | |
|---|---|
| કોલસા | 18.7 |
| ક્રુડ ઓઇલ | -3.2 |
| નેચરલ ગેસ | 18.9 |
| રિફાઇનરી ઉત્પાદન | 6.7 |
| ખાતર | 0.5 |
| સ્ટીલ | 9.3 |
| સિમેન્ટ | 21.8 |
| વીજળી | 9.0 |
| કુલ | 9.4 |

## વિક્રમજનક એફડીઆઈ પ્રવાહ

- ભારતમાં 2020-21માં 81.72 અબજ ડોલરનો અત્યાર સુધીનો સર્વોત્તમ એફડીઆઇ પ્રવાહ નોંધાયો છે.
- આ 2019-20માં આવેલા 74.39 અબજ અમેરિકન ડોલરની સરખામણીમાં 10 ટકા વધુ છે.
- એપ્રિલ 2021 દરમિયાન 6.24 અબજ અમેરિકન ડોલરના એફડીઆઇ પ્રવાહ સાથે સતત વૃધ્ધિ ચાલુ છે, જે એપ્રિલ 2020ની સરખામણીમાં 38 ટકા વધુ છે
- દેશનું વિદેશી હૂંડિયામણ 27 ઓગસ્ટે પૂરા થયેલા સપ્તાહમાં 16.663 અબજ ડોલર વધીને 633.558 અબજ ડોલરના વિક્રમ સ્તરે પહોંચ્યું હતું.
- આ સમયગાળામાં સોનાની અનામતો 19.2 કરોડ ડોલર વધીને 37.410 અબજ ડોલર થઈ હતી.
- આઇએમએફ પાસે દેશની અનામતો 1.4 કરોડ ડોલર વધીને 5.11 અબજ ડોલર થઈ હતી.

**ઉત્પાદન વધારવા માટે કેન્દ્ર સરકારની પ્રોડક્શન લિન્ક્ડ ઇન્સેન્ટિવ જેવી પહેલને ઉદ્યોગ જગતે આવકાર આપ્યો.**

જુલાઈ 2021માં 45.4 ટકા વધીને ઓગસ્ટ 2021માં 56.7 ટકા થયો હતો.

### નિકાસ વધારવાના ચાર મંત્ર

નિકાસ વધારીને આયાત ઘટાડવી એ આત્મનિર્ભર ભારત અભિયાનનો મહત્વનો ઉદ્દેશ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી આ માટે ચાર પરિબળો પર ભાર મૂકે છે. પ્રથમ-દેશમાં ઉત્પાદનમાં અનેક ગણો વધારો અને તંદુરસ્ત સ્પર્ધા. આજે વિશ્વમાં એક

## ભારતના ઇતિહાસમાં એક ક્વાર્ટરમાં સૌથી વધુ નિકાસ

- જ્યારથી કોરોના વાયરસ વિશ્વભરમાં નબળો પડ્યો છે ત્યારથી સમગ્ર વિશ્વનું બજાર ફરીથી ખૂલવા માંડ્યું છે. આની સાથ સાથે લોકોની માંગ પણ વધવા લાગી છે. આ સ્થિતિનો લાભ લઈને ભારતે નિકામાં વધારો કરતા આંકડામાં વધારો થયો છે.
- ભારતના ઇતિહાસમાં 2021-22ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં અત્યાર સુધી સૌથી વધુ 95 અબજ ડોલરની નિકાસ થઈ છે, જે 2020-21ના પ્રથમ ક્વાર્ટરની નિકાસ કરતા 85 ટકા વધુ અને 2019-20ના પ્રથમ ક્વાર્ટરની નિકાસ કરતા 18 ટકા વધુ છે.
- ભારતે વિશ્વના અગ્રણી અર્થતંત્રોની સરખામણીમાં એપ્રિલ 2020માં નિકાસ ક્ષેત્રમાં સારી કામગીરી કરી હતી. એપ્રિલ 2019ની સરખામણીમાં એપ્રિલ 2021 દરમિયાન ભારતની નિકાસ યુરોપિય સંઘ, જાપાન, અમેરિકા, કોરિયા અને યુકે જેવા ટોચના અર્થતંત્રોની સરખામણીમાં વધુ હતી.
- એપ્રિલ-જૂન (2020-21ની સરખામણીમાં) પશુધન ઉત્પાદનોની નિકાસ એપ્રિલ-જૂન (2021-22) દરમિયાન 106 ટકા વધી છે, જે આ સમયગાળા દરમિયાન રૂ. 3668 કરોડથી વધીને રૂ. 7543 કરોડ થઈ છે.
- વર્ષ 2019માં 37 અબજ ડોલરની કુલ કૃષિ નિકાસ સાથે ભારત વિશ્વ રેન્કિંગમાં હવે 9માં ક્રમે છે. ભારતે 2021-22 (એપ્રિલથી જૂન)માં કૃષિ અને પ્રોસેસ્ડ ફુડ પ્રોડક્ટ્સની નિકાસમાં 2020-21ના સમાન સમયગાળાની સરખામણીમાં 44.3 ટકાની નોંધપાત્ર વૃધ્ધિ હાંસલ કરી હતી.




## મેક ઇન ઇન્ડિયા-મેક ફોર વર્લ્ડ અને આત્મનિર્ભર ભારત જેવા અભિયાન અર્થતંત્ર માટે સંજીવની બન્યાં

એવો વર્ગ તૈયાર થયો છે, જે કિંમતને બદલે ગુણવત્તા પર ફોકસ કરે છે. બીજું- ટ્રાન્સપોર્ટની લોજિસ્ટીક્સ સમસ્યા દૂર કરવી. તેમાં રાજ્ય સરકારો-કેન્દ્ર સરકાર અને ખાનગી કંપનીઓએ તેમની ભૂમિકા ભજવવી પડશે. ત્રીજું, નિકાસકારો સાથે સરકાર નજીકથી કામ કરે. તેમાં રાજ્યની એક્સપોર્ટ કાઉન્સિલ વચ્ચે નથી આવતી અને વેપારી પોતાની રીતે નિકાસ કરે છે, તેથી જે પરિણામ મળવું જોઇએ તે નથી મળતું. તેથી, બધાંએ મળીને પ્રયાસ કરવો જોઇએ. અને ચોથું પરિબળ છે- ભારતીય ઉત્પાદનો માટે આંતરરાષ્ટ્રીય બજાર. આ ચારેય પરિબળો ભેગાં થશે તો જ ભારતનું 'લોકલ', 'ગ્લોબલ' બનશે અને મેક ઈન ઈન્ડિયા-મેક ફોર વર્લ્ડના લક્ષ્યાંકને સારી રીતે સિધ્ધ કરી શકાશે. ભારતે પોતાની દીર્ઘદ્રષ્ટિ સાથે આ ચાર મંત્રોને સાકાર કર્યા છે અને આજે નિકાસના ક્ષેત્રમાં ભારતની ઉલ્લેખનીય વૃધ્ધિ અર્થતંત્રને મજબૂતી આપી રહી છે.

### મક્કમ નિર્ણયોને કારણે આવી રહેલી ગતિ

કોવિડની શરૂઆત થઈ ત્યારે કેન્દ્ર સરકારને લાગ્યું કે આ મહામારીને કારણે અર્થતંત્ર પર જે અસર પડવાની છે તે કોઇ પણ જૂની મહામારીની અસરથી અલગ છે કારણ કે આ એવી મહામારી છે જેને કારણે માંગ પર નકારાત્મક અસર પડી હતી. તેથી ચિંતા એ વાતની હતી કે આ મહામારી દેશના અર્થતંત્ર પર લાંબા સમય સુધી અસર કરશે. પણ સરકારનું કાબેલ વહીવટીતંત્ર આ દિશામાં સતત કામ કરી રહ્યું હતું, જેથી આવી સ્થિતિ લાંબો સમય ન ટકે. સુધારા માટે અનેક પહેલ કરવામાં આવી. જેમ કે, શ્રમ સુધારા, કૃષિ સુધારા, એમએસએમઈની વ્યાખ્યામાં ફેરફાર, પીએલઆઇ સ્કીમ જેવાં અનેક ઉદાહરણો છે. આ સુધારાથી દેશના અર્થતંત્રને સુધારવા માટે ઘણી મદદ મળી. રોજગારના આંકડા જોઇએ તો, 2011-12માં લેબર ફોર્સમાં પાંચ ટકાનો ઘટાડો થયો હતો, જ્યારે 2017-18માં પગારદાર કર્મચારીઓની સંખ્યામાં પાંચ




ટકાનો વધારો થયો હતો, જે એ વાતનો સંકેત હતો કે અર્થતંત્રના આકાર, પ્રકાર, વ્યવહાર અને સિસ્ટમમાં સુધારો થઈ રહ્યો છે. શેલ એકમોની ઓળખ કરવી, આઈબીસી, જીએસટી જેવી પહેલ અર્થતંત્રને 'એક નિયમ-એક કાયદા'ના માળખામાં લાવવાન દિશામાં મહત્વપૂર્ણ પગલાં હતાં. તેનો ફાયદો એ છે કે બિનસંગઠિતની સરખામણીમાં સંગઠિત ક્ષેત્ર મહામારી જેવી સમસ્યાનો સામનો કરવામાં વધુ લચીલું હોય છે.

સરકાર માટે પહેલાં તો અર્થતંત્રને સંગઠિત રીતે આકાર, પ્રકાર અને વ્યવહારમાં ઢાળવાનો પડકાર હતો, તો બીજી બાજુ, રોજગાર આધારિત સેક્ટર્સ પર ફોકસ કરવાનું હતું. કેન્દ્ર સરકારનું સ્પષ્ટ માનવું હતું કે દેશે માત્ર ટૂંકા ગાળાના પડકારોનો જ ઉકેલ નથી લાવવાનો, પણ અર્થતંત્રને પાછું મજબૂત સ્થિતિમાં લાવવાનું છે અને માળખાકીય વિકાસ પણ કરવાનો છે.

## 21મી સદીનું અર્થતંત્ર

ભારત એવો દેશ છે જ્યાં 50 ટકા વસતિ 25 વર્ષથી ઓછી ઉંમરની છે. યુવાનોનો જોશ અને વિચારોથી સભર દેશ સતત આગળ વધી રહ્યો છે. વિટંબણા એ છે કે, ભૂતકાળમાં સામાન્ય બજેટ માત્ર આવક-ખર્ચની પ્રવૃત્તિ પૂરતું જ મર્યાદિત હતું. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ યુવાનોની ભાગીદારી સુનિશ્ચિત કરવા તેમને નવી તકો પૂરી પાડી. સમગ્ર દેશ વિકાસમાં ભાગીદાર બને તે માટે પ્રથમ વાર કોઈ કેન્દ્ર સરકારે 115 પછાત જિલ્લાઓને આકાંક્ષી નામ આપ્યું અને કહ્યું કે માત્ર દિલ્હી-મુંબઈની જરૂરિયાતો જ ધ્યાનમાં રાખવામાં આવે તેને અર્થતંત્રનો વિકાસ ન કહેવાય. પણ અંતિમ વ્યક્તિ સુધી સુવિધાઓ પહોંચે તેની ખાતરી રાખીને દરેક વ્યક્તિને ઔપચારિક અર્થતંત્રમાં ભાગીદાર બનાવવાના છે. વર્કિંગ-એજ ગ્રૂપ મોટા ભાગે ગરીબ રહી જાય છે કારણ કે તેમની પાસે સુવિધાઓ અને તકો નથી હોતી. ભારતમાં ક્યાંય પણ રહેતા નાગરિકને વ્યક્તિગત અને સામૂહિક સુવિધાઓનો લાભ મળવો જોઈએ. તેનાથી ઈઝ ઓફ લિવિંગ સુધરે છે. કોવિડ દરમિયાન રજૂ કરવામાં આવેલું સામાન્ય બજેટ આ જ લાંબા ગાળાની દ્રષ્ટિ પર આધારિત છે. ભારતમાં વડાપ્રધાન મોદીએ 2014થી આ માટે મહત્વનાં પગલાં લેવાનું શરૂ કર્યું છે.

## ભારતીય અર્થતંત્રમાં આમૂલ પરિવર્તન

2013માં એક સમય એવો પણ હતો કે ભારતીય અર્થતંત્રને 'ફ્રેઝાઈલ ફાઈવ' જૂથનું સભ્ય માનવામાં આવતું હતું. પણ વીતેલા સાત વર્ષોમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારત હવે વિશ્વનું ઝડપથી વૃધ્ધિ પામી રહેલું અર્થતંત્ર બની ગયું છે. પહેલાં ફુગાવા પર કાબુ મેળવ્યો, ઈઝ ઓફ ડુઈંગને પ્રોત્સાહન આપ્યું અને વૈશ્વિક રેન્કિંગમાં 2014માં 142મા સ્થાનથી ભારત 63માં સ્થાને આવી ગયું છે. રાજકોષીય ખાધ ઓછી કરવાની પહેલ થઈ. કર જાળને નાબૂદ કરીને એક વ્યવસ્થા લાગુ કરી. એનપીએને ઘટાડવા માટે બેન્કિંગ સુધારા પર ભાર મૂકવામાં આવ્યો. ઘર ખરીદવા માટે બેન્ક લોન પરના વ્યાજદર ઘટાડવાથી ઘરનું ઘર ખરીદવાનું કરોડો લોકોનું સપનું સાકાર થયું. આ બધી હકીકત ભારતીય અર્થતંત્રની સકારાત્મક તસવીર રજૂ કરે છે અને એ પણ સૂચવે છે કે ભારત મહત્વની આર્થિક તાકાત બનવાની દિશામાં આગળ વધી રહ્યું છે.

ચોક્કસપણે, ભારતીય અર્થતંત્રમાં નોંધપાત્ર રિકવરી થઈ રહી છે, એટલું જ નહીં તેમાં સ્થિરતા પણ આવી રહી છે. વિશ્વની તમામ એજન્સીઓ વ્યક્ત કરેલા અંદાજ કરતાં ભારત વધુ સારો દેખાવ કરી રહ્યું છે. દેશ અને તેનાં નેતૃત્વની દ્રષ્ટિ ત્રિમાસિકથી ત્રિમાસિક પૂરતી મર્યાદિત નથી, પણ દૂરની છે. દૂરદર્શિતા સાથે જીવન અને અર્થતંત્ર વચ્ચે સમન્વય સાધીને આગામી 25 વર્ષના સંકલ્પ સાથે અમૃતકાળની યાત્રા શરૂ થઈ ગઈ છે. ટૂંકમાં કહીએ તો, વૈશ્વિક અર્થતંત્રના સુસ્ત વિકાસ વચ્ચે ભારતને વિકાસની મશાલ પકડી લીધી છે. ●




# હરેકૃષ્ણની જેમ 'મેક ઇન ઈન્ડિયા' પ્રોડક્ટ્સને અપનાવવા આહવાન

**શ્રીલ ભક્તિવેદાંત સ્વામી પ્રભુપાદજીએ ઈન્ટરનેશનલ સોસાયટી ફોર કૃષ્ણ કોન્શિયસનેસ (ઇસ્કોન) ની સ્થાપના કરી હતી, જેને સામાન્ય રીતે હરે કૃષ્ણ આંદોલન તરીકે ઓળખવામાં આવે છે. અલૌકિક કૃષ્ણભક્ત અને મહાન ભારત ભક્ત પ્રભુપાદ સ્વામીએ જે રીતે હરે કૃષ્ણને વિશ્વભરના લોકો માટે અભિવાદનનો હિસ્સો બનાવ્યો, એ જ રીતે સ્વદેશી ઉત્પાદનોને પણ પ્રોત્સાહન આપવા વડાપ્રધાને આહવાન કર્યું..**


ભારતની ચેતનામાં સંતોનું મહત્વપૂર્ણ પ્રદાન રહ્યું છે. આ સંતોએ જ સમાજને ભક્તિભાવમાં બાંધીને 'વિશ્વાસથી આત્મવિશ્વાસ'નો મંત્ર આપ્યો છે. જન્માષ્ટમીના બે દિવસ બાદ શ્રીલ પ્રભુપાદજીની 125મી જયંતી અનોખો સુખદ યોગાનુયોગ હતો. આ પ્રસંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વિડિયો કોન્ફરન્સિંગના માધ્યમથી તેમને યાદ કર્યા અને 125 રૂપિયાનો વિશેષ સિક્કો પણ જારી કર્યો. આ પ્રસંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભારતીય સંસ્કૃતિ અને પરંપરાનો ઉલ્લેખ કરતા કહ્યું, "આપણે બીજાં દેશમાં જઈએ છીએ ત્યારે ત્યાંના લોકો 'હરે કૃષ્ણ' બોલીને અભિવાદન કરે છે ત્યારે આપણને કેટલું પોતીકાપણું લાગે છે, કેટલું ગૌરવ થાય છે. કલ્પના કરો, આ જ પોતીકાપણું આપણને 'મેક ઈન્ડિયા' પ્રોડક્ટ્સ માટે મળે તો આપણને કેવું લાગશે? " વડાપ્રધાનનો સંકેત આત્મનિર્ભર ભારત અભિયાનને વિશ્વભરમાં પહોંચાડવાનો હતો.

### શ્રીલ પ્રભુપાદ સ્વામીએ દર્શાવ્યો ભક્તિયોગનો માર્ગ

ઈસ્કોનના સંસ્થાપક પ્રભુપાદ સ્વામીએ 100થી વધુ મંદિરોની પણ સ્થાપના કરી અને વિશ્વને ભક્તિયોગનો માર્ગ દર્શાવતાં અનેક પુસ્તકો લખ્યા. ઈસ્કોને શ્રીમદ ભગવદગીતા અને અન્ય વૈદિક સાહિત્યનો 89 ભાષાઓમાં અનુવાદ કર્યો, જે વિશ્વભરમાં વૈદિક સાહિત્યના પ્રસારમાં મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ કહ્યું કે, આજે વિશ્વના અનેક દેશોમાં સેંકડો ઈસ્કોન મંદિર અને ગુરુકુળ ભારતીય સંસ્કૃતિને જીવંત રાખી રહ્યાં છે. ઈસ્કોને વિશ્વને બતાવ્યું કે, ભારત માટે આસ્થાનો અર્થ ઉમંગ, ઉત્સાહ, ઉલ્લાસ અને માનવતા પર વિશ્વાસ છે. કચ્છનો ભૂકંપ, ઉત્તરાખંડની કુદરત્તી આપત્તિઓ, ઓડિશા અને બંગાળમાં આવેલા ચક્રવાત અને મહામારી દરમિયાન ઈસ્કોને અનેક સેવા કાર્ય કર્યા. આ કાર્યક્રમમાં વડાપ્રધાને કરેલા સંબોધનના મુખ્ય મુદ્દા નીચે પ્રમાણે છેઃ

- પ્રભુપાદ સ્વામી અલૌકિક કૃષ્ણભક્તની સાથે સાથે મહાન ભારત ભક્ત પણ હતા. માનવતાના હિતમાં ભારત વિશ્વને કેટલું બધું આપી શકે છે તેનું મોટું ઉદાહરણ છે વિશ્વભરમાં ફેલાયેલા આપણા યોગનું જ્ઞાન. આપણી જીવનશૈલી અને આયુર્વેદનો લાભ.
- ભારતના શાશ્વત સંસ્કાર છેઃ સર્વે ભવન્તુસુખિનઃ, સર્વે સંતુ નિરામયઃ આ વિચાર ઈસ્કોન દ્વારા તમારા બધાંનો, લાખો કરોડો લોકોનો સંકલ્પ બની ચૂક્યો છે.
- પ્રભુપાદજી જહાજ દ્વારા અમેરિકા ગયા ત્યારે તેમનું ખિસ્સું લગભગ ખાલી હતું, તેમની પાસે માત્ર ગીતા અને શ્રીમદ ભાગવતની જ મૂડી હતી. જ્યારે તેઓ ન્યૂયોર્ક પહોંચ્યા ત્યારે તેમની પાસે ભોજનની વ્યવસ્થા નહોતી, રહેવાનું પણ કોઈ ઠેકાણું નહોતું. પણ પછીનાં 11 વર્ષોમાં વિશ્વએ જે જોયું, જે શ્રધ્ધેય અટલજીના શબ્દોમાં કહું તો, "એ કોઈ ચમત્કારથી ઓછું નહોતું." ●

શ્રીલ ભક્તિવેદાંત સ્વામી પ્રભુપાદની 125મી જન્મ જયંતી પર વડાપ્રધાનનું સંપૂર્ણ સંબોધન સાંભળવા માટે ક્યુઆર કોડ સ્કેન કરો



કેબિનેટના નિર્ણયો

# સંરક્ષણ, કૃષિ અને ટેક્સટાઇલ ક્ષેત્રમાં આત્મનિર્ભરતા માટે મહત્વના નિર્ણયો

**આત્મનિર્ભર માત્ર શબ્દ નથી, પણ નવા ભારત માટેની જીવનરેખા બની ગઈ છે. તાજેતરમાં કેન્દ્ર સરકારે જનભાગીદારી દ્વારા 13 સેક્ટર્સમાં રૂ. બે લાખ કરોડની પીએલઆઈ સ્કીમની જાહેરાત કરી હતી. આ સ્કીમ અંતર્ગત આગામી પાંચ વર્ષોમાં રૂ. 37.5 લાખ કરોડનું ઉત્પાદન થશે અને આ સમયગાળામાં ઓછામાં ઓછા એક કરોડ લોકોને રોજગારી મળશે. હવે આ શ્રેણીમાં કેન્દ્ર સરકારે વસ્ત્ર ઉદ્યોગ માટે પીએલઆઈ યોજનાને મંજૂરી આપી છે, જેથી કાપડ ઉત્પાદનમાં નવા યુગની શરૂઆત થાય. તો સંરક્ષણ ક્ષેત્રમાં આત્મનિર્ભર ભારતની અનોખી પહેલ કરતા સલામતી બાબતો અંગેની કેબિનેટ કમિટીએ વાયુસેનામાં નવા ટ્રાન્સપોર્ટ વિમાનોની ખરીદી અને ઉત્પાદન માટે મંજૂરી આપી છે. આ ઉપરાંત, કેન્દ્રીય મંત્રીમંડળે ખેડૂતોના હિતમાં મોટો નિર્ણય લઈને તમામ રવી પાકોના લઘુતમ ટેકાના ભાવ (એમએસપી)માં વધારો કરવાની મંજૂરી આપી છે. આનાથી ખેડૂતોને તેમની ઉપજ પર મહત્તમ કિંમત મળશે અને અનેક પ્રકારના પાકની વાવણી માટે પ્રોત્સાહન પણ મળશે.**

નિર્ણયઃ **કાપડ ઉદ્યોગ માટે ક્રાંતિકારી પહેલ કરતાં કેબિનેટે પ્રોડક્શન લિન્ક્ડ ઈન્સેન્ટિવ સ્કીમને મંજૂરી આપી. આ નિર્ણયથી ભારતને ફરી એક વાર વૈશ્વિક કાપડ ઉદ્યોગમાં અગ્રણી બનવામાં મદદ મળશે.**

અસરઃ ભારત વૈશ્વિક કાપડ ઉદ્યોગમાં ફરીથી પોતાનું પ્રભુત્વ હાંસલ કરવા માટે સજ્જ છે. આ યોજનાથી ભારતીય કંપનીઓને વૈશ્વિક સ્તરે ઊભરવામાં મદદ મળશે. ભારત હવે માનવ નિર્મિત ફાઈબરનો બીજો મોટો ઉત્પાદક દેશ છે અને વિશ્વમાં કપડાં અને તૈયાર વસ્ત્રો (એપેરેલ્સ)નું છઠ્ઠું મોટું નિકાસકાર છે. કપડાં અને તૈયાર વસ્રોનાં વૈશ્વિક વેપારમાં ભારતનો હિસ્સો પાંચ ટકા છે. આ સેક્ટર ભારતમાં રોજગારી પૂરું પાડનારું બીજું મોટું સેક્ટર છે.



- આશરે 7.5 લાખ લોકોને સીધી રોજગારી અને અન્ય આનુષાંગિક પ્રવૃત્તિઓથી લાખો લોકોને રોજગારીની તકો પ્રાપ્ત થશે.
- આકાંક્ષી જિલ્લાઓ, ટિયર-3, ટિયર-4 શહેરો અને ગ્રામીણ

# કેબિનેટના નિર્ણયો

નિર્ણયઃ ખેડૂતોના હિતોનું સંપૂર્ણ ધ્યાન રાખતા કેન્દ્ર સરકારે તમામ રવી પાકોના લઘુતમ ટેકાના ભાવ (MSP)માં વધારાને મંજૂરી આપી.

- અસરઃ સરકારે માર્કેટિંગ સીઝન 2022-23 માટે રવી પાકોની એમએસપીમાં વધારો કર્યો છે, જેથી ખેડૂતોને તેમની ઉપજ પર લાભદાયી વળતર મળે અને આત્મનિર્ભર ભારતની દિશામાં ખેડૂતોનું પ્રદાન ચાલુ રહે.
- તેલિબીયાં, કઠોળ અને જાડાં ધાન્યના લાભદાયી મૂલ્યમાં વધારો થવાથી ખેડૂતોને ઘઉં, રેપસીડ અને સરસિયાનાં ઉત્પાદન ખર્ચ પર 100 ટકા વળતર મળશે. તેનો ભાવ 400 રૂપિયા પ્રતિ ક્વિન્ટલ કરવામાં આવ્યો છે.
- મસુરમાં 79 ટકા, ચણામાં 74 ટકા, જવમાં 60 ટકા અને કુસુમમાં 50 ટકા વળતર મળવાનું અનુમાન છે. ભાવમાં આ અંતર એટલાં માટે રાખવામાં આવ્યું છે, જેથી વિવિધ પ્રકારના પાક લેવા માટે ખેડૂતોને પ્રોત્સાહન મળે.




વિસ્તારોમાં રોકાણને વધુ પ્રાથમિકતા મળશે, જેનાથી ટેક્સટાઇલ સેક્ટરમાં મહિલાઓનું સશક્તિકરણ થશે.

- સરકાર દ્વારા આગામી પાંચ વર્ષમાં નોટિફાઇડ પ્રોડક્ટ્સના ઉત્પાદન માટે કંપનીઓને ઉત્પાદનના આધારે 10,683 કરોડની પ્રોત્સાહન રકમ આપવામાં આવશે.
- આશા છે કે આ યોજનાના કારણે રૂ. 19,000 કરોડથી વધુ નવું રોકાણ આવશે અને પાંચ વર્ષોમાં રૂ. ત્રણ લાખ કરોડનું વધારાનું ઉત્પાદન થશે.
- આ યોજનાથી ખાસ કરીને ગુજરાત, ઉત્તરપ્રદેશ, મહારાષ્ટ્ર, તામિલનાડુ, પંજાબ, આંધ્રપ્રદેશ, તેલંગાણા અને ઓડિશા જેવા રાજ્યોને લાભ મળશે.

નિર્ણયઃ **સલામતી બાબતો અંગેની કેબિનેટ સમિતિએ આત્મનિર્ભર ભારતને મોટું પ્રોત્સાહન આપતા ભારતીય વાયુ સેના માટે 56 C-295MW ટ્રાન્સપોર્ટ વિમાનની ખરીદી માટે મંજૂરી આપી.**

અસરઃ સંરક્ષણ ક્ષેત્રમાં આત્મનિર્ભર બનવા અને વાયુસેનાને મજબૂત કરવાના હેતુથી ભારત સરકારે કરેલી આ અનોખી પહેલ છે. ભારતીય વાયુસેના માટે સ્પેનની મેસર્સ એરબસ ડિફેન્સ એન્ડ સ્પેસ પાસેથી 56 C-295MW ટ્રાન્સપોર્ટ વિમાન ખરીદવામાં આવશે. આધુનિક ટેકનોલોજી સાથેનાં 5-10 ટન ક્ષમતા ધરાવતા આ ટ્રાન્સપોર્ટ વિમાન ભારતીય વાયુ સેનાના જૂના એવરો વિમાનનું સ્થાન લેશે. આ વિમાનો તાત્કાલિક પગલાં માટે સૈનિકો અને માલસામાનના ડ્રોપિંગ માટે રિયર રેમ્પ ડોર ધરાવે છે.

- 16 વિમાન સ્પેનથી ફ્લાયઅવે સ્થિતમાં ભારત આવશે અને 40નું ઉત્પાદન ભારતમાં કરવામાં આવશે.
- આ 16 વિમાનો આવ્યા બાદ 10 વર્ષમાં ટાટા કોન્સોર્ટિયમ દ્વારા ભારતમાં 40 વિમાનોનું ઉત્પાદન કરવમાં આવશે.
- આ તેનાં પ્રકારની અનોખી યોજના છે, જેમાં ખાનગી કંપની દ્વારા ભારતમાં મિલિટ્રી એરક્રાફ્ટનું ઉત્પાદન કરવામાં આવશે. આ પ્રોજેક્ટ ભારતમાં એરોસ્પેસ ઇકો સિસ્ટમને પ્રોત્સાહન આપશે, જેમાં દેશભરનાં અનેક એમએસએમઇ આ વિમાનના કેટલાંક સ્પેરપાર્ટ્સનું ઉત્પાદન કરશે.
- તમામ વિમાનોને સ્વદેશી ઇલેક્ટ્રોનિક વોરફેર સ્યુટ સાથે ઇન્સ્ટોલ કરવામાં આવશે.
- આ પ્રોજેક્ટ સ્થાનિક ઉડ્ડયન ઉદ્યોગને પ્રોત્સાહન આપશે, જેને પરિણામે આયાત પરનું અવલંબન ઘટશે તથા નિકાસમાં વધારો થશે.
- તે દેશની એરોસ્પેસ ઇકોસિસ્ટમમાં રોજગાર સર્જનમાં ઉદ્દીપક તરીકે કામ કરશે અને પ્રત્યક્ષ રીતે ઉચ્ચ કુશળતા ધરાવતી 600, 3000થી વધુ અપ્રત્યક્ષ નોકરીઓ, 3000 મધ્યમ કુશળતા ધરાવતી રોજગારની તકોનું સર્જન કરશે. આને કારણે ભારતનાં એરોસ્પેસ અને સંરક્ષણ ક્ષેત્રમાં 42.5 લાખ માનવદિન રોજગારી ઊભી થશે. ●

કેબિનેટની બેઠકમાં લેવામાં આવેલા નિર્ણયોનો સંપૂર્ણ વિડિયો જોવા માટે ક્યુઆર કોડ સ્કેન કરો



# 'સ્પોર્ટ્સ કલ્ચર'ના નવા હીરો

**એવું પ્રથમવાર બન્યું છે કે રમતગમતની સૌથી મોટી સ્પર્ધા ઓલિમ્પિક અને પેરાલિમ્પિકમાં ભારતના ખેલાડીઓએ અત્યાર સુધીનો શ્રેષ્ઠ દેખાવ કર્યો હોય. ઓલિમ્પિકમાં ભારતે સર્વશ્રેષ્ઠ દેખાવ કર્યો, તો પેરાલિમ્પકમાં પાંચ સુવર્ણ સહિત 19 ચંદ્રકો મેળવ્યા. પેરાલિમ્પિકના 53 વર્ષનાં ઈતિહાસમાં ભારતે અત્યાર સુધી કુલ 31 ચંદ્રક મેળવ્યા છે, જેમાંથી 19 ચંદ્રકો આ વર્ષે મેળવ્યા છે. ભારતમાં સ્પોર્ટસ કલ્ચરના આ દૂતોનું સ્વાગત કરતા વડાપ્રધાન મોદીએ કહ્યું, "ઓલિમ્પિકમાં ભારતીય ખેલાડીઓના સારા દેખાવથી રમતગમત અંગે અનેકગણી જાગૃતિ વધી છે. પેરા એથ્લીટ્સના નોંધપાત્ર પ્રદર્શનથી વૈશ્વિક મંચ પર દેશનું માન વધ્યું છે. તેઓ દેશના રાજદૂત છે."**




પેરાલિમ્પિકમાં ભારતીય એથ્લેટ પોતાના જુસ્સા અને જોશ સાથે નવો ઈતિહાસ રચી રહ્યા હતા ત્યારે બીજા દેશના ખેલાડીઓને એ વાતની નવાઈ લાગી હતી કે ભારતીય એથ્લીટ્સની જીત પર તેમના વડાપ્રધાને પોતે ફોન કરીને અભિનંદન આપી રહ્યા છે. 9 સપ્ટેમ્બરે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પોતાના નિવાસસ્થાને પેરા એથ્લીટ્સનું સન્માન કરી રહ્યા હતા ત્યારે ભારતીય ખેલાડીઓએ તેમને આ વાત જણાવી. પણ આ માત્ર એક ઘટના નથી. ખુદ વડાપ્રધાને ઓલિમ્પિકથી માંડીને પેરાલિમ્પિકમાં દરેક ખેલાડીને જીત પર અભિનંદન અને હાર પર સાંત્વના વ્યક્તિગત રીતે ફોન પર આપી હતી. ભારતીય ક્રિકેટ ટીમના ભૂતપુર્વ કેપ્ટન કપિલ દેવ કહે છે, "જ્યાં સુધી મને યાદ છે, કોઈ વડાપ્રધાને આ રીતે ફોન પર વાત કરી હોય તેવું પ્રથમવાર બન્યું છે." વાસ્તવમાં, ઓલિમ્પિક કે પેરાલિમ્પિક જેવા રમતગમતની દુનિયાના સર્વોચ્ચ મંચ પર સફળતાનાં કારણ જાણવા થોડાં વર્ષો પાછળ જવું પડશે. 2014માં ખુદ વડાપ્રધાને આ બીડું ઝડપ્યું. તેમની સામે એક પ્રશ્ન હતો- શા માટે વિશ્વની સૌથી વધુ વસતિ ધરાવતું ભારત આ મંચો પર ચંદ્રક જીતવામાં પાછળ રહી જાય છે? ખેલાડી બે-ત્રણ વર્ષમાં તૈયાર નથી થતા. ભવિષ્યને ધ્યાનમાં રાખીને લાંબા સમયની યોજના ઘડવાની જરૂર હતી, જેનાં દ્વારા ખેલાડીઓને તૈયાર કરી શકાય. ટારગેટ ઓલિમ્પિક પોડિયમ સ્કીમ (TOPS) દ્વારા ઓલિમ્પિક અને પેરાલિમ્પિક એથ્લીટ્સને સ્પોર્ટસ સંલગ્ન તમામ સુવિધાઓ પૂરી પાડવામાં આવી. તેનાં પ્રારંભિક પરિણામ એશિયાડ, કોમનવેલ્થ અને હવે ટોક્યોમાં આપણી સમક્ષ છે. કેન્દ્રીય રમતગમત મંત્રી અનુરાગસિંહ ઠાકુર કહે છે, "આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓ માટે એથ્લીટ્સને મદદ

# રમતવીરોનું સન્માન



16 ઓગસ્ટનાં રોજ વડાપ્રધાન નિવાસની એ તસવીરો તમને યાદ હશે, જેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઓલિમ્પિકમાં ચંદ્રક જીતીને પાછી ફરેલી પીવી સિંધુને આપેલાં વચન પ્રમાણે આઇસક્રીમ અને નીરજ ચોપડાને ચુરમું ખવડાવ્યું હતું. આવી જ તસવીર 9 સપ્ટેમ્બરે પણ જોવા મળી, જેમાં પેરાલિમ્પિકમાં ભારતને વિક્રમજનક મેડલ અપાવીને પાછા ફરેલા આપણાં રમતવીરોનું વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સ્વાગત કર્યું. પેરાએથ્લીટ્સ સાથેની વાતચીતમાં વડાપ્રધાને કહ્યું, "પોતાની તપસ્યા, પુરુષાર્થ અને પરાક્રમ દ્વારા પેરાએથ્લીટ્સે તેમનાં પ્રત્યે લોકોની દ્રષ્ટિ બદલી નાખી છે. આઝાદીના અમૃત મહોત્સવ દરમિયાન તેમણે સ્પોર્ટ્સ સિવાયના કેટલાંક ક્ષેત્રોની ઓળખ કરવી જોઇએ અને તેઓ લોકોને કઈ રીતે પ્રેરિત કરી શકે અને પરિવર્તન લાવવામાં કઈ રીતે મદદ કરી શકે તેનાં પર વિચારવું જોઇએ."







કરવાના સરકારના અભિગમમાં પરિવર્તન આવ્યું છે. સરકાર સુવિધાઓ અને આર્થિક સહાય દ્વારા ભારતના ઓલિમ્પિયન અને પેરાલિમ્પિયન્સને મદદ કરવાનું ચાલુ રાખશે, જેથી તેઓ આંતરરાષ્ટ્રીય સ્તરે ઉત્કૃષ્ટ દેખાવ જાળવી રાખે. સરકાર પેરાલિમ્પિયન્સને પ્રાદેશિક અને રાષ્ટ્રીય ટુર્નામેન્ટ માટે વધુ પ્રોત્સાહિત કરવા માગે છે, જેથી તેઓ નિયમિત રીતે સ્પર્ધા કરી શકે અને પોતાનું કૌશલ્ય ચમકાવી શકે."

**ટોક્યો પહેલાં 11 પેરાલિમ્પિકમાં કુલ 12 મેડલ મળ્યા હતા**

પેરાલિમ્પિક રમતોનો પ્રારંભ 1960માં થયો હતો, પણ ભારતે 1868નાં તેલ અવીવ રમતોત્સવ દ્વારા પેરાલિમ્પિકમાં ભાગ લેવાની શરૂઆત કરી. ત્યારથી 2016ના રિયો પેરાલિમ્પિક સુધીના 11 રમતોત્સવમાં ભારતે 12 ચંદ્રક જ મેળવ્યા હતા. આ વખતે ટોક્યો પેરાલિમ્પિકમાં ભારતના પેરા એથ્લીટ્સે ઇતિહાસ રચતાં પાંચ સુવર્ણ, આઠ રજત અને છ કાંસ્ય ચંદ્રક મેળવ્યા હતા. આ વખતે ભારતના 54 ખેલાડીઓએ 9 સ્પર્ધામાં ભાગ લીધો હતો. આ અગાઉ ભારતની સૌથી મોટી ટીમ રિયો ઓલિમ્પિકમાં ગઈ હતી, જ્યાં 19 ખેલાડીઓએ ભાગ લીધો હતો. રિયો પેરાલિમ્પિકની તૈયારીમાં રૂ. 3.56 કરોડનો ખર્ચ કરવામાં આવ્યો હતો, જ્યારે ટોક્યો પેરાલિમ્પિકની તૈયારીઓ પાછળ કેન્દ્ર સરકારે રૂ. 16.81 કરોડનો ખર્ચ કર્યો હતો. ●

પેરા એથ્લીટ સાથે વડાપ્રધાનની મુલાકાતનો વિડિયો જોવા માટે ક્યુઆર કોડ સ્કેન કરો

# સ્પોર્ટ્સમાં ભવિષ્ય માટે તૈયાર થઈ રહ્યું છે ભારત



**અનુરાગ ઠાકુર**
**કેન્દ્રીય મંત્રી, રમતગમત, યુવા બાબતો અને માહિતી પ્રસારણ મંત્રાલય**

**ભારતમાં રમતગમતને સંસ્કૃતિ બનાવવાની શરૂઆત થયા પછી ઓલિમ્પિકથી માંડીને પેરાલિમ્પિક સુધીની સ્પર્ધાઓમાં ભારતીય ખેલાડીઓના દેખાવે તે સાબિત કરી દીધું છે. કેન્દ્રીય રમતગમત અને યુવા બાબતોના મંત્રી અનુરાગ ઠાકુર જણાવે છે કઈ રીતે ભારતમાં રમતગમત સંસ્કૃતિ વિક્સી રહી છે**

આપણા વડાપ્રધાન દ્વારા નીરજ ચોપડાને ચુરમુ અને પીવી સિંધુને આઇસક્રીમ રજૂ કરતા, બજરંગ પુનીયા સાથે હસતા, રવિ દહિયાને હજુ હસવા માટે કહેતા અને મીરાબાઈ ચાનુના અનુભવો સાંભળતા દ્રશ્યોન જોઇને દરેક ભારતીયના ચહેરા પર ચોક્કસપણે હાસ્ય છવાઈ ગયું હશે. વડાપ્રધાને ટોક્યો ઓલિમ્પિકમાં ભાગ લેનારા દરેક એથ્લીટ સાથે સમય વીતાવ્યો એ વાત પણ પ્રોત્સાહિત કરનારી છે. બીજા દિવસે તેમણે પેરાલિમ્પિક ટીમની સાથે અનૌપચારિક વાતચીત કરી અને તેમની પ્રેરક જીવનયાત્રા અંગે ચર્ચા કરી. આ દ્રશ્ય નરેન્દ્ર મોદીના વ્યક્તિત્વનું અલગ જ પાસું રજૂ કરે છે-એક વ્યક્તિ, જે સ્પોર્ટસ સાથે ભાવનાત્મક રીતે જોડાયેલી છે અને તે ભારતના એથ્લીટ્સ માટે કંઈક અલગ અને કંઈક વધારે કરવા માટે તૈયાર છે. ટોક્યો ઓલિમ્પિક શરૂ થતાં પહેલાં વડાપ્રધાને ટોક્યોમાં આપણી તૈયારીની સમીક્ષા કરવા માટે વ્યાપક સમીક્ષા બેઠક કરી હતી.

જે લોકો નરેન્દ્ર મોદીને સારી રીતે સમજે છે તેઓ એ વાતને સમર્થન કરે છે કે યુવાનોમાં સ્પોર્ટ્સ કલ્ચરનું સમર્થન કરવા માટે તેઓ વ્યક્તિગત સ્તરે રસ લે છે. ગુજરાતના મુખ્યમંત્રી તરીકે તેમણે ખેલ મહાકુંભની પહેલ કરી હતી, જેનાં દ્વારા એવા રાજ્યમાં પાયાના સ્તરે રમતગમતને પ્રોત્સાહન મળ્યું ,જે ઐતિહાસિક રીતે રમતગમતમાં ઉત્કૃષ્ટતા માટે જાણીતું નહોતું. એક બીજી રીતે પણ તેમણે રમતગમત અને ખેલાડીઓને પ્રોત્સાહન આપ્યું છે અને તેનાં આધારે મારા તર્કને સમર્થન મળે છે કે તેઓ ભારતના પ્રથમ 'સ્પોર્ટસપર્સન વડાપ્રધાન' છે.

થોડાં સમય પહેલાં 2013નો એક વિડિયો વાયરલ થયો હતો. આ વિડિયોમાં નરેન્દ્ર મોદી પૂણેમાં એક કોલેજના વિદ્યાર્થીઓનાં જૂથને સંબોધિત કરી રહ્યા હતા, જેમાં તેમણે અફસોસ વ્યક્ત કર્યો કે ભારતની વસતિ મોટી છે અને લોકો પ્રતિભાશાળી છે. દેશનો ઇતિહાસ પણ રમતગમત ક્ષેત્રે ઉત્કૃષ્ટ રહ્યો છે, પણ એક ઓલિમ્પિક પછી આગામી ઓલિમ્પિક પૂરો થયા પછી પણ આપણે ચંદ્રકોની સંખ્યા વધારવા માટે સતત સંઘર્ષ કરતા રહીએ છીએ. તેમણે કહ્યું કે, એવું કોઇ કારણ નથી કે ભારત જેવો દેશ ઓલિમ્પિકની સફળતાથી વંચિત રહી જાય. મુદ્દો ખેલાડીઓનો નથી, પણ યોગ્ય સહાયક પરિસ્થિતિ સર્જવાની આપણી અક્ષમતાનો છે. રમતગમતને પૂરતું પ્રોત્સાહન અને ગૌરવ મળવું જોઈએ.

મહિલા અને પુરુષ હોકી ટીમનું કહેવું છે કે હાર્યા પછી વડાપ્રધાનના ફોને તેમનું મનોબળ વધારાવમાં મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવી હતી. 2019માં નીરજ ચોપડાને ગંભીર ઈજા થઈ ત્યારે વડાપ્રધાને તેને ઝડપથી સાજા થવાની શુભેચ્છા આપી હતી. જો આપણે રમતગમતની વાત કરીએ તો, વડાપ્રધાન એ સારી રીતે સમજી શક્યા છે કે મૂળ સમસ્યા શું છે. વડાપ્રધાનનું સ્પષ્ટ માનવું છે કે લોકો સ્પોર્ટ્સમાં રસ તો બહુ બતાવે છે પણ વાલી દ્વારા પ્રોત્સાહન આપવાની અને તેમાં

## સ્પોર્ટ્સને પ્રોત્સાહન આપવાના પ્રયાસોમાં મહત્વપૂર્ણ બાબત પાયાના સ્તરે સ્પોર્ટ્સ કલ્ચર વિક્સાવવાની છે

બાળકોને ભાગ લેવાની વાત આવે છે ત્યારે તેઓ ઉત્સાહ નથી બતાવતા. વડાપ્રધાને ઓલિમ્પિક ચંદ્રક વિજેતાઓ સાથે મુલાકાત બાદ કહ્યું હતું કે, "રમતગમતમાં તાજેતરમાં જ મળેલી અદભૂત સફળતાને જોઈને મને પાક્કો વિશ્વાસ છે કે રમતગમત પ્રત્યે મા-બાપના અભિગમમાં મોટો ફેરફાર આવશે." આ ટિપ્પણીમાં સચ્ચાઇ અને આશા બંને છે. જ્યારે બાળકોના મા-બાપ ભારતે જીતેલા ઓલિમ્પિક ચંદ્રકોની સંખ્યાને વધતી જૂએ છે ત્યારે તેઓ પણ વધતા જતા મનોબળની સાથે એવો સંકલ્પ લે છે કે તેઓ રમતગમત પ્રત્યે તેમનાં બાળકોના શોખને ચોક્કસપણે પ્રોત્સાહન આપશે, પણ તેનાથીય વધુ મહત્વપૂર્ણ વાત એ છે કે જ્યારે તેઓ જૂએ છે કે સરકારના તમામ એકમો અને કોર્પોરેટ સેક્ટર આપણા ખેલાડીઓનું મનોબળ વધારવામાં કોઇ કસર બાકી નથી રાખતા ત્યારે તેમને અહેસાસ થાય છે કે રમતગમત પણ આકર્ષક અને સન્માનજનક કારકીર્દિ બની શકે છે.

રમતગમતમાં ભારતને મળેલી શાનદાર સફળતાને આપણે વિવિધ રીતે હજુ આગળ વધારી શકીએ છીએ. એમાંથી એક રીત એ છે કે રાજ્યો દ્વારા એવું કહેવામાં આવે કે તેઓ 'એક રાજ્ય-એક રમત' દ્રષ્ટિકોણને પ્રોત્સાહિત કરે. તમામ રાજ્ય પોતપોતાના વિસ્તારમાં મોટી સંખ્યામાં ઉપલબ્ધ પ્રતિભાઓ, બાળકોનો સ્વાભાવિક શોખ, આબોહવા અને ઉપલબ્ધ ઇન્ફ્રાસ્ટ્રક્ચર સુવિધાઓને આધારે કોઈ એક વિશેષ રમત કે રમતોને પ્રોત્સાહન (બીજી રમતોની અવગણના કર્યા વગર) આપવા માટે તેને પ્રાથમિકતા આપી શકે છે. તેનાથી કેન્દ્રીત અભિગમ સુનિશ્ચિત થવાની સાથે સંબંધિત રાજ્યમાં ઉપલબ્ધ સંસાધનોનો મહત્તમ ઉપયોગ પણ થશે. આ ઉપરાંત, આપણે આ ઝૂંબેશમાં 'કોર્પોરેટ ઇન્ડિયા'ને પણ ચોક્કસ સામેલ કરવી પડશે, જેથી 'વન સ્પોર્ટ્સ-વન કોર્પોરેટ' અભિગમ અપનાવી શકાય. સમગ્ર વિશ્વમાં ઊભરતી પ્રતિભાઓને જરૂરી સહાય કરવા, લીગ બનાવવા, પ્રશંસકોને સારો અનુભવ પૂરો પાડવા અને ખેલાડીઓની નાણાંકીય સ્થિતિ સુધારવા માર્કેટિંગની સાથે સાથે પ્રચાર પ્રસારમાં કંપનીઓ જ સૌથી આગળ હોય છે. છેલ્લાં ઘણાં વર્ષોથી ક્રિકેટ સાથે કંપનીઓના જોડાણની સફળ ગાથાઓ સાંભળી છે. આ ઉપરાંત, સ્પોર્ટ્સનું સ્પોન્સરશીપ એફએમસીજી બ્રાન્ડની જગ્યાએ હવે હવા નવા ફિનટેક યુનિકોર્ન સંભાળી રહ્યા છે. આ ટ્રેન્ડ ખેલાડીઓ, કંપનીઓ અને સ્પોર્ટસ એમ બધાં માટે ફાયદાનો સોદો સાબિત થઈ શકે છે.

આ દિશામાં સરકારના પ્રયાસ ચાલુ છે, જેનું મહત્વનું પાસુ પાયાના સ્તરે સ્પોર્ટ્સ કલ્ચર વિક્સાવવાનું છે. આ માટે સ્થાનિક, રાજ્ય અને રાષ્ટ્રીય સ્તર પર વિવિધ રમતના કેલેન્ડરનું વિસ્તરણ કરવું અનિવાર્ય છે. ભારતમાં દરેક રમતમાં રીજનલ લીગની ખૂબ જરૂર છે, જેનાથી યુવા એથ્લીટ્સને વિવિધ સ્તરો પર સમગ્ર વર્ષ દરમિયાન પોતાનું કૌશલ્ય સુધારવાની તક મળશે, તંદુરસ્ત સ્પર્ધાની ભાવના જાગશે અને તેની સાથે જ દેશભરમાં સ્પોર્ટ્સનું સમગ્ર વાતાવરણ અને માળખાગત સુવિધાઓનું વિસ્તરણ થશે. મારું એવું પણ માનવું છે કે ઓલિમ્પિક સ્પોર્ટસમાં ઉત્કૃષ્ટતા માટે યુનિવર્સિટી સિસ્ટમને મહત્વનો સ્રોત બનાવવો જોઇએ. આનું પરિણામ એ આવશે કે સ્પોર્ટ્સ માત્ર શોખનો વિષય બની રહેવાને બદલે ભાગીદારીનો વિષય બનશે. ભારતીય રમતગમતને આગળ લાવવામાં ગુણવત્તા અને વૈશ્વિક માપદંડો પ્રમાણેની સુવિધા પણ જવાબદાર છે. ભારતમાં વર્ષોથી અમલદારશાહીને કારણે સ્પોર્ટ્સમાં પ્રગતિ થઈ શકી નહોતી, પણ મોદી સરકારમાં આ બધું બદલાઈ ગયું છે. વડાપ્રધાન પોતે ખેલાડીઓ સાથે સીધી વાત કરીને માહિતી મેળવે છે. ટોક્યો ઓલિમ્પિકમાં ભાગ લેનારી ટીમ સાથે મુલાકાત દરમિયાન તેમણે ખેલાડીઓને સ્પોર્ટ્સના માળખાને મજબૂતને મજબૂત કરવાની પધ્ધતિ અંગે પોતાના વિચાર શેર કરવા જણાવ્યું હતું. મીરાબાઈ હોય કે મેરી કોમ, વડાપ્રધાને તેમને સૌથી સારી સુવિધા મળે તેની વ્યવસ્થા કરાવી આપી. ભારતીય રમતગમતને અસર કરનારા મુદ્દામાં આધુનિક ટેકનોલોજીનો ઉદય પણ જવાબદાર છે એ વિટંબણા છે. વડાપ્રધાને પોતાનાં પુસ્તક 'એક્ઝામ વોરિયર્સ'માં અને 'પરીક્ષા પે ચર્ચા' સાથે સંકળાયેલા ટાઉનહોલ કાર્યક્રમો દરમિયાન આ મુદ્દાઓનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે પ્લેઇંગ ફિલ્ડ અને પ્લે સ્ટેશનને સમાન મહત્વ આપવાની વાત કરી. તેમણે આધુનિક ટેકનોલોજીના આગમનનો વિરોધ નથી કર્યો પણ તંદુરસ્ત સંતુલન જાળવી રાખવાનું આહવાન કર્યું છે, જ્યાં ટીમ વર્ક અને એકતા જાળવી રાખવામાં આવે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં પણ એવી પ્રક્રિયાઓને સામેલ કરવામાં આવી છે, જે સ્પોર્ટસ એજ્યુકેશનને આકર્ષક વિકલ્પ બનાવશે. આગામી વર્ષોમાં મણિપુરમાં દેશની પ્રથમ સ્પોર્ટસ યુનિવર્સિટી સ્થપાશે, જે એથ્લીટ્સ માટે વરદાન સાબિત થશે અને ખાસ કરીને નોર્થ ઈસ્ટમાં રમતગમતના સમૃધ્ધ વારસાને આગળ લઈ જશે.

ટોક્યો ઓલિમ્પિક અનેક અર્થોમાં ભારત માટે પ્રથમ ઓલિમ્પિક સાબિત થયો. આપણે એથ્લેટિક્સમાં પ્રથમ સુવર્ણચંદ્રક મેળવ્યો, હોકી ટીમે ખૂબ સારો દેખાવ કર્યો અને ડિસ્કસ થ્રો, ગોલ્ફ, તલવારબાજી જેવી રમતોમાં પણ સફળતા મળી. ટારગેટ ઓલિમ્પિક પોડિયમ સ્કીમ (TOPS), ખેલો ઇન્ડિયા અને ફિટ ઇન્ડિયા અભિયાને મોટી સફળતાનો પાયો નાખ્યો છે. નવા ભારતમાં સફળતા પામવાનો ઉત્સાહ છે. રમતગમતમાં ઉત્કૃષ્ટતા મેળવવા માટે આપણા ખેલાડીઓના પ્રયાસોને સરકાર અને વડાપ્રધાનનું સંપૂર્ણ સમર્થન છે. ●




કોવિડ-19

# રસીકરણ તમારા પરિવારનું સુરક્ષા કવચ બન્યું

**વૈશ્વિક મહામારી કોવિડ સામેની લડાઈમાં રસીકરણ સૌથી અસરકારક અને મજબૂત શસ્ત્ર છે. એટલાં માટે જ કેન્દ્ર સરકાર ભારતમાં વિશ્વનું સૌથી મોટું રસીકરણ અભિયાન ચલાવી રહી છે અને નવા નવા વિક્રમ સર્જાઈ રહ્યા છે. 'ટેસ્ટિંગ, ટ્રેસિંગ અને ટ્રીટમેન્ટ' સાથે કોવિડ-19 રસીકરણની ઝડપ વધારવા અને તેનો વ્યાપ વધારવાની પ્રતિબધ્ધતા પર સરકાર મક્કમ છે. લોકોની સલામતી સુનિશ્ચિત કરવા અને 'સબકો વેક્સિન, મુફ્ત વેક્સિન' ના મૂળ મંત્ર સાથે દેશ મક્કમતાથી આગળ વધી રહ્યો છે...**

હિમાલચ પ્રદેશના ઉનાની નિવાસી અને આરોગ્યકર્મી કર્મો દેવીએ અત્યાર સુધી કોવિડ-19 માટે 22,500 લોકોને રસી મૂકી છે. પગમાં ફ્રેક્ચર થવા છતાં તેમણે રસીકરણ કરવાનું ચાલુ રાખ્યું હતું. આટલી સમર્પિતતાથી કાર્ય કરનાર કર્મો દેવી સાચા અર્થમાં કર્મયોગી જ છે. તો હિમાચલ પ્રદેશના લાહૌલ અને સ્પિતિમાં રહેતા નવાંગ ઉપશાકે લોકોને રસી મૂકવા સમજાવવાનું કામ કર્યું. તેમણે સામૂહિક પ્રયાસ અંતર્ગત એક આધ્યાત્મિક નેતા તરીકે પોતાની ભૂમિકા ભજવી. તેમનાં આ પ્રયાસથી રસીકરણને વેગ મળ્યો અને હિમાચલ પ્રદેશ ભારતમાં કોવિડ રસીનો પહેલો ડોઝ લેનાર 100 ટકા લોકો ધરાવતું દેશનું પ્રથમ રાજ્ય બન્યું. કર્મોદેવી અને નવાંગ ઉપશાક સહિતનાં કેટલાંક લોકો સાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રસીકરણ અભિયાન દરમિયાન વાત કરી.

ભારતમાં રસીકરણની ગતિનો અંદાજ એ બાબત પરથી પણ લગાવી શકાય છે કે હિમાચલ પ્રદેશ ઉપરાંત બીજાં પાંચ રાજ્યો/ કેન્દ્રશાસિત પ્રદેશો એવા છે, જ્યાં 100 ટકા વસતિને કોવિડ રસીનો પ્રથમ ડોઝ લગાવવામાં આવ્યો છે. સરકાર ઝડપી રસીકરણની સાથે સાથે કોવિડની સારવાર માટે જરૂરી સુવિધાઓ

## હવે વોટ્સએપથી ડાઉનલોડ કરો રસીકરણનું સર્ટિફિકેટ

હવે તમે વોટ્સએપ પર પણ રસીકરણનું સર્ટિફિકેટ ડાઉનલોડ કરી શકો છો. સર્ટિફિકેટ ડાઉનલોડ કરવા માટે વોટ્સઓપર પર My Gov કોવિડ હેલ્પડેસ્ક નંબર 9013151515 સેવ કરવો પડશે. આ નંબર પર તમે કોવિડ રસીનું બુકિંગ પણ કરી શકશો. આને કારણે નાગરિકોની સુવિધામાં વધારો થશે. તમે ગણતરીની મિનિટોમાં જ કોવિડ રસીનું બુકિંગ અને સર્ટિફિકેટ ડાઉનલોડ કરી શકો છો.




14 સપ્ટેમ્બર, 2021 સુધી

## બેદરકારી જરાય ના રાખતા, મહામારી હજુ ગઈ નથી

કોવિડની બીજી લહેર હજુ પૂરી નથી થઈ. આગામી દિવસોમાં તહેવારો આવી રહ્યા છે ત્યારે આપણે વધુ સાવચેતી રાખવાની જરૂર છે. તહેવારોનો રંગ ઝાંખો ન પડે તે માટે લોકોએ ઘરે જ રહેવાનો પ્રયાસ કરવો જોઈએ અને કોવિડ ઉપયુક્ત વ્યવહારનું પાલન કરવાનું ભૂલવું ન જોઈએ. માસ્ક પહેરીને બે ગજનું અંતર રાખવું જોઈએ. બહાર જવાનું અને ભીડમાં જવાનું ટાળવું જોઈએ. વારંવાર હાથ ધોવા જોઈએ. બેદરકારી રાખનારાઓએ આ સમજવું જોઈએ. કોવિડથી સંક્રમિત થયા પછી એવું ના વિચારો કે હવે રસીકરણની જરૂર નથી. રસી લાંબા સમય સુધી શરીરમાં એન્ટીબોડી બનાવી રાખે છે અને ભવિષ્યમાં થનાર સંક્રમણને પણ રોકે છે. નીતિ આયોગના સભ્ય (આરોગ્ય) ડો. વી કે પૌલના જણાવ્યા પ્રમાણે, રસીનો એક ડોઝ પણ કોવિડથી મૃત્યુ રોકવામાં 96.6 ટકા અસરકારક છે. તો બીજો ડોઝ લાગવાથી આ સુરક્ષા વધીને 97.5 ટકા થઈ જાય છે. એપ્રિલથી ઓગસ્ટ દરમિયાન રસી અંગેના ડેટા પરથી આ તારણ નીકળ્યું છે.

## બહુ જલ્દી બાળકોની રસી આવી જશે

બાળકો માટેની રસીની ટ્રાયલ લગભગ પૂરી થઈ ગઈ છે. બાળકોને ક્યારે અને કેટલી માત્રામાં રસી આપવી જોઈએ તેનાં પર નિષ્ણાંતો કામ કરી રહ્યા છે. બાળકો માટે કોવેક્સિન રસીની ટ્રાયલ હવે અંતિમ તબક્કામાં પહોંચી ગઈ છે. આ ઉપરાંત, બાળકો માટે બાયો-ઈ અને નોવાવેક્સિનની રસી પર પણ કામ ચાલી રહ્યું છે. આ ઉપરાંત, નાકથી અપાતી રસીના પ્રથમ તબક્કાની ટ્રાયલના આશાસ્પદ પરિણામ મળ્યા છે. બીજા અને ત્રીજા તબક્કાની ટ્રાયલ ચાલી રહી છે. દેશનાં અનેક રાજ્યોમાં શાળાઓ ખુલી રહી છે, ત્યારે બાળકો પર ખાસ ધ્યાન આપવાની જરૂર છે. બાળકો દ્વારા વાયરસ સંક્રમણ ફેલાય છે કારણ કે બાળકોમાં લક્ષણો દેખાતા નથી તેથી બાળકો દ્વારા કોવિડ વાયરસનો પ્રસાર સંભવ છે. આપણે બાળકોને કોવિડ વાયરસના સંક્રમણથી બચાવવા અને તેમની દેખરેખ માટે પોતે પણ જાગૃત રહેવાનું છે અને બાળકોને કોવિડ ઉપયુક્ત વ્યવહાર શીખવાડવાનો છે.



અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરને સારું બનાવવાની દિશામાં પણ કામ કરી રહી છે. તાજેતરમાં જ, કોવિડ-19ની સ્થિતિની સમીક્ષા માટે ઉચ્ચ કક્ષાની બેઠકની અધ્યક્ષતા કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ માટે નિર્દેશ પણ કર્યા.

### રસીકરણથી મજબૂત થઈ રહેલું સુરક્ષાચક્ર

ભારત જેવા વિશાળ દેશમાં ભૌગોલિક રીતે અનેક વિવિધતા છે. કયાંક પર્વત, તો ક્યાંક ઉચ્ચપ્રદેશ, ક્યાંક મેદાન તો ક્યાંક રેગિસ્તાન, ક્યાંક નદી વહેતી હોય તો ક્યાંક પૂર આવ્યું હોય. આ તમામ પડકારો વચ્ચે ભારતમાં ઝડપથી રસીકરણ કામગીરી ચાલી રહી છે. રસીને દેશના દરેક ખૂણે પહોંચાડવા માટે આપણી રસીકરણ ટીમ પર્વતો, લપસણી પગદંડીઓ, સાંકડા રસ્તા અને જોખમી નદીઓ પાર કરતાં કરતાં આગળ ધપી રહી છે. એટલાં માટે જ શહેરોની સરખામણીમાં ગ્રામીણ જિલ્લાઓમાં વધુ રસીકરણ થઈ રહ્યું છે. અંતરિયાળ અને દુર્ગમ વિસ્તારોમાં રસીકરણની ગતિ ઝડપી છે અને ભારતમાં 11 દિવસમાં ત્રણ વાર એક કરોડથી વધુ લોકોને રસી મૂકવામાં આવી છે. કોવિડ મહામારી સામેની લડાઈમાં 27 ઓગસ્ટ, 31 ઓગસ્ટ અને 6 સપ્ટેમ્બરે સરકારે આ મહત્વપૂર્ણ અને ઐતિહાસિક સફળતા હાંસલ કરવામાં આવી હતી. આ સફળતા બાદ ઉત્સાહિત દેશ હવે દરરોજ સવા કરોડ રસીની દિશામાં આગળ વધી રહ્યો છે. ભારત જેટલાં ડોઝ એક દિવસમાં લગાવે છે, તે અનેક દેશોની આખી વસતિ કરતાં પણ વધુ છે. ભારતને 0-10 કરોડ રસી લગાવવામાં 85 દિવસ લાગ્યા હતા, તો 10થી 20 કરોડ રસી લગાવવામાં 45 દિવસનો સમય લાગ્યો હતો. 20થી 30 કરોડ રસીએ પહોંચવામાં 29 દિવસ, 30થી 40 કરોડે પહોંચવામાં 24 દિવસ, 40થી 50 કરોડે પહોંચવામાં 20 દિવસ, 50થી 60 કરોડે પહોંચવામાં 19 દિવસનો સમય લાગ્યો હતો. હવે 60થી 70 કરોડે પહોંચવામાં માત્ર 13 દિવસ જ લાગ્યા હતા. 26 સપ્ટેમ્બરનાં રોજ ભારતમાં કોવિડ-19 રસીકરણ કવરેજ 86 કરોડને પાર થઈ ગયું હતું, જ્યારે હાલમાં રિકવરી રેટ 97.68 ટકા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસ 17 સપ્ટેમ્બરે 2.5 કરોડથી વધુ લોકોને રસી મૂકવાનો વિક્રમ નોંધવામાં આવ્યો હતો. 26 સપ્ટેમ્બરે પૂરા થયેલા સપ્તાહમાં ભારતમાં કુલ બે લાખ નવા કેસોનો ઉમેરો થયો હતો, જે તેની અગાઉના સપ્તાહની સરખામણીમાં 6.4 ટકાનો ઘટાડો છે. આ આંક આશરે છ મહિનામાં સૌથી ઓછા

સાપ્તાહિક કેસ છે. 16 જાન્યુઆરીથી દેશભરમાં હેલ્થકેર વર્કર્સ માટે રસીકરણનો પ્રારંભ થયો હતો. બીજા તબક્કામાં 1 માર્ચથી 60થી ઉપરની વયના લોકોને રસી આપવામાં આવી હતી,

## સંપૂર્ણ વિજયનો સંકલ્પ

સ્વચ્છતા, દવા, રસીકરણના મૂળ મંત્રનું પાલન કરતાં આપણે બહુ ઝડપથી કોવિડ સામેની લડાઈમાં આગળ વધી રહ્યા છીએ. દેશમાં 18 વર્ષથી ઉપરના તમામ લોકોને રસી મૂકાવવાની દિશામાં મહત્વની સફળતા મળી છે. હિમાચલ પ્રદેશ. ગોવા, સિક્કિમ, લડાખ, લક્ષદ્વિપ, દમણ, દીવ તથા દાદરા અને નગર હવેલી એમ છ રાજ્યોમાં 18થી ઉપરની વયના 100 ટકા લોકોને પ્રથમ ડોઝ આપવામાં આવ્યો છે. આટલું જ નહીં, હિમાચલ પ્રદેશમાં એક તૃતીયાંશ લોકોએ બીજો ડોઝ પણ લઈ લીધો છે. આટલું જ નહીં, ઓડિશાનું ભુવનેશ્વર કોરોના સામે 100 ટકા રસીકરણ કવરેજ હાંસલ કરનારું ભારતનું પ્રથમ શહેર બની ગયું છે. આ ઉપરાંત, ભુવનેશ્વરમાં લગભગ એક લાખ પરપ્રાંતિય શ્રમિકોને પ્રથમ ડોઝ આપવામાં આવ્યો છે. મધ્યપ્રદેશનું ઈન્દોર પણ એવું શહેર છે જ્યાં 100 ટકા વસતિને પ્રથમ ડોઝ આપી દેવામાં આવ્યો છે.

## આપણને સુરક્ષિત રાખનારની સુરક્ષા

કોવિડ મહામારી વિરુધ્ધની લડાઈમાં મહત્વપૂર્ણ સિધ્ધિ હાંસલ કરતા સરકારે કચ્છમાં તૈનાત સલામતી દળોનું સંપૂર્ણ રસીકરણ કર્યું છે અને તેમનાં પરિવારજનોને પ્રથમ ડોઝ આપવામાં આવ્યો છે. આ ઉપરાંત, 9 સપ્ટેમ્બર સુધી 99 ટકા આરોગ્યકર્મીઓ, 100 ટકા ફ્રન્ટલાઇન વર્કર્સ, 18 વર્ષથી ઉપરની વયના 58 ટકા લોકોને પ્રથમ ડોઝ આપવામાં આવ્યો છે, જ્યારે 84 ટકા આરોગ્યકર્મીઓ, 80 ટકા ફ્રન્ટલાઇન વર્કર્સ, 18 વર્ષથી ઉપરની વયના 18 ટકા લોકોને બીજો ડોઝ આપવામાં આવ્યો છે. આટલું જ નહીં, રસીકરણની ગતિમાં પણ ઘણી ઝડપ આવી છે, જેને કારણે જાન્યુઆરી 2021માં દૈનિક સરેરાશ 2.35 લાખ ડોઝની તુલનામાં 9 સપ્ટેમ્બર 2021 સુધી સરેરાશ રસીકરણ વધીને પ્રતિ દિન 78.10 લાખ ડોઝ થયું હતું. ●

## હિમાચલ પ્રદેશના આરોગ્યકર્મીઓ અને કોવિડ રસીકરણ કાર્યક્રમના લાભાર્થીઓ સાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની વાતચીતના મુખ્ય અંશઃ




- 100 વર્ષની સૌથી મોટી મહામારી વિરુધ્ધ લડાઈમાં હિમાચલ પ્રદેશ ચેમ્પિયન બનીને સામે આવ્યું છે.
- મને ખુશી છે કે લાહૌલ સ્પિતિ જેવા દુર્ગમ જિલ્લાઓ હિમાચલમાં પણ 100 ટકા પ્રથમ ડોઝ આપવામાં અગ્રેસર રહ્યા છે. આ એ વિસ્તાર છે જે અટલ ટનલ બનતાં પહેલાં મહિનાઓ સુધી દેશના બાકીના ભાગોથી કપાયેલું હતું.
- હિમાચલ પ્રદેશના રહેવાસીઓએ કોઇ પણ અફવા કે દુષ્પ્રચારને ટકવા નથી દીધાં. હિમાચલ એ વાતની સાબિતી છે કે દેશનો ગ્રામીણ સમાજ કઇ રીતે વિશ્વના સૌથી મોટા અને સૌથી ઝડપી રસીકરણ અભિયાનને મજબૂત કરી રહ્યો છે.
- ઝડપી રસીકરણનો લાભ હિમાચલના ટુરિઝમ ઉદ્યોગને પણ થશે, જે મોટી સંખ્યામાં યુવાનો માટે રોજગારીનો સ્રોત છે.
- મુશ્કેલ ભૌગોલિક પરિસ્થિતિઓની સાથે સાથે જન સંવાદ અને જનભાગીદારી પણ રસીકરણની સફળતાનું મહત્વનું પાસુ છે. હિમાચલમાં તો પહાડની આજુબાજુ બોલીઓ પણ બદલાઈ જાય છે. મોટા ભાગનો હિસ્સો ગ્રામીણ છે.
- ભારત આજે એક દિવસમાં સવા કરોડ રસીનો વિક્રમ બનાવી રહ્યો છે. જેટલાં ડોઝ ભારત એક દિવસમાં લગાવે છે તે અનેક દેશોની સમગ્ર વસતિ કરતાં પણ વધુ છે.
- ભારતનાં રસીકરણ અભિયાનની સફળતા દરેક ભારતવાસીની મહેનત અને પરાક્રમની પરાકાષ્ઠાનું પરિણામ છે.

હિમાચલ પ્રદેશના આરોગ્યકર્મીઓ સાથે વડાપ્રધાનનો સંપૂર્ણ સંવાદ સાંભળવા માટે ક્યુઆર કોડ સ્કેન કરો.




# “ BRICS વિકાસશીલ અર્થતંત્રો માટે અસરકારક અવાજ બની ગયું છે ”

**વિશ્વ BRICSનું 15મું સ્થાપના વર્ષ મનાવી રહ્યુ છે અને તેની અધ્યક્ષતા ભારત કરી રહ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બીજી વાર બ્રિક્સ શિખર સંમેલનની અધ્યક્ષતા કરી છે. આ અગાઉ, 2016માં તેઓ ગોવા શિખર સંમેલનની અધ્યક્ષતા કરી ચૂક્યા છે. ‘સાતત્યતા, એકતા અને સહકાર માટે સર્વાનુમતિ’ વિષય પર આયોજિત શિખર સંમેલનમાં ભારતે ભારપૂર્વક આતંકવાદ વિરુધ્ધ પોતાનો દ્રષ્ટિકોણ રજૂ કર્યો હતો. સાથે સાથે, વિકાસશીલ દેશોની પ્રાથમિકતાઓ પર ધ્યાન કેન્દ્રીત કરવામાં બ્રિક્સ મંચની ઉપયોગિતા પણ જણાવી.**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 9 સપ્ટેમ્બરે વર્ચ્યુઅલ માધ્યમથી 13મા બ્રિક્સ (બ્રાઝિલ, રશિયા, ભારત. ચીન અને દક્ષિણ આફ્રિકા) શિખર સંમેલનની અધ્યક્ષતા કરી. વર્ષ 2021માં બ્રિક્સની અધ્યક્ષતા ભારત જ કરી રહ્યું છે. આ બેઠકમાં બ્રાઝિલના રાષ્ટ્રપતિ જાઈર બોલસોનારો, રશિયન પ્રમુખ વ્લાદિમીર પુટિન, ચીનના રાષ્ટ્રપતિ શી જીનપિંગ અને દક્ષિણ આફ્રિકાના રાષ્ટ્રપતિ સાઈરીલ રામાફોસા હાજર રહ્યા હતા. આ પ્રસંગે વડાપ્રધાને કહ્યું, “બ્રિક્સ શિખર સંમેલનમાં આપ સૌનું સ્વાગત છે. બ્રિક્સની 15મી વર્ષગાંઠ પર આ સંમેલનની અધ્યક્ષતા કરવી મારા માટે અને ભારત માટે ખુશીની વાત છે.” બ્રિક્સનાં મહત્વનો ઉલ્લેખ કરતા વડાપ્રધાને જણાવ્યું કે છેલ્લાં દોઢ દાયકામાં બ્રિક્સે અનેક સફળતા મેળવી છે. આજે આપણે વિશ્વના ઊભરતા અર્થતંત્રો માટે અસરકારક અવાજ છીએ. વિકાસશીલ દેશોની પ્રાથમિકતા પર ધ્યાન કેન્દ્રીત કરવા માટે પણ આ મંચ ઉપયોગ રહ્યો છે. તેમણે મહત્વપૂર્ણ વાત કહીઃ

- આપણે એ સુનિશ્ચિત કરવાનું છે કે બ્રિક્સ આગામી 15 વર્ષોમાં હજુ પરિણામદાયી સાબિત થાય
- બ્રિક્સ ડિજિટલ હેલ્થ સમિટ ટેકનોલોજીની સાથે આરોગ્ય પહોંચ વધારવા માટેનું નવીન પગલું છે.
- સભ્ય દેશોના કસ્ટમ્સ વિભાગો વચ્ચેના સહયોગ દ્વારા બ્રિક્સ દેશો વચ્ચે વ્યાપારમાં સરળતા રહેશે. એક વર્ચ્યુઅલ નેટવર્ક તરીકે બ્રિક્સ વેક્સિન રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ સેન્ટર શરૂ કરવા સંમતિ સધાઈ છે. “બ્રિક્સ એલાયન્સ ઓન ગ્રીન ટુરિઝમ’ એક નવી પહેલ છે.
- પ્રથમ વાર બ્રિક્સે બહુપક્ષીય પ્રણાલિઓને મજબૂત કરવાના મુદ્દે સમાન વિચાર વ્યક્ત કર્યો છે.
- બ્રિક્સે આતંકવાદ વિરુધ્ધ એક્શન પ્લાન પણ બનાવ્યો છે. •

### બ્રિક્સમાં ભારતની પ્રાથમિકતાના ચાર ક્ષેત્ર

| 1 | 2 | 3 | 4 |
|---|---|---|---|
| બહુપક્ષીય પ્રણાલિમાં સુધારો | આતંકવાદનો વિરોધ | સતત વિકાસના લક્ષ્યાંકો પ્રાપ્ત કરવા માટે ડિજિટલ અને ટેકનિકલ પગલાં અપનાવવા | લોકો વચ્ચે આદાનપ્રદાન વધારવું |

બ્રિક્સ સંમેલનમાં વડાપ્રધાનનું સંબોધન સાંભળવા માટે ક્યુઆર કોડ સ્કેન કરો




# આધુનિક ભારતના નિર્માણનું સપનું જોનારા સેનાનીઓ

**ભારતના સ્વતંત્રતા આંદોલન દરમિયાન અનેક એવા સેનાનીઓ હતા જેમણે એવા આઝાદ દેશનું સપનું જોયું જ્યાં સર્વાંગી, સર્વસ્પર્શી અને સર્વસમાવેશી વિકાસ હોય, જ્યાં સમાજની વિકાસ યાત્રામાં કોઈ વ્યક્તિ, કોઈ વર્ગ પાછળ ન રહી જાય. દેશનો કોઈ વિસ્તાર કે કોઈ ખૂણો પાછળ ન રહી જાય. આઝાદીનો અમૃત મહોત્સવ એક એવો ઉત્સવ છે, જેમાં આપણા સ્વાતંત્ર્ય સેનાનીઓ અને મહાપુરુષોને યાદ કરવામાં આવી રહ્યા છે. તેમણે આઝાદ ભારતની સમૃધ્ધિ અને વિકાસ માટે જોયેલા સપનાને પૂરું કરવાની દિશામાં આપણે ઝડપથી આગળ વધી રહ્યા છીએ.**

આઝાદી કા અમૃત મહોત્સવ ભારતની એક વિરલ ઉપલબ્ધિ છે, જેમાં આપણી જાગતી આંખોએ જોયેલા સપનાને સાકાર કરવાનો વિશ્વાસ અને જીવન મૂલ્યોનું જતન કરવાની અને નવા ભારતનું નિર્માણ કરવાની તૈયારી પણ છે. દેશની આઝાદીનું 75મું વર્ષ અમૃતકાળનો પ્રારંભ છે. આ અમૃતકાળમાં આપણા સંકલ્પોની સિધ્ધિ આપણને આઝાદીના 100 વર્ષ સુધી લઈ જશે. અમૃતકાળનું લક્ષ્ય છે રાષ્ટ્ર અને સમાજના વિકાસ માટે એવા ભારતનું નિર્માણ જ્યાં વિશ્વની શ્રેષ્ઠ આધુનિક માળખાકીય સુવિધા હોય, જ્યાં લોકોને સસ્તી આરોગ્ય સેવા, સ્વચ્છ પાણી, સસ્તી વીજળી, ખેડૂતોને તેમની કૃષિ ઉપજોના પૂરતા ભાવ મળે. જ્યાં વિજ્ઞાનની વાત હોય અને સંશોધન પણ થાય. જ્યાં સૈનિકોની વાત પણ હોય અને ખેડૂતોની પણ. આઝાદીના સંઘર્ષ અને પડકારો દરમિયાન આપણા પૂર્વજોએ ક્યારેક આવા સપનાં જોયા હતા. તેમનાં અધૂરા સપનાઓને પૂરા કરવા માટે વીતેલા સાત વર્ષમાં ઘણાં પ્રયાસ કરવામાં આવ્યા અને આગળ પણ કરતા રહીશું. આ કારણસર આજે દેશનું કૃષિ ક્ષેત્ર અને ખેડૂતો આત્મનિર્ભર બનીને સમૃધ્ધ બનવાની દિશામાં અગ્રેસર છે, તો સરહદ પર લડી રહેલા સૈનિકોનું મનોબળ પણ મજબૂત છે. આઝાદી કા અમૃત મહોત્સવમાં આ વખતે એવા સેનાનીઓની કહાની જેઓ આજે પણ આપણા પ્રેરણાસ્ત્રોત છે, જેમણે ચીંધેલા માર્ગ પર ચાલીને દેશ સતત પ્રગતિના પથ પર ચાલી રહ્યો છે અને એક નવો ઈતિહાસ લખી રહ્યો છે....

# જેમની એક હાકલથી દેશવાસીઓએ એક વારનું ભોજન ખાવાનું છોડી દીધું હતું



જન્મ: **2 ઓક્ટોબર, 1904**
મૃત્યુ: **11 જાન્યુઆરી, 1966**

**26 સપ્ટેમ્બર 1965. ભારત-પાકિસ્તાનનું યુધ્ધ પુરું થયે ચાર દિવસ જ થયા હતા. દિલ્હીના રામલીલા મેદાનમાં શાસ્ત્રીજીએ હજારો લોકોને સંબોધિત કરતા કહ્યું, "અયુબ ખાને કહ્યું હતું કે, તેઓ દિલ્હી સુધી લટાર મારતા મારતા પહોંચી જશે. તેઓ આટલા મોટા માણસ છે. ઋષ્ટપુષ્ટ છે. મેં વિચાર્યું કે તેમને દિલ્હી સુધી ચાલતા આવવાની તકલીક કેમ આપવી? આપણે જ લાહોર તરફ કૂચ કરીને તેમનું સ્વાગત કરીએ."**

ભારત માતાના સપૂત અને ધરતીપુત્ર લાલ બહાદુર શાસ્ત્રી ભારતના મહાન પુત્ર હતા. દેશના બીજા વડાપ્રધાન એવા શાસ્રીજી સ્વભાવે સરળ, વિનમ્ર અને માનવીય અભિગમ ધરાવતા હતા. એટલું જ નહીં, એક રાજનેતા જેવી ગરીમા ધરાવતા શાસ્રીજીએ નૈતિક મૂલ્યો સાથે કોઈ પણ પ્રકારનું સમાધાન કર્યા વગર રાષ્ટ્રની સેવા કરી. લાલ બહાદુર શાસ્ત્રીના વ્યક્તિત્વનું એક મહત્વપૂર્ણ પાસુ એ પણ હતું કે તેમની પાસે કુશળતા અને અસરકારક રીતે સંવાદ કરવાની ક્ષમતા હતી. તેમની અસાધારણ સફળતાનાં બે રહસ્યો હતા-તેમની સંવાદની કળા અને બીજું, વ્યક્તિના દ્રષ્ટિકોણને જોવાની ક્ષમતા. તેઓ બીજાઓની ભાવનાની કદર કરવા હંમેશા તત્પર રહેતા હતા. શાસ્ત્રીજીએ દેશમાં હરિત ક્રાંતિ અને શ્વેત ક્રાંતિનું આહવાન કર્યું હતું અને તેમાં તેમની મહત્વની ભૂમિકા હતી. હરિત ક્રાંતિને કારણે દેશ અનાજના ઉત્પાદનમાં આત્મનિર્ભર થયો અને દેશમાં દૂધનાં ઉત્પાદનમાં પણ ઘણો વધારો થયો. આજે દેશનું વર્તમાન નેતૃત્વ પણ તેમનાં દર્શાવેલા માર્ગે અને રીતિ-નીતિ પર ચાલીને કૃષિ અને ખેડૂતોના હિતમાં અનેક લાભદારક પગલાં ભરી રહી છે. એટલાં માટે જ આજે ખેડૂતોની તાકાત વધી રહી છે અને તેમને નવી સુવિધાઓ મળી રહી છે.

ઉત્તરપ્રદેશમાં વારાણસીના મુગલસરાયમાં 2 ઓક્ટોબર, 1904નાં રોજ જન્મેલા લાલ બહાદુર શાસ્ત્રી લોકપ્રિય નેતા હતા. તેમના પિતા મુન્શી શારદા પ્રસાદ શ્રીવાસ્તવ શિક્ષક હતા. લાલ બહાદુર શાસ્રી માત્ર દોઢ વર્ષના હતા ત્યારે તેમનાં પિતાનું અવસાન થયું હતું. ગાંધીજીએ દેશવાસીઓને અસહયોગની ચળવળમાં જોડાવાનું આહવાન કર્યું ત્યારે શાસ્ત્રીજી માત્ર 16 વર્ષના હતા. તેમણે ગાંધીજીના આહવાનથી અભ્યાસ છોડી દેવાનો નિર્ણય લીધો. 1930માં મહાત્મા ગાંધીએ મીઠાના કાયદાનો ભંગ કરવા દાંડી યાત્રા કરી હતી. આ પ્રતીકાત્મક સંદેશે સમગ્ર દેશમાં અંગ્રેજ વિરોધી જુવાળ સર્જ્યો હતો. લાલ બહાદુર શાસ્ત્રી સંપૂર્ણ ઊર્જા સાથે સ્વંતંત્રતા સંઘર્ષમાં સામેલ થઈ ગયા હતા. તેમણે અનેક અભિયાનોનું નેતૃત્વ કર્યુ અને સાતેક વર્ષ સુધી જેલમાં રહ્યા. આઝાદીના આ સંઘર્ષે તેમને પરિપક્વ બનાવી દીધા. ભારતના સ્વતંત્રતા સંગ્રામમાં લાલ બહાદુર શાસ્ત્રીજીએ વિશેષ યોગદાન આપ્યું હતું. ખેડૂતો, મજૂરો અને સૈનિકો તેમને ખૂબ માન-સન્માન આપતા હતા.

1965ની વાત છે. ભારત-પાકિસ્તાન વચ્ચે યુધ્ધ ચાલી રહ્યું હતું. તે સમયે અમેરિકાએ ભારતને ધમકી આપી કે જો ભારત યુધ્ધ વિરામ નહીં કરે તો તે ભારતને ઘઉં આપવાનું બંધ કરી દેશે. તે સમયે ભારત ઘઉંનાં ઉત્પાદનમાં આત્મનિર્ભર નહોતું. આખરે, લાલ બહાદુર શાસ્ત્રીએ દેશવાસીઓને અપીલ કરી કે આપણે સપ્તાહમાં એક વારનું ભોજન નહીં ખાઈએ. આવું કરતાં પહેલાં તેમણે પોતાના પરિવારમાં આ નિયમનું પાલન કરાવ્યું હતું. ભારતના લોકોએ પોતાના વ્હાલા નેતાની વાત માની અને સપ્તાહમાં એક વાર ખાવાનું બંધ કરી દીધું. દેશના ખેડૂતો, સૈનિકો, મજૂરો અને ગામડાં-સમાજની વાત કરનારા શાસ્ત્રીજીએ 'જય જવાન જય કિસાન'નું સૂત્ર આપ્યું. આ એવું સૂત્ર છે, જે સૈનિકો અને ખેડૂતોનાં શ્રમનું મહત્વ દર્શાવે છે. આગળ જતાં આ સૂત્રમાં ભૂતપુર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીએ 'જય વિજ્ઞાન' જોડી દીધું.. 3 જાન્યુઆરી, 2019નાં રોજ તેમાં 'અનુસંધાન' (રિસર્ચ) શબ્દ જોડતાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે, હવે સમય આવી ગયો છે કે આપણે એક ડગલું આગળ વધીએ અને તેમાં 'અનુસંધાન'ને જોડીએ. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના મતે લાલ બહાદુર શાસ્ત્રી અત્યંત વિનમ્ર અને દ્રઢ વ્યક્તિ હતા, જેઓ સાદગીના પ્રતીક હતા અને જેમણે દેશનાં કલ્યાણ માટે જીવ આપી દીધો. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું, તેમણે ભારત માટે જે પણ કર્યું તેનાં માટે આપણે તેમના ખૂબ આભારી છીએ.

# પેશાવરમાં નિઃશસ્ત્ર પઠાણો પર ગોળી ચલાવવા વીરચંદ્ર સિંહ ગઢવાલીએ ઇનકાર કર્યો હતો




જન્મઃ **25 ડિસેમ્બર, 1891**
મૃત્યુઃ **01 ઓક્ટોબર, 1979**

**પેશાવર કાંડના મહાનાયક ગઢવાલીએ નિઃશસ્ત્ર લોકો પર ગોળી ન ચલાવવાનો આદેશ આપીને મહાન દેશભક્તિનો પરિચય આપ્યો છે. ભારતીય સ્વતંત્રતા સંગ્રામના આંદોલનમાં આ ઘટના સીમાચિહ્ન સમાન પુરવાર થઈ, જેણે ભવિષ્ય માટે ક્રાંતિકારી આધારશિલા રાખી.**

ભારતીય ઇતિહાસમાં વીરચંદ્ર સિંહ ગઢવાલીને એક એવા મહાનાયક તરીકે યાદ કરવામાં આવે છે જેમણે પેશાવરમાં ભારત માટે લડનારા નિઃશસ્ત્ર પઠાણો પર ગોળી ચલાવવાનો ઇનકાર કરી દીધો હતો. તેઓ એવા નીડર દેશભક્ત હતા જેમણે ભારતના સ્વતંત્રતા સંગ્રામમાં જે યોગદાન આપ્યું, તેનું દ્રષ્ટાંત વિશ્વભરમાં બીજે ક્યાંય નથી જોવા મળતું. 23 એપ્રિલ, 1930ની વાત છે. એ દિવસે પેશાવર શહેર (જે હવે પાકિસ્તાનમાં છે)માં વિદેશી કપડાં અને સામાનના વિરોધમાં ખાન અબ્દુલ ગફાર ખાનના નેતૃત્વમાં પઠાણોએ સરઘસ કાઢ્યું હતું અને સભા યોજી હતી. અંગ્રેજ સરકાર આ આંદોલનને કચડી નાખવા માગતી હતી. આ માટે તેમણે ગઢવાલ રેજીમેન્ટની બટાલિયન તૈનાત કરી, જેનું નેતૃત્વ ચંદ્રસિંહ ગઢવાલી કરી રહ્યા હતા. આંદોલનકારી પઠાણોના સરઘસ અને જુસ્સાથી ગુસ્સે થયેલી અંગ્રેજ સરકારે આંદોલનકારીઓને પાઠ ભણાવવા માટે ગઢવાલ રેજીમેન્ટને ગોળીબાર કરવા આદેશ આપ્યો. જો કે, ગઢવાલીએ એમ કહીને ગોળીબાર કરવાનો ઇનકાર કર્યો કે અમે નિઃશસ્ત્ર લોકો પર ગોળી નથી ચલાવતા.

પેશાવર કાંડના મહાનાયક ગઢવાલીએ નિઃશસ્ત્ર લોકો પર ગોળી ન ચલાવવાનો આદેશ આપીને મહાન દેશભક્તિનો પરિચય આપ્યો. ભારતીય સ્વતંત્રતા સંગ્રામન આંદોલનમાં આ ઘટના સીમાચિહ્ન સાબિત થઈ, જેણે ભવિષ્ય માટે ક્રાંતિકારી આધારશિલા મૂકી. તેઓ જાણતા હતા કે અંગ્રેજો સામે બળવો કરવાનો અર્થ છે કડક સજા, કદાચ મૃત્યુ પણ થઈ શકે, પણ તેઓ ટસના મસ ન થયા અને પોતાના નિર્ણય પર અડગ રહ્યા. આ ઘટના પછી તેઓ સમગ્ર દેશમાં 'પેશાવર કાંડના નાયક' તરીકે લોકપ્રિય થઈ ગયા. પેશાવર ક્રાંતિ બાદ તેઓ દેશના અગ્રણી સ્વતંત્રતાસેનાનીઓની હરોળમાં આવી ગયા. કહેવાય છે કે મહાત્મા ગાંધીએ તેમને 'ગઢવાલી' નામ આપીને સન્માનિત કર્યા હતા. જો કે, આ ઘટના પછી તેમને લશ્કરમાંથી બરખાસ્ત કરી દેવામાં આવ્યા અને ફાંસીની સજા ફરમાવવામાં આવી. પછીથી ફાંસીને આજીવન કેદમાં તબદિલ કરવામાં આવી હતી. જો કે, 26 ડિસેમ્બર, 1941નાં રોજ તેમને જેલમાંથી મુક્ત કરવામાં આવ્યા. તેમણે 1942માં ભારત છોડો આંદોલનમાં ભાગ લીધો અને ફરીથી જેલમાં ગયા. દેશની આઝાદીના આંદોલનમાં તેમણે અભૂતપુર્વ યોગદાન આપ્યું અને સ્વતંત્રતા સંગ્રામમાં અનેક લોકો માટે પ્રેરણાસ્ત્રોત બન્યા. 1994માં ભારત સરકારે તેમના સન્માનમાં ટપાલ ટિકિટ જારી કરી હતી.

# હંમેશા ગરીબોની સેવામાં વ્યસ્ત રહેલા 'દરિદ્રસખા' ઉત્કલ મણિ ગોપબંધુ દાસ



જન્મઃ **09 ઓક્ટોબર, 1877** | મૃત્યુઃ **17 જૂન, 1928**

એક સામાજિક કાર્યકર્તા, સ્વતંત્રતા સંગ્રામના સેનાની, પત્રકાર અને સાહિત્યકાર ઉત્કલ મણિ ગોપ બંધુ દાસની પ્રાથમિકતા હંમેશા પૂર અને તોફાન દરમિયાન ગરીબોની મદદ કરવાની રહી. તેઓ ઓડિશાના પ્રખ્યાત સામાજિક કાર્યકર્તા હતા, જેમને 'ઉત્કલ મણિ'ના નામે પણ ઓળખવામાં આવે છે. તેમનું મન હંમેશા ગરીબોની સેવામાં રચ્યુંપચ્યું રહેતું હતું. આ માટે થઈને તેઓ પરિવારની પણ કાળજી લેતા નહોતા. કહેવાય છે કે તેમનાં પુત્રનું અવસાન થયું ત્યારે પણ તેઓ પૂરગ્રસ્ત ગરીબ પરિવારોની ભોજનની વ્યવસ્થામાં વ્યસ્ત હતા. ઓડિશાના લોકો તેમને 'દરિદ્રર સખા' એટલે કે 'દરિદ્રના સખા' તરીકે અને 'દયાલુ બાગી' તરીકે યાદ કરે છે. વર્તમાન કેન્દ્ર સરકાર પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના દ્વારા ઉત્કલ મણિએ ચીંધેલા માર્ગે ચાલવાનો

# એની બેસન્ટઃ ભારતીય રાષ્ટ્રવાદનાં સમર્થક અને આઝાદી માંગનાર બ્રિટિશ મહિલા



જન્મઃ **1 ઓક્ટોબર, 1847**
મૃત્યુઃ **20 સપ્ટેમ્બર, 1933**

**1913માં એની બેસન્ટે ભારતીય રાજકારણમાં સક્રિય પ્રવેશ કર્યો અને ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસમાં જોડાઈ ગયા. 1917માં તેઓ કોંગ્રેસનાં પ્રમુખ પણ બન્યા અને આજીવન થિયોસોફિકલ સોસાયટીના અધ્યક્ષ રહ્યા.**

ભારતને પોતાની માતૃભૂમિ માનનાર એની બેસન્ટ બ્રિટિશ સમાજ સુધારક, મહિલા અધિકારોનાં પુરસ્કર્તા અને ભારતની આઝાદી માંગનાર અને ભારતીય રાષ્ટ્રવાદનાં પ્રચંડ સમર્થક હતાં. મૂળ આઈરિશ, લગ્ન પછી અંગ્રેજ અને છેલ્લે ભારતમાં રહેવાને કારણે તેમને ભારતીય કહી શકાય. 1 ઓક્ટોબર, 1847નાં રોજ જન્મેલાં એની બેસન્ટ પાંચ વર્ષનાં હતાં ત્યારે તેમનાં પિતાનું અવસાન થયું. કર્મ તેમનાં જીવનન મૂળમંત્ર હતો. ભારતની સ્વતંત્રતા માટે આજીવન કામ કરનાર એની બેસન્ટની મહાત્મા ગાંધીથી માંડીને તેમના સમયનાં તમામ સામાજિક નેતાઓએ પ્રશંસા કરી હતી. દેશની આઝાદી માટે તે દરેક બલિદાન આપવા તૈયાર હતાં. તેમનાં પ્રભાવને કારણે ભારતના અનેક સમાજ સેવકોને દેશ સેવા માટે તત્પર રહેવાની પ્રેરણા મળી.

એની બેસન્ટે 1913માં ભારતીય રાજકારણમાં સક્રિય રીતે ભાગ લેવાનું શરૂ કર્યું અને ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસમાં જોડાઈ ગયાં. 1917માં તેઓ કોંગ્રેસના પ્રમુખ પણ બન્યાં અને સતત ભારતની આઝાદીની માગણી કરતાં રહ્યાં. ભારત પ્રત્યે તેમનાં મનમાં અગાઢ પ્રેમ હતો. તેઓ મહિલાઓનાં ઉત્થાન અને શિક્ષણ માટે સતત કાર્ય કરતા રહ્યા. તેમણે સેન્ટ્રલ હિન્દુ કોલેજની શરૂઆત કરી હતી, જે બનારસ હિન્દુ યુનિવર્સિટીની પ્રારંભિક કોલેજોમાંની એક બની. એની બેસન્ટને ભારતમાં શિક્ષણના ક્ષેત્રે નોંધપાત્ર યોગદાન આપવા માટે 'ડોક્ટર ઓફ લેટર્સ'ની ડિગ્રી પ્રદાન કરવામાં આવી હતી. આજે કેન્દ્ર સરકાર એની બેસન્ટ જેવા લોકોએ દર્શાવેલા માર્ગે ચાલીને મહિલા ઉત્થાન અને તેમનાં શિક્ષણ માટે સતત પ્રયાસ કરી રહી છે. આ પ્રયાસ અંતર્ગત કેન્દ્ર સરકાર 'બેટી બચાવો, બેટી પઢાવો' જેવા કાર્યક્રમ ચલાવી રહી છે. એની બેસન્ટે લોકમાન્ય બાલ ગંગાધર તિલકની સાથે મળીને હોમરૂલ લીગની સ્થાપના કરી હતી, જે કોંગ્રેસ કરતા પણ વધુ સક્રિય હતી. હોમરૂલ એટલે કે એવી સ્થિતિ જેમાં દેશનું શાસન તેમાં રહેતા નાગરિકો દ્વારા જ ચલાવવામાં આવે. આ આંદોલને ભારતમાં રાષ્ટ્રીય આંદોલન દરમિયાન આવેલી સુષ્પતતાને સમાપ્ત કરી અને જન-માનસને સ્વતંત્રતા આંદોલન સાથે જોડવાનું કામ કર્યું. તેમણે 1914માં સાપ્તાહિક અખબાર 'કોમન વિલ'ની સ્થાપના કરી અને 'મદ્રાસ સ્ટાન્ડર્ડ'ને ખરીદીને તેને 'ન્યૂ ઈન્ડિયા' નામ આપ્યું. અત્યંત મુક્ત વિચારો ધરાવતાં એની બેસન્ટ દરેક દૂષણ સામે અવાજ ઉઠાવતાં રહ્યાં. બાળ વિવાહ, જાતિ વ્યવસ્થા, વિધવા વિવાહ જેવાં સામાજિક દૂષણો દૂર કરવા સતત પ્રયત્નશીલ રહ્યાં. એની બેસન્ટ આજીવન થિયોસોફિકલ સોસાયટીનાં અધ્યક્ષ રહ્યાં. 86 વર્ષની ઉંમરમાં તેમનું અવસાન થયું. તેમની ઈચ્છા પ્રમાણે બનારસમાં ગંગા ઘાટ પર તેમનાં અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા અને તેમની અસ્થિઓને ગંગામાં વિસર્જિત કરવામાં આવી.

પ્રયાસ કરી રહી છે, જેથી દેશમાં કોઈ પરિવાર ભૂખ્યો ન સુવે. કેન્દ્ર સરકારની આ યોજના દ્વારા 80 કરોડ લોકોને લાભ મળી રહ્યો છે. ઉડીશામાં જ્યારે પણ રાષ્ટ્રીયતા અને સ્વતંત્રતા સંગ્રામની વાત નીકળે ત્યારે લોકો ગોપબંધુ દાસનું નામ બહુ આદરથી લે છે. તેઓ ઓડિશામાં રાષ્ટ્રીય ચેતનાના દૂત હતા. તેમણે ભારતીય સ્વતંત્રતા સંગ્રામમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો, જેને કારણે અનેક વાર જેલમાં પણ જવું પડ્યું. તેમનાંમાં બાળપણથી જ રાષ્ટ્રીયતાની ભાવના હતી. તેમણે ભારતમાં શિક્ષણના પ્રચાર અને પ્રસારમાં મોટું કામ કર્યું. 1909માં તેમણે એવી હાઈસ્કુલની સ્થાપના કરી, જેમાં શાંતિનિકેતનની જેમ ખુલ્લા વાતાવરણમાં શિક્ષણ આપવાનો પ્રયોગ કર્યો. તેમની કવિતા મર્મસ્પર્શી હતી અને સ્વતંત્રતા આંદોલન દરમિયાન તેમની કવિતાઓએ લોકોમાં રાષ્ટ્રપ્રેમ જગાવવાનું કામ કર્યું. ગોપબંધુ દાસે 1919માં 'સમાજ' નામનું અખબાર પણ શરૂ કર્યું. તેઓ સાદગીનો પર્યાય હતા, જેઓ માત્ર દાળભાત પર જીવતા હતા. આ ઘટનાનો ઉલ્લેખ કરતા ભારતના ભૂતપુર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીએ એક વાર કહ્યું હતું, 1921માં ઉડિશાની તેમની યાત્રા દરમિયાન તેમનાં પર ગાંધીજીની નજર પડી, તો તેમને પૂછ્યું, આ રીતે અપૂરતું ભોજન લેવાથી તેમનાં પર ખરાબ અસર નહીં પડે? ગોપબંધુએ જવાબ આપ્યો, તેઓ સ્વરાજ મેળવવા ઈચ્છુક છે. ગાંધીજીએ તેમના લેખ 'માય ઉડિશા ટુર'માં ગોપબંધુના દ્રઢ વિશ્વાસની પ્રશંસા કરી અને લખ્યું કે. જો તેઓ ભારતમાં 100 ગોપબંધુઓને એકત્ર કરી શકે તો ભારતને મુક્ત કરી શકશે. ●

**ગોપબંધુ દાસે 1919માં સમાજ નામનું એક સાપ્તાહિક અખબાર શરૂ કર્યું હતું, જે 1930માં દૈનિક અખબાર બની ગયું. ઉત્કલ મણિ ગોપબંધુ દાસ એવી વ્યક્તિ હતા, જે સાદગીનું પ્રતીક હતા અને ભોજનમાં માત્ર દાળ ભાત જ લેતા હતા.**

# સર્વગ્રાહી શિક્ષણ પ્રણાલિથી રાષ્ટ્રીય સ્તરે ક્રાંતિકારી પરિવર્તન

સર્વગ્રાહી વિચાર સાથે શરૂ થયેલી નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ છેલ્લાં એક વર્ષમાં વિવિધ પહેલ દ્વારા શિક્ષણ અને અભ્યાસ પ્રક્રિયાનું સ્વરૂપ બદલી રહી છે કારણ કે આ માત્ર એક નીતિ નથી, પણ પરિવર્તનનો વિચાર છે, જે નવા ભારતનો પાયો ચણશે, જયાં આવનારી પેઢી આકાશે આંબવાનું સ્વપ્ન જોતી હશે અને પોતાનું આકાશ પોતે જ બનાવશે અને તેમાં તારાઓની જેમ ઝગમગશે. આ વિચારધારા સાથે 7 સપ્ટેમ્બરે 'શિક્ષક પર્વ'ના પ્રથમ સંમેલનમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પાંચ નવી પહેલનો શુભારંભ કર્યો..

મોટાં અને દૂરોગામી લક્ષ્ય હાંસલ કરવા માટે દ્રઢ નિશ્ચયનો સંકલ્પ લઈને થાક્યા વિના સતત ચાલતા રહેવું પડે છે. આ સંકલ્પને સાકાર કરવાની દિશામાં આગળ વધી રહેલી કેન્દ્ર સરકાર શિક્ષણ ક્ષેત્રમાં નવી ક્રાંતિ માટે નવી પહેલ કરી રહી છે. શિક્ષક દિવસ સાથે સંકળાયેલા સમારોહ અંતર્ગત પ્રથમ વાર 'શિક્ષક પર્વ'નું આયોજન કરવામાં આવ્યું. આ પ્રસંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ખાસ કરીને એ બાબતનો ઉલ્લેખ કર્યો કે સરકારની નવી પહેલ અભ્યાસ ક્ષેત્રમાં ક્રાંતિ લાવશે અને ભારતીય શિક્ષણ પ્રણાલિને વૈશ્વિક નકશા પર પ્રસ્થાપિત કરશે. તેમણે કહ્યું કે, વિદ્યાંજલિ પોર્ટલ દ્વારા શાળાઓમાં નિવૃત્ત શિક્ષકો, વૈજ્ઞાનિકો, વ્યાવસાયિકો વગેરે સ્વૈચ્છિક સેવાઓ આપવા સક્ષમ બનશે, કારણે કે વિદ્યાજલિ 2.O ભારતની સદીઓ જૂની ગુરૂ વિદ્યા પરંપરા અને જનભાગીદારી પર આધારિત છે. તેમનાં જણાવ્યા પ્રમાણે સરકાર શિક્ષણ ક્ષેત્રમાં વ્યાપક પરિવર્તન લાવી રહી છે અને ખાનગી ક્ષેત્રનાં પ્રદાનનું સ્વાગત કરે છે.

## શિક્ષક પર્વ પ્રસંગે વડાપ્રધાનના સંબોધનના મુખ્ય અંશોઃ

### હવે બોલતું પુસ્તક શિક્ષણનો ભાગ

- શિક્ષણ સમાવેશી અને સમાન હોવું જોઇએ. 'ટોકિંગ બુક્સ' અને 'ઓડિયો બુક્સ'ને હવે શિક્ષણનો હિસ્સો બનાવવામાં આવી રહ્યા છે.
- NCERTની વેબસાઇટ, ઇ-પાઠશાલા, દીક્ષા પોર્ટલ અને મોબાઇલ એપ પર પીડીએફ, ફ્લિપબુક અને ઇ-પબ ફોર્મેટમાં 377 પુસ્તકો ઉપલબ્ધ છે.
- દ્રષ્ટિહીન વિદ્યાર્થીઓ માટે ટેક્સ્ટ-ટુ-સ્પીચ (TTS) માટે NCERT પાઠ્યપુસ્તકોની ઇ-પબ આવૃત્તિઓ વિક્સાવવામાં આવી રહી છે.
- NCERT પાઠ્યપુસ્તકોના 1990 સિલેબસના ઓડિયો આધારિત પ્રકરણ દીક્ષા પોર્ટલ પર અપલોડ કરવામાં

## વિશ્વ સ્તરીય શિક્ષણ માટે પરિવર્તન

- આપણે આપણા શિક્ષણ ક્ષેત્રને વિશ્વ સ્તરીય બનાવવા માટે આપણી શિક્ષણ અને શીખવાની પ્રક્રિયાને સતત પુનઃવ્યાખ્યાયિત અને પરિવર્તિત કરવી પડશે.
- નિષ્ઠા 3.0 યોગ્યતા આધારિત શિક્ષણ, આર્ટ્સ ઈન્ટીગ્રેશન, ક્રિએટીવ અને ક્રિટિકલ થિન્કિંગને પ્રોત્સાહન આપશે.
- વિદ્યાંજલિ 2. 0 આપણી સદીઓ જૂની ગુરૂ વિદ્યા પરંપરા અને જનભાગીદારી પર આધારિત છે
- પ્રાથમિક અને પૂર્વ પ્રાથમિક ગ્રેડના લગભગ 25 લાખ શિક્ષકોને તાલીમ આપવામાં આવશે

## શિક્ષણની વૈશ્વિક શક્તિ-ભારતીય સંસ્કાર

- વિદ્યાર્થીઓ અને  બધિર વ્યક્તિઓ માટે 10,000 શબ્દોની ભારતીય સાંકેતિક ભાષા (ISL) શબ્દકોષનો વિકાસ કરવામાં આવ્યો છે.
- શાળાકીય શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે વ્યાપક અને સમગ્ર માળખું-સ્કુલ ક્વોલિટી એસેસમેન્ટ એન્ડ એશ્યોરન્સ (SQAA) વિક્સાવવામાં આવ્યું છે.
- શાળાકીય શિક્ષણમાં ઉત્કૃષ્ટતાના માપદંડો રાજ્યો માટે મોડલ તરીકે કામ કરશે.

## હવે બાળકો સાકાર કરશે પોતાનાં સપના

- ટોક્યો-2020માં ભારતીય પેરાલિમ્પિકના ઉત્તમ દેખાવે યુવાનોને પ્રેરણા આપવામાં મહત્વની ભૂમિકા ભજવી છે.
- હાલમાં આપણે અમૃત મહોત્સવ મનાવી રહ્યા છીએ ત્યારે આપણા ઓલિમ્પિયન્સ ઓછામાં ઓછી 75 શાળાઓમાં જશે અને વિદ્યાર્થીઓને પોતાના સ્વપ્નો સાકાર કરવા માટે પ્રેરિત કરશે
- આ કાર્યક્રમો શાળાઓમાં સ્થાપિત રમતગમત આધારિત પહેલને પ્રોત્સાહિત કરશે
- નેશનલ ડિજિટલ એજ્યુકેશન આર્કિટેક્ચર (N-DEAR) અસમાનતાને દૂર કરવા માટે મોટી ભૂમિકા ભજવવા જઈ રહ્યું છે અને તમામ શૈક્ષણિક પ્રવૃત્તિઓ વચ્ચે સુપર કનેક્ટ તરીકે

શિક્ષક પર્વ પર વડાપ્રધાનનું સંબોધન સાંભળવા માટે ક્યુઆર કોડ સ્કેન કરો

## નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિની પાંચ નવી પહેલ

### ભારતીય સાંકેતિક ભાષા શબ્દકોષ

ભારતીય સાંકેતિક ભાષા સંશોધન અને તાલીમ કેન્દ્ર દ્વારા વિદ્યાર્થીઓના ભાષા કૌશલ્યને વધારવા માટે ભારતીય સાંકેતિક ભાષાઓ (ISL) શબ્દકોષના 10,000 શબ્દો વિક્સાવવામાં આવ્યા છે. તેમાં શાળાકીય શિક્ષણનાં સ્તરે યુનિવર્સલ ડિઝાઈન ઓફ લર્નિંગ (UDL)ને અનુરુપ ISL, સ્પીચ અને ટેક્સ્ટ ત્રણેયનો સમાવેશ કરીને દીક્ષા પોર્ટલ પર અપલોડ કરવામાં આવ્યાં છે. તેનાથી બધિર શિક્ષકો સહિત 13 લાખ વિદ્યાર્થીઓને લાભ થશે અને તેનાથી વિષયને સમજવામાં અને ભણાવવામાં પણ મદદ મળશે.

### બોલતાં પુસ્તક (ટોકિંગ બુક્સ)

નવી નીતિમાં દ્રષ્ટિહીન વિદ્યાર્થીઓ માટે NCERTનાં તમામ પાઠ્યપુસ્તકોની ઇ-પબ આવૃત્તિઓને ટેક્સ્ટ-ટુ-સ્પીચને અનુકુળ બનાવવામાં આવી છે. આ ઉપરાંત NCERTએ લેસન આધારિત 2,000 ઓડિયો પણ તૈયાર કર્યા છે. આ તમામ સામગ્રી NCERTની વેબસાઇટ, ઇ-પાઠશાલા અને દીક્ષા પોર્ટલ તથા મોબાઇલ એપ પર ઉપલબ્ધ છે. આ 25 લાખ દિવ્યાંગ વિદ્યાર્થીઓ, ખાસ કરીને અંધ છાત્રોને અભ્યાસ માટે વરદાનરૂપ સાબિત થશે.

નિષ્ઠા 3.0- NCERT દ્વારા શિક્ષકોના 'ફાઉન્ડેશન લિટરસી એન્ડ ન્યુમરસી' (FLN) માટે રમતગમત, ગીત, ક્રાફ્ટ એક્ટિવિટી અને રમકડાં આધારિત શીખવાની પ્રક્રિયા માટે તાલીમનો વિશેષ કોર્સ વિક્સિત કરવામાં આવ્યો છે. નિષ્ઠા 3.0 તાલીમ દીક્ષા પ્લેટફોર્મ પર ઓનલાઇન આયોજીત કરવામાં આવશે. તે પ્રાદેશિક ભાષાઓમાં પણ ઉપલબ્ધ છે. આ તાલીમનો લાભ 25 લાખ શિક્ષક અને હેડમાસ્ટરને થશે.

### વિદ્યાંજલિ 2

વિદ્યાંજલિ પોર્ટલ કમ્યુનિટી અને સ્વયંસેવકોને તેમની પસંદગીની સરકારી અને સરકારી અનુદાન ધરાવતી શાળાઓ સાથે સીધો સંપર્ક કરાવી આપે છે. તેનાંથી કોઈ પણ વર્તમાન અને નિવૃત્ત શિક્ષક સરકારી, અર્ધસરકારી, અધિકારી, ગૃહિણી સહિતની કોઈ પણ સાક્ષર વ્યક્તિ સ્વેચ્છાએ યોગદાન કરી શકે છે.

### સ્કુલ ક્વોલિટી એસેસમેન્ટ એન્ડ એશ્યોરન્સ (SQAA)

નવી શિક્ષણ નીતિ પ્રમાણે કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડ, કેન્દ્રીય વિદ્યાલયો, નવોદય વિદ્યાલયો માટે સ્ટાન્ડર્ડ સેટિંગ ઓથોરિટી (SSA) તરીકે કામ કરશે. સીબીએસઈએ શાળાકીય કામકાજના તમામ ક્ષેત્રોને સામેલ કરતા SQAA આધારિત એક માળખું તૈયાર કર્યું છે. આ સેલ્ફ ડેક્લરેશન પર આધારિત છે. તેમાં 25606 શાળાઓ (25 દેશોમાં 250 શાળાઓ સહિત), લગભગ બે કરોડ બાળકો અને 10 લાખ શિક્ષકનો સમાવેશ થાય છે.

# ભારતના ભવિષ્યનું ઘડતર કરી રહેલા શિક્ષકો

**એક સારો શિક્ષક વ્યક્તિત્વની સાથે સાથે સમાજ અને રાષ્ટ્રનું નિર્માણ પણ કરે છે, કારણ કે વિદ્યાર્થીઓની પ્રતિભાને યોગ્ય મંચ પૂરો પાડીને તેને સજ્જ કરવાની જવાબદારી શિક્ષકની જ હોય છે. એટલાં માટે જ લોકો  શિક્ષકોને આજીવન યાદ કરે છે. આવા શિક્ષકો સન્માન અને આદરના પાત્ર પણ હોય છે. દેશભરના આવા 44 શિક્ષકોને રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે 5 સપ્ટેમ્બરનાં રોજ વર્ચ્યુઅલ સમારોહમાં રાષ્ટ્રીય પુરસ્કારોથી સન્માનિત કર્યા...**



## ચંદના દત્તા

ગવર્મેન્ટ સેન્ટ્રલ સ્કુલ,
રાંટી, મધુબની, બિહાર

શિક્ષિકા ચંદના દત્તાના પ્રયાસોને કારણે  હવે મધુબનીમાં રાંટીની ગવર્મેન્ટ સેન્ટ્રલ સ્કુલમાં વિદ્યાર્થીનીઓની સંખ્યા 60 ટકા સુધી પહોંચી ગઈ છે. તેઓ જ્યારે શિક્ષક તરીકે જોડાયા ત્યારે શાળામાં કોઈ વિદ્યાર્થીની ભણતી નહોતી. તેમણે અભિયાન ચલાવીને ગ્રામીણ જનતાને પોતાની પુત્રીઓને શાળામાં મોકલવા માટે પ્રોત્સાહિત કરી મોટા ભાગની વિદ્યાર્થીનીઓ લઘુમતી સમુદાય અને ગરીબ પરિવારની છે.



## અચલા વર્મા

બિરલા બાલિકા વિદ્યાપીઠ
પિલાની, રાજસ્થાન

પિલાનીની બિરલા બાલિકા વિદ્યાપીઠની શિક્ષિકા અચલા વર્માએ ગણિત જેવા અઘરાં વિષયને પણ વિદ્યાર્થીનીઓ માટે અત્યંત સરળ બનાવી દીધો છે. તેમની વિદ્યાર્થીનીઓ ક્લાસરૂમમાં નહીં, મેદાનમાં ત્રિકોણમિતિ ભણે છે. વર્માએ અભ્યાસમાં બે બાબતો પર સૌથી વધુ ફોકસ કર્યું. ટેકનોલોજી ઈન્ટીગ્રેશન અને રિસર્ચ આધારિત લર્નિંગ. એટલું જ નહીં, અચલા વર્મા પોતાની વિદ્યાર્થીનીઓને સાયન્સ ટ્રિપ પર નાસા પણ લઈ ગયાં છે.



## પ્રમોદ કુમાર

એકલવ્ય મોડલ
રેસિડેન્શિયલ સ્કુલ,
બસ્તર, છત્તીસગઢ

છત્તીસગઢના બસ્તરમાં એકલવ્ય મોડલ રેસિડેન્શિયલ સ્કુલના લેક્ચરર પ્રમોદકુમાર શુક્લા આદિવાસી બાળકોને અંગ્રેજી વિષયમાં સક્ષમ બનાવે છે. એટલું જ નહીં, તેમણે કોવિડ મહામારી દરમિયાન વિદ્યાર્થીઓ સુધી પહોંચીને ઓનલાઈન સામગ્રી પણ ઉપલબ્ધ કરાવી છે. તેઓ કહે છે, “ઈનોવેટિવ આઈડિયા ડેવલપ કરવામાં આવે તો બાળકોમાં શીખવાનો રસ વધી જાય છે.”



## મમતા પાલીવાલ

ગવર્મેન્ટ ગર્લ્સ હાયર
સેકન્ડરી સ્કુલ, ભિવાની,
હરિયાણા

ભિવાનીની ગવર્મેન્ટ ગર્લ્સ હાયર સેકન્ડરી સ્કુલની ગણિતની શિક્ષિકા મમતા પાલીવાલ પોતાની વિદ્યાર્થીનીઓને સરળ અને મજા પડે તે રીતે ગણિત ભણાવવામાં માને છે. તે ગણિતને 3ડી મોડલ અને ઈન્ટરએક્ટિવ ટુલ્સ દ્વારા ભણાવે છે. મમતા કહે છે, પ્રોત્સાહન દ્વારા બાળકોમાં નવી પધ્ધતિઓ દ્વારા રસ પેદા કરીએ તો ભણવાનું અને ભણાવવાનું બંને સરળ થઈ જાય છે.



## આશા દેવી

પંચાયત યુનિયન મિડલ
સ્કુલ, તિરુચિરાપલ્લી,
તામિલનાડુ

તમિલનાડુના તિરુચિરાપલ્લીની પંચાયત યુનિયન મિડલ સ્કુલની હેડમિસ્ટ્રેસ આશા દેવી માતા-પિતાને તેમનાં બાળકોને સ્કુલમાં એડમિશન કરાવવા માટે અનોખી રીતે મનાવે છે. આશા દેવીના આ પ્રયાસના પરિણામે આજે તેમની સ્કુલમાં બાળકોની સંખ્યા સાત ગણાથી વધી ગઈ છે. ●

શિક્ષક દિવસ સન્માન સમારોહ અને સન્માનિત થનારા શિક્ષકોનો સંપૂર્ણ વિડિયો જોવા માટે ક્યુઆર કોડ સ્કેન કરો.



**PMO India** @PMOIndia
जब समाज मिलकर कुछ करता है, तो इच्छित परिणाम अवश्य मिलते हैं। और आपने ये देखा है कि बीते कुछ वर्ष में जनभागीदारी अब फिर भारत का नेशनल कैरेक्टर बनता जा रहा है।

पिछले 6-7 वर्षों में जनभागीदारी की ताकत से भारत में ऐसे-ऐसे कार्य हुए हैं, जिनकी कोई कल्पना भी नहीं कर सकता था: PM



**रक्षा मंत्री कार्यालय/ RMO India**
मैं समझता हूँ, कि सशक्त सेनाओं से केवल देश की सीमाई सुरक्षा ही मज़बूत नहीं होती है, बल्कि देश का over-all growth भी सुनिश्चित होता है। इस प्रकार, आज हम इस programme के handing over के अवसर पर, देश की सुरक्षा और समग्र विकास के अपने संकल्प को दोहराते हैं: रक्षा मंत्री



**Amit Shah** @AmitShah
वो जमाना गया जब हिंदी बोलने में संकोच होता था, देश के प्रधानमंत्री @narendramodi जी अंतर्राष्ट्रीय मंचों पर भी हिंदी में बोलते हैं।

किसी भी व्यक्ति के मूल्यांकन का आधार उसके विचार, कार्य, बुद्धिमत्ता, कर्मठता और निष्ठा होनी चाहिए, भाषा तो सिर्फ अभिव्यक्ति का माध्यम होती है।



**Office Of Nitin Gadkari** @OfficeOfNG
इस मानसून सीजन में अब तक तालाब में 6 करोड़ लीटर पानी जमा हो चुका है। आगे भी इससे भूजल में भी वृद्धि होने में मदद होगी।

इसके अलावा, भविष्य में इन तालाबों के माध्यम से उपलब्ध 393 लाख क्यूबिक मीटर के विशाल जल संचय से खेत और पूरे क्षेत्र की पानी की कमी की समस्या को स्थायी रूप से हल करना संभव होगा।



**Gajendra Singh Shekhawat**
Women are always at the centre of our PM @narendramodi ji's #SabkaSaathSabkaVikas philosophy and it's wonderful to see how #HarGharJal too has been able to empower them as not just beneficiaries but also to spearhead rural transformation.



**Mansukh Mandaviya** @man...
Congratulations India! 🇮🇳

PM @NarendraModi के सबका साथ, सबका प्रयास के मंत्र के साथ विश्व का सबसे बड़ा टीकाकरण अभियान निरंतर नए आयाम गढ़ रहा है। #AazadiKaAmritMahotsav यानि आज़ादी के 75वें वर्ष में देश ने 75 करोड़ टीकाकरण के आँकड़े को पार कर लिया है।

---

**खुशी के पल** | प्रधानमंत्री ने टोक्यो पैरालिपिक में भाग लेने वाले खिलाड़ियों से मुलाकात का वीडियो सार्वजनिक किया, मोदी ने खिलाड़ियों को समर्थन करने का वादा किया

# मुझे पैरा खिलाड़ियों से प्रेरणा मिलती है: प्रधानमंत्री मोदी

जागरण न्यूज नेटवर्क, नई दिल्ली: प्रधानमंत्री नरेन्द्र मोदी ने टोक्यो पैरालिंपिक में शानदार प्रदर्शन करने वाले खिलाड़ियों की तारीफ की और उन्हें शाबासी देते हुए कहा कि उन्हें प्रतिस्पर्धा पेश करते हुए देखकर वह खुद को प्रेरित महसूस करते हैं।

भारत ने टोक्यो पैरालिंपिक में बेहतरीन प्रदर्शन करते हुए पांच स्वर्ण सहित 19 पदक जीते। इस प्रदर्शन की सराहना करते हुए मोदी ने कहा कि भारत के स्टार पैरा खिलाड़ी देश को काफी कुछ दे सकते हैं और उनसे अपील की कि वे खेल के मैदान के बाहर भी बदलाव लाने के लिए भूमिका निभाएं।



पैरालिंपिक खिलाड़ियों के साथ प्रधानमंत्री नरेन्द्र मोदी • फाइल फोटो, प्रेट्र

मोदी ने गुरुवार को पैरा खिलाड़ियों से मुलाकात की, जिसका वीडियो रविवार को सार्वजनिक किया गया। उन्होंने इसमें कहा, 'मुझे आप सभी से प्रेरणा मिलती है।' खिलाड़ियों ने प्रधानमंत्री को अपना निजी सामान और आटोग्राफ वाला स्टोल दिया। प्रधानमंत्री ने कहा, 'आपने हारी हुई मानसिकता को हरा दिया, बहुत बड़ी बात है। आपकी छोटी चीजें भी देश को काफी प्रेरित कर सकती हैं, आप आगे देश को कैसे प्रेरित करोगे। आप स्कूलों आदि में जा सकते हो। खेल की दुनिया के अलावा आप देश के लिए कुछ और भी कर सकते हो और बदलाव लाने में मदद कर सकते हो।'

**खिलाड़ी बहुत कुछ दे सकते हैं :** मोदी ने खिलाड़ियों के समर्थन का वादा किया और कहा कि पूरा देश खेल जगत के उत्कृष्टता हासिल करने के सपने को साझा करता है। उन्होंने कहा, 'आप काफी कुछ दे सकते हैं। भविष्य अच्छा है। मैं हमेशा आपका साथ देने के लिए मौजूद हूं, आपका सपना हमारा सपना है और इसे साकार करने के लिए जो भी करना होगा मैं करूंगा।' प्रधानमंत्री ने टोक्यो 2020 पैरालिंपिक में हिस्सा लेने वाले भारतीय दल की नाश्ते पर अपने निवास पर मेजबानी की थी।

**कृष्णा से प्रभावित हुए प्रधानमंत्री :** मोदी ने स्वर्ण विजेता बैडमिंटन खिलाड़ी कृष्णा नागर से अपने पदक को कोविड-19 योद्धाओं को समर्पित करने के विचार के बारे में पूछा। मोदी ने कहा, 'यह बात मेरे दिल को छू गई, लेकिन जब आपने यह किया तो आप क्या सोच रहे थे? नागर ने कहा, 'मैंने देखा कि स्वास्थ्यकर्मी अपनी परवाह किए बगैर अपना काम कर रहे हैं, इसी से प्रेरित होकर मैंने ऐसा कहा।'

**मोदी से मिलने के लिए कुछ भी करने के लिए तैयार थीं भाविना:** रजत विजेता टेबल टेनिस खिलाड़ी भाविना पटेल ने रहस्योद्घाटन किया कि खेलों के दौरान उन्हें वायरल संक्रमण और बुखार का सामना करना पड़ा। उन्होंने कहा, 'इसके कारण मेरा पहला मुकाबला अच्छा नहीं रहा। यह मुश्किल दिन था, लेकिन मैंने विदाई के दौरान आपके शब्दों के बारे में सोचा और उस दिन मैं आपसे मुलाकात करने वाले लोगों में शामिल नहीं थी, इसलिए मैंने फैसला किया कि आपसे मिलने के लिए मैं कुछ भी करूंगी। मैंने साथ ही सोचा कि शायद यह मेरा एकमात्र मौका है।' मोदी ने कहा, 'कभी नकारात्मक मत सोचो।' मोदी ने बातचीत के दौरान रिकार्ड तोड़ प्रदर्शन के लिए खिलाड़ियों को बधाई दी। पैरालिंपिक का आयोजन टोक्यो में 24 अगस्त से पांच सितंबर के बीच किया गया जहां भारत ने अपना अब तक का सबसे बड़ा दल भेजा। भारत के 54 खिलाड़ियों ने नौ खेलों में हिस्सा लिया। भारत ने पांच स्वर्ण के अलावा आठ रजत और छह कांस्य पदक भी जीते। प्रधानमंत्री ने कहा कि पैरा खिलाड़ियों की उपलब्धि से देश में खेल संस्कृति विकसित करने में मदद मिलेगी। उन्होंने कहा, 'दिव्यांग खिलाड़ियों को कोचिंग देने को लेकर कार्यशाला के आयोजन की जरूरत है, एक किताब भी लिखी जा सकती है।'

### अवनि को याद थी पीएम की सीख

टोक्यो खेलों में स्वर्ण और दो पदक जीतने वाली पहली भारतीय महिला अवनि लेखरा ने कहा, 'जैसा कि आपने विदाई के दौरान कहा था, अपना सर्वश्रेष्ठ देना और कोई दबाव मत लेना, मैंने खेलों के दौरान यही किया। इस पर कायम रहने से ही पदक मिले।' ओलिंपिक में हिस्सा लेकर लौटे खिलाड़ियों की तरह प्रधानमंत्री ने पैरा खिलाड़ियों को भी सलाह दी कि वे सफलता को अपने दिमाग पर हावी नहीं होने दें और हार को अपने मन को परेशान न करने दें। पैरा खिलाड़ियों ने उन्हें आमंत्रित करने के लिए प्रधानमंत्री को धन्यवाद देते हुए कहा कि उनके साथ बैठकर वे सम्मानित महसूस कर रहे हैं और उनके लिए यह बड़ी उपलब्धि है। इस सत्र के दौरान 2004 एथेंस खेलों में अपना पहला स्वर्ण पदक जीतने वाले देवेंद्र झाझरिया ने कहा कि यूनान की राजधानी में उनके प्रतिस्पर्धा पेश करने के लिए उनकी मां को अपने जेवर बेचने पड़े थे। उन्होंने इस तरह तब से आए बदलाव के बारे में बताया। खिलाड़ियों के लिए यह हैरानी भरा रहा कि प्रधानमंत्री नरेन्द्र मोदी को अतीत में उन्होंने जिन मुश्किल हालात का सामना किया उसकी भी जानकारी थी।

---

# 9/11 जैसी त्रासदियों का समाधान मानवीय मूल्यों में : प्रधानमंत्री



---

# अफगानिस्तान पर एकजुट हो विश्व : भारत

भारत और आस्ट्रेलिया की पहली टू प्लस टू वार्ता के केंद्र में रहे अफगानिस्तान के मौजूदा हालात



---

# प्रधानमंत्री जल्द ही शुरू कर सकते हैं 'राष्ट्रीय खुफिया ग्रिड'

नई दिल्ली, 12 सितंबर (भाषा)।

*इसका लक्ष्य* भारत की आतंकवाद-रोधी क्षमताओं को बढ़ाने के लिए अत्याधुनिक प्रौद्योगिकी प्रदान करना है

प्रधानमंत्री नरेंद्र मोदी द्वारा राष्ट्रीय खुफिया ग्रिड (नेटग्रिड) को जल्द ही शुरू करने की उम्मीद है। इसका लक्ष्य भारत की आतंकवाद-रोधी क्षमताओं को बढ़ाने के लिए अत्याधुनिक प्रौद्योगिकी प्रदान करना है। सूत्रों ने यह जानकारी दी है।

सूत्रों ने बताया कि महत्वाकांक्षी इलेक्ट्रॉनिक डेटाबेस का अंतिम 'तादात्म्य और परीक्षण' किया जा रहा है ताकि इसे शुरू किया जा सके। मुंबई में 26 नवंबर 2008 को किए गए आतंकवादी हमले के बाद इसका विचार आया था। केंद्रीय गृह मंत्री अमित शाह ने हाल में संकेत दिया था कि नेटग्रिड को जल्द ही शुरू किया जा सकता है। इसकी अवधारणा यह है कि आतंकवादियों को लेकर सूचनाओं का निर्बाध और सुरक्षित ... कोरोना (कोविड-19) नहीं आया होता तो प्रधानमंत्री नेटग्रिड को देश को समर्पित कर चुके होते।' नेटग्रिड की अवधारणा एक ऐसे तंत्र के रूप में की गई है जो डेटा की मदद से संदिग्धों का पता लगाए और आतंकवादी हमलों को रोके तथा उसकी आव्रजन, बैंकिंग, व्यक्तिगत आयकर, हवाई व ट्रेन यात्रा जैसी गुप्त सूचना तक पहुंच हो।

मुंबई में 2008 में हुए 26/11 के हमलों के दौरान आतंकवादियों ने शहर की घेराबंदी की, ... के तहत 10 उपयोगकर्ता एजेंसियों और 21 सेवा प्रदाताओं को नेटग्रिड से जोड़ा जाएगा जबकि बाद के चरणों में करीब 950 संगठनों को इससे जोड़ा जाएगा। बाद के वर्षों में एक हजार से ज्यादा संगठनों को नेटग्रिड से जोड़ा जाएगा। इन डेटा स्रोतों में आव्रजन प्रवेश व निकास संबंधी जानकारी, बैंक संबंधी व आर्थिक लेन-देन तथा फोन का रिकॉर्ड शामिल होगा। देश की प्रतिष्ठित संघीय एजेंसियों की नेटग्रिड डेटाबेस तक पहुंच होगी। इनमें केंद्रीय अन्वेषण ब्यूरो, राजस्व खुफिया निदेशालय, प्रवर्तन निदेशालय, केंद्रीय अप्रत्यक्ष कर एवं सीमाशुल्क बोर्ड, केंद्रीय प्रत्यक्ष कर (आयकर विभाग के लिए), कैबिनेट सचिवालय, खुफिया ब्यूरो, जीएसटी खुफिया महानिदेशालय, स्वापक नियंत्रण ब्यूरो, वित्तीय खुफिया इकाई और राष्ट्रीय अन्वेषण अभिकरण शामिल हैं। सुरक्षा मामलों की कैबिनेट समिति ...

---

# प्रधानमंत्री मोदी से मिले आस्ट्रेलिया के विदेश व रक्षा मंत्री

नई दिल्ली, 11 सितंबर (भाषा)।

आस्ट्रेलिया के विदेश व रक्षा मंत्रियों की प्रधानमंत्री नरेंद्र मोदी के साथ शनिवार को हुई बैठक में एक नियम आधारित अंतरराष्ट्रीय व्यवस्था और खुले व समावेशी हिंद-प्रशांत क्षेत्र के प्रति दोनों देशों की साझा प्रतिबद्धता पर चर्चा हुई। आस्ट्रेलियाई विदेश मंत्री मारिस पायने ने कहा कि बैठक में साझा प्रतिबद्धता पर चर्चा की गई। पायने और आस्ट्रेलिया के रक्षा मंत्री पीटर डटन ने अपने भारतीय समकक्षों एस जयशंकर तथा राजनाथ सिंह के साथ 'टू प्लस टू' वार्ता के बाद मोदी से मुलाकात की।

पायने ने ट्वीट किया, 'आस्ट्रेलिया और भारत लंबे समय से सहयोगी हैं। प्रधानमंत्री नरेंद्र मोदी के साथ हमारी बैठक में, हमने एक नियम आधारित अंतरराष्ट्रीय व्यवस्था और खुला, समावेशी हिंद-प्रशांत क्षेत्र व आस्ट्रेलिया-भारत आर्थिक संबंध मजबूत करने के प्रति अपने राष्ट्रों की साझा प्रतिबद्धता पर चर्चा की।'

---

# प्रधानमंत्री ने पैरा खिलाड़ियों से मुलाकात का वीडियो किया जारी




नई दिल्ली : पैरालंपिक खिलाड़ियों से मुलाकात के दौरान प्रधानमंत्री मोदी।

RNI No. :
DELGUJ/2020/78810
October, 1-15, 2021

New India SAMACHAR Fortnightly

RNI Registered No DELGUJ/2020/78810, Delhi Postal License No DL(S)-1/3554/2020-22, WPP NO U (S)-102/2020-22, posting at BPC, Meghdoot Bhawan, New Delhi - 110 001 on 26-30 advance Fortnightly (Publishing Date September 20, 2021, Pages - 48)




"માન્યતાઓ તમારા વિચારો બની જાય છે, તમારા વિચારો તમારા શબ્દો બની જાય છે, તમારાં શબ્દો તમારાં કાર્યો બની જાય છે, તમારાં કાર્યો તમારી આદત બની જાય છે, તમારી આદત તમારાં મૂલ્યો બની જાય છે, તમારાં મૂલ્યો તમારી નિયતી બની જાય છે

mkgandhi

-મહાત્મા ગાંધી

"આપણે ગાંધીજયંતીએ પ્રિય બાપુને નમન કરીએ છીએ. તેમનાં જીવન અને મહાન વિચારોમાંથી શીખવા માટે ઘણું બધું છે. બાપુનાં આદર્શ આપણને સમૃધ્ધ અને દયાળુ ભારત બનાવવા માટે માર્ગદર્શન કરતા રહેશે.

-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન

Editor
Jaideep Bhatnagar,
Principal Director General,
Press Information Bureau, New Delhi

Published & Printed by:
Satyendra Prakash, Principal Director General, BOC on behalf of Bureau of Outreach and Communication

Published from
Room No–278, Bureau of Outreach and Communication, 2nd Floor, Soochna Bhawan, New Delhi -110003

Printed at Aravali Printers & Publishers Pvt. Ltd., Okhla Industrial Area Phase-II, New Delhi-110020